અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ મે ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૯ | અંક : ૩૧૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# ભારતના ૧૧ રાજ્યોમાં ફેલાયો કોરોના, કેરળમાં સૌથી વધુ કેસ

## ભારતમાં પણ અનેક રાજ્યોમાં કેસોમાં વધારો થતાં ફરી લોકોની ચિંતા વધી ગઈ છે : નવા વેરિયન્ટની સૌથી વધુ અસર મહારાષ્ટ્રમાં જોવા મળી રહી છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।
ભારત સહિત વિશ્વભરમાં કોરોનાના કેસોમાં ફરી વધારો થયો છે. ભારતમાં પણ અનેક રાજ્યોમાં કેસોમાં વધારો થતાં ફરી લોકોની ચિંતા વધી ગઈ છે. સરકારી આંકડા મુજબ કોરોનાના નવા વેરિયન્ટે દેશની રાજધાની સહિત કુલ ૧૧ રાજ્યોને ઝપેટમાં લીધા છે. ડેટા મુજબ દેશમાં નવા વેરિયન્ટના અત્યાર સુધીમાં કુલ ૨૫૭ કેસો સક્રિય છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના કોવિડ ડેશબોર્ડ પર ૨૦ મે સુધીના દર્શાવેલા ડેટા મુજબ, દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૨૫૭ સક્રિય કેસો છે અને તેમાં ૧૬૪ કેસો નવા નોંધવામાં આવ્યા છે. નવા વેરિયન્ટની સૌથી વધુ અસર મહારાષ્ટ્રમાં જોવા મળી રહી છે. મુંબઈના કિંગ એડવર્ડ મેમોરિયલ હૉસ્પિટલમાં બે લોકોના મોત થયા હોવાની વિગતો સામે આવી છે. એવું પણ કહેવાય છે કે, બંને લોકોના મોત પાછળ અન્ય કારણો કહેવાયા છે. મૃતકોમાં ૫૯ વર્ષિય એક વ્યક્તિ કેન્સરથી પીડાતા હતા, જ્યારે મૃતક ૧૪ વર્ષની કિશોરી પણ અન્ય સમસ્યાઓથી પીડાતી હોવાની માહિતી સામે આવી છે. વર્તમાન સમયમાં કેરળમાં સૌથી વધુ ૬૯ કેસ નોંધાયા છે અને અહીં કુલ સક્રિય દર્દીઓની સંખ્યા ૯૫ પર પહોંચી ગઈ છે. બીજા નંબરે તમિલનાડુમાં નવા ૩૪ પોઝિટિવ કેસ નોંધાયા બાદ કુલ કેસ ૬૬, પછી મહારાષ્ટ્રમાં ૪૪ નવા કેસ નોંધાયા બાદ કુલ સંખ્યા ૫૬, ગુજરાતમાં ૬ નવા કેસ નોંધાયા બાદ કુલ કેસ ૭, હરિયાણામાં એક નવો કેસ, રાજધાની દિલ્હીમાં ત્રણ નવા સાથે કુલ પાંચ કોરોના કેસ નોંધાયા છે. જ્યારે પુડુચેરીમાં કોરોનાના કેસોમાં ઘટાડો થયો છે. કેટલાક એશિયાઈ દેશોમાં કોરોનાના કેસો વધ્યા બાદ કેન્દ્ર સરકાર એક્શમાં આવી ગઈ છે અને ૧૨ મેથી કોરોના દર્દીઓના આંકડા ફરી અપડેટ કરવાના શરુ કરી દીધા છે. અહેવાલ મુજબ દેશમાં ૧૧ રાજ્યોમાં કોરોના ફેલાયો છે, જેમાં દિલ્હી, મહારાષ્ટ્ર, ગુજરાત, કેરળ, તમિલનાડુ, હરિયાણા, પુડુચેરી, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, રાજસ્થાન અને કર્ણાટક સામેલ છે. ગુજરાતની વાત કરવામાં આવે તો હાલ ૭ એક્ટિવ કેસ છે. છેલ્લા એક સપ્તાહમાં ૬ નવા કેસ નોંધાયા છે. છેલ્લાં એક સપ્તાહમાં ગુજરાતમાંથી એક દર્દી કોરોનાથી સાજો થયો છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૦થી અત્યાર સુધી ગુજરાતમાં કોવિડના ૧૨ લાખથી વધુ કેસ નોંધાઈ ચૂક્યા છે. કુલ ૧૧૧૦૧ વ્યક્તિએ કોરોનાથી જીવ ગુમાવ્યો છે.

મહારાષ્ટ્રના મુંબઈમાં કોરોના વાયરસના વધતાં કેસોએ આરોગ્ય વિભાગની ચિંતા વધારી દીધી છે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં અત્યાર સુધીમાં ૫૩ કોરોના પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા છે. તેમજ ૨ દર્દીઓનું મૃત્યુ પણ થયું છે. જો કે, બંને દર્દીઓની હાલત પહેલાથી જ ગંભીર હતી. એક દર્દીને મોઢાનું કેન્સર હતું, જ્યારે બીજા દર્દીને કિડનીની સમસ્યા હતી. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની હૉસ્પિટલોમાં દર્દીઓ માટે ખાસ પથારી અને ખાસ રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનો આરોગ્ય વિભાગ કોવિડ-૧૯ના ફેલાવાને નિયંત્રિત કરવા માટે સતત દેખરેખ રાખી રહ્યો છે. જાન્યુઆરી ૨૦૨૫થી એપ્રિલ ૨૦૨૫ સુધી કોવિડ દર્દીઓની સંખ્યા ખૂબ ઓછી જોવા મળી છે. જોકે, મે મહિનાથી દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્ર નાગરિકોને ન ગભરાવાની અપીલ કરી રહ્યું છે. માત્ર ભારત જ નહીં અન્ય દેશોમાં પણ કોરોના કેસોમાં વધારો થયો છે. હોંગકોંગમાં છેલ્લા દસ અઠવાડિયામાં જ કોરોનાના કેસમાં ૩૦ ગણો વધારો થયો છે. હોંગકોંગે ૧૦ મે ૨૦૨૫ના રોજ કોરોનાના કુલ ૧૦૪૨ કેસ રિપોર્ટ કર્યા. ગયા સપ્તાહે આ આંકડો ૯૭૨ હતો. માર્ચના પ્રારંભમાં આ કેસ ફક્ત ૩૩ હતા.

સિંગાપોરમાં કોરોનાના કેસ ૨૭મી એપ્રિલના રોજ પૂરા થયેલા અઠવાડિયામાં ૧૧,૧૦૦ હતા. હવે તે ત્રણ અઠવાડિયામાં વધીને ૧૪૨૦૦ થઈ ગયા. આમ એક અઠવાડિયામાં સીધો ૩૦ ટકા ઉછાળો જોવા મળ્યો. હૉસ્પિટલમાં દરરોજે ભરતી થતાં દર્દીઓની સંખ્યા પ્રતિ દિન ૧૦૨થી વધીને ૧૩૩ થઈ. સરકારનું કહેવું છે કે કોરોનાના કેસોમાં આવેલા ઉછાળા પાછળ ઘણા કારણ હોઈ શકે છે. તેમાં વેક્સિનની કેળવાયેલી પ્રતિકારકતા ધીમે-ધીમે ખતમ થવી. હાલમાં સિંગાપોરમાં જે કોવિડ વેરિયન્ટ ઝડપથી ફેલાઈ રહ્યો છે તે એલએફ-૭ અને એનબી ૧.૮ છે. બંને જેએન૧ વેરિયન્ટની આગામી પેઢીના છે. અહીં ઉલ્લેખનીય છે કે જેએન-૧ વેરિયન્ટનો ઉપયોગ જ કોવિડ વેક્સીન બનાવવામાં થયો હતો. થાઈલૅન્ડમાં પણ રજાઓ પછી કોરોનાના કેસ વધ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં કોરોનાના ૭૧૦૬૭ કેસ અને ૧૯ મોતનો રિપોર્ટ છે. ભારતમાં હજી સુધી સુધી આવો કોઈ ઉછાળો જોવા મળ્યો નથી. ભારતમાં ૧૦ મે સુધી કોરોનાના નોંધાયેલા દર્દીઓની સંખ્યા ૯૩ છે. કોવિડ-૧૯ના સામાન્ય લક્ષણોમાં મુખ્યત્વે તાવ, ઉધરસ (સૂકી અથવા કફ સાથે), ગળામાં દુખાવો, થાક, શરીરમાં દુખાવો અને માથાનો દુખાવો થાય છે.

### ન્યૂઝ બ્રિફ

### મણીપુરમાં પોલીસ-સેનાની મોટી કાર્યવાહી, ૨૯ ઉગ્રવાદીની ધરપકડ કરી

। (એજન્સી) મણીપુર, તા.૨૦ ।
મણીપુરમાં પોલીસ અને સેના દ્વારા હાથ ધરાયેલા સંયુક્ત ઓપરેશનમાં આજે ૨૯ ઉગ્રવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી ૨૮ શસ્ત્રો, મોટા પ્રમાણમાં દારૂગોળો અને વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યા છે. સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોમાં સૈન્ય, આસામ રાઈફલ્સ, સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ દળ (CAPF) - CRPF, BSF, ITBP - અને મણિપુર પોલીસે સંયુક્ત કાર્યવાહીની શ્રેણીમાં ૨૮ શસ્ત્રો જપ્ત કર્યા છે, જેમાં અત્યાધુનિક શસ્ત્રો, અનેક ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોસિવ્સ ડિવાઈસ (IED), કેટલાક ગ્રેનેડ, દારૂગોળોનો મોટો જથ્થો મળી આવ્યો છે. મણિપુરના સાત જિલ્લાઓ ચુરાચંદપુર, થૌબુલ, બિશ્નુપુર, સેનાપતિ, કાકચિંગ, ઈમ્ફાલ પૂર્વ અને ઈમ્ફાલ પશ્ચિમના ખીણ પ્રદેશો અને પહાડી વિસ્તારોમાંથી આ હથિયારો મળી આવ્યા હતાં. 'ગુપ્ત માહિતી મળ્યા બાદ ઓપરેશન હાથ ધરી પહાડી અને ખીણ વિસ્તારમાંથી કાંગલીપાક કોમ્યુનિસ્ટ પાર્ટી સહિત વિવિધ ઉગ્રવાદી સંગઠનોના ૨૯ કટ્ટર કાર્યકર્તાઓની ધરપકડ કરાઈ છે. જપ્ત કરાયેલા હથિયારો અને દારુગોળાઓમાં સેલ્ફ-લોડિંગ રાઈફલ, સિંગલ-બેરલ રાઈફલ, ઈમ્પ્રોવાઈજડ મોર્ટાર, ચાર બોલ્ડ-એક્શન સિંગલ બેરલ રાઈફલ, મોડિફાઈડ કાર્બાઈન મશીન ગન, એમએમસી કાર્બાઈન મશીન ગન, પોઈન્ટ ૨૨ રાઈફલ અને પિસ્તોલ સામેલ છે.

### દિલ્હી સરકારે વધુ એક મોટો નિર્ણય લીધો

## દિલ્હીમાં ધારાસભ્ય ભંડોળ ૧૫ કરોડથી ઘટાડીને કરાયો ૫ કરોડ



। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૦ ।
દિલ્હીમાં ભાજપની સરકાર બનતાની સાથે જ ઘણા મોટા નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. તાજેતરમાં, દિલ્હી સરકારે ધારાસભ્યોના પ્રાદેશિક વિકાસ ભંડોળ (MLA-LAD) માં મોટો કાપ મૂકવાની જાહેરાત કરી છે, જે AAP સરકારે ચૂંટણી પહેલા જ વધારી દીધી હતી. રેખા ગુપ્તાના નેતૃત્વ હેઠળની દિલ્હીની ભાજપ સરકારે એક મોટી જાહેરાત કરી છે. સરકારે ધારાસભ્યોના સ્થાનિક વિસ્તાર વિકાસ ભંડોળ (MLA-LAD) માં મોટો કાપ મૂકવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય બાદ હવે દરેક ધારાસભ્યને તેમના વિસ્તારમાં વિકાસ કાર્યો માટે વાર્ષિક ૧૫ કરોડ રૂપિયાને બદલે ૫ કરોડ રૂપિયા આપવામાં આવશે. સરકારના આ નિર્ણય બાદ દિલ્હીના રાજકારણમાં હલચલ મચી ગઈ છે.

### ૨૦૨૫માં મેસર્સ હોડી શિપયાર્ડ, ગોવા ખાતે લોન્ચ કરવામાં આવ્યું હતું

## ભારતીય નૌકાદળ પરંપરાગત રીતે બનેલા પ્રાચીન સ્ટીચ્ડ જહાજોને સામેલ કરશે

### આ પ્રોજેક્ટ ઔપચારિક રીતે જુલાઈ ૨૦૨૩માં સંસ્કૃતિ મંત્રાલય, ભારતીય નૌકાદળ અને મેસર્સ હોદી ઇનોવેશન વચ્ચે હસ્તાક્ષર કરાયેલા ત્રિપક્ષીય કરાર દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।
ભારતીય નૌકાદળ ૨૧ મે ૨૦૨૫ના રોજ કારવાર સ્થિત નેવલ બેઝ ખાતે એક ઔપચારિક કાર્યક્રમ દરમિયાન પ્રાચીન દરિયાઈ જહાજને સામેલ કરશે અને તેનું નામ જાહેર કરશે. સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત મુખ્ય અતિથિ તરીકે આ સમારંભની અધ્યક્ષતા કરશે. આ સ્ટીચ્ડ જહાજ ૫મી સદીના વહાણનું પુનર્નિર્માણ છે. જે અજંતા ગુફાઓના ચિત્રથી પ્રેરિત છે. આ પ્રોજેક્ટ ઔપચારિક રીતે જુલાઈ ૨૦૨૩માં સંસ્કૃતિ મંત્રાલય, ભારતીય નૌકાદળ અને મેસર્સ હોદી ઈનોવેશન વચ્ચે હસ્તાક્ષર કરાયેલા ત્રિપક્ષીય કરાર દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં સંસ્કૃતિ મંત્રાલય તરફથી ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું. પૂર્ણ થયેલા જહાજનું કીલ બિછાવવાનું કામ ૧૨ સપ્ટેમ્બર ૨૩ના રોજ થયું હતું. સ્ટીચ્ડ જહાજ સંપૂર્ણપણે પરંપરાગત પદ્ધતિઓ અને કાચા માલનો ઉપયોગ કરીને કેરળના કારીગરો દ્વારા બનાવવામાં આવ્યું હતું. જેનું નેતૃત્વ માસ્ટર શિપરાઈટ બાબુ શંકરન દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે હજારો લોકોની મદદ વડે ટાંકાવાળા સાંધા બનાવ્યા હતા.

### આ મિસાઇલોએ પાકિસ્તાનની મિસાઇલોને હવામાં ફટકારીને નષ્ટ કરી

## બ્રહ્મોસ અને આકાશ મિસાઇલોની શોર્યગાથા ભણાવવામાં આવશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।
ચંદ્રયાનની જેમ, હવે શાળાના બાળકો પણ ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનને ઘૂંટણિયે પાડી દેનારા બ્રહ્મોસ અને આકાશ મિસાઈલોની બહાદુરીની ગાથા વાંચશે. શિક્ષણ મંત્રાલય ટૂંક સમયમાં તેને બધી ભારતીય ભાષાઓમાં શાળાના બાળકો માટે ઉપલબ્ધ કરાવવાની તૈયારી કરી રહ્યું છે. જે શાળાઓમાં બાળકોને ઈતર પ્રવૃત્તિઓ પૂરી પાડવા અને ભારતીય ભાષાઓ શીખવવા માટે રસપ્રદ રીતે પહોંચાડવામાં આવશે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સોમવારે એક કાર્યક્રમમાં આ વાતનો સંકેત આપ્યો અને કહ્યું કે બ્રહ્મોસ અને આકાશની શક્તિ આપણી શિક્ષણ પ્રણાલીની મજબૂતાઈનો પુરાવો છે. આવી સ્થિતિમાં, આપણે સંશોધન પર વધુ ભાર મૂકવો જોઈએ. આ માટે પીએમ રિસર્ચ ફંડમાં જરૂરી ફેરફારો કરવામાં આવી રહ્યા છે.

### વક્ફ સુધારા કાયદોઃ સુપ્રીમ કોર્ટમાંથી વિરોધીઓને તત્કાળ રાહત ન મળી

। નવી દિલ્હી,તા.૨૦ ।
ભારતના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈએ મંગળવારે જણાવ્યું હતું કે સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા કાયદાઓ બંધારણીય ગણાય છે અને જ્યાં સુધી કોઈ સ્પષ્ટ અને ગંભીર સમસ્યા ન હોય ત્યાં સુધી અદાલતો હસ્તક્ષેપ કરી શકે નહીં. તેમણે આ ટિપ્પણી વક્ફ સુધારા કાયદા સામેની અરજીઓ પર સુનાવણી દરમિયાન કરી હતી. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈ અને ન્યાયમૂર્તિ એજી મસીહની ખંડપીઠ આ સુનાવણી કરી રહી છે.

### હાલ પૂરજોશમાં બચાવ કામગીરી શરૂ

## મહારાષ્ટ્રના થાણેમાં ચાર માળની બિલ્ડિંગનો એક ભાગ ધરાશાયી

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૨૦ ।
મહારાષ્ટ્રના થાણે નજીક કલ્યાણ શહેરમાં આજે (૨૦ મે) બપોરે એક રહેણાંક મકાનના ચાર માળમાંથી એકનો સ્લેબ ધરાશાયી થયો છે. આ ઘટનામાં એક બાળક સહિત ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા છે અને ચાર અન્ય ઘાયલ થયા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. હાલ પૂરજોશમાં બચાવ કામગીરી શરૂ કરી દેવાઈ છે. મળતા અહેવાલો મુજબ, મહારાષ્ટ્રના કલ્યાણ અને ડોમ્બિવલી વિસ્તારમાં અગાઉ એક બિલ્ડિંગનો સ્લેબ તૂટી પડ્યો હતો. ત્યારે હવે કલ્યાણના મંગલરાધોનગર વિસ્તારમાં ફરી આવી દુર્ઘટના બની છે. અહીં સમારકામ દરમિયાન ચાર માળની ઈમારતનો એક ભાગનો સ્લેબ અચાનક તૂટી ગયો છે, જેમાં અત્યાર સુધીમાં દોઢ વર્ષની માસૂમ બાળકી સહિત છ લોકોના મોત થયા હોવાના સમાચાર સામે આવ્યા છે. હાલ અહીં પૂરજોશમાં બચાવ કામગીરી ચાલી રહી છે. અહીં સપ્તશ્રૃંગી કો-ઓપરેટિવ સોસાયટી નામની બિલ્ડિંગના ત્રીજા માળે આજે (૨૦ મે) બપોરે સમારકામ ચાલી રહ્યું હતું. આ દરમિયાન બીજા માળનો સ્લેબ અચાનક તૂટી ગયો હતો.

### વૈશ્વિક પડકારો વચ્ચે પણ ભારતનું અર્થતંત્ર મજબૂત

। નવી દિલ્હી, તા.૨૦ ।
ફાઈનાન્સિયલ સર્વિસ કંપની જેપી મોર્ગને ભારતની આર્થિક વૃદ્ધિની ગાડી પાટા પર હોવાનો દાવો કર્યો છે. જેપી મોર્ગને ટ્રેડવૉરના વાદળોમાં ભારતનું અર્થતંત્ર સુરક્ષિત હોવાનું જણાવ્યું છે. જેપી મોર્ગનના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે, આગામી સમયમાં ભારત એક સુરક્ષિત ઈકોનોમી તરીકે ઉભરી આવશે તેમજ ઝડપી ગતિએ આગળ વધશે. સર્વેમાં સામેલ દેશોમાંથી ભારતનો જીડીપી સૌથી વધુ રહેવાનો અંદાજ છે. ઉભરતા બજારો અંગે પોઝિટિવ સેન્ટિમેન્ટ જોવા મળ્યા છે.

### પાકિસ્તાનનું નવું તરકટ

## શાહબાઝ સરકારે અસીમ મુનીરને પ્રમોશન આપી ફિલ્ડ માર્શલ બનાવ્યા

। (એજન્સી) પાકિસ્તાન, તા.૨૦ ।
પહલગામમાં આતંકવાદી હુમલો થયા બાદ ભારતીય સેનાએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે. સેનાએ પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓના અડ્ડાઓનો ખાતમો બોલાવી દીધો છે. ભારતીય સેનાએ પાકિસ્તાનના ૧૧ એરબેઝ પણ નષ્ટ કરી દીધા છે. આ તમામ ઘટનાક્રમોની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યા છે. પાકિસ્તાનના ટોચના નેતાઓએ પણ કબૂલ્યું છે કે, તેઓ આતંકવાદીઓને આશરો આપી રહ્યા છે. આ તમામ મુદ્દાઓ સામે આવ્યા બાદ વિશ્વભરમાં પાકિસ્તાનની ફજેતી થઈ છે, જોકે તેમ છતાં પાકિસ્તાન પોતાની હરકતોથી બાજ આવતું નથી અને આ જ ક્રમમાં તેણે સેનાના અધ્યક્ષ અસીમ મુનીરનું પ્રમોશન કર્યું છે. તાજેતરમાં જ ભારત-પાકિસ્તાન વચ્ચે સરહદે ભારે તણાવ થયો હતો, જેમાં ભારતીય સેનાએ પાકિસ્તાનને ધૂળ ચટાવી દીધી હતી. જોકે તેમ છતાં પાકિસ્તાનની કેબિનેટે આજે (૨૦ મે) મોટો નિર્ણય લીધો છે. કેબિનેટે જનરલ અસીમ મુનીરને ફીલ્ડ માર્શલ બનાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. પાકિસ્તાની સશસ્ત્ર દળોમાં ફીલ્ડ માર્શલની પોસ્ટ સર્વોચ્ચ માનવામાં આવે છે.

### MBA બતાવીને લગ્ન કરાવ્યા પણ પતિ આઠમું પાસ નીકળ્યો

। મધ્યપ્રદેશ, તા.૨૦ ।
મધ્યપ્રદેશના પૂર્વ પર્યટન મંત્રી અને કુક્ષીમાંથી કોંગ્રેસ ધારાસભ્ય સુરેન્દ્ર સિંહ બઘેલ વિરૂદ્ધ દહેજ ઉત્પીડનનો કેસ નોંધાયો છે. તેમના નાના ભાઈ દેવેન્દ્રસિંહ બઘેલની પત્ની કામ્યા સિંહે ભોપાલના મહિલા પોલીસ સ્ટેશનમાં આ કેસ નોંધાવ્યો છે. એફઆઈઆરમાં ધારાસભ્ય સુરેન્દ્ર સિંહ બઘેલ, તેમની પત્ની શિલ્પા સિંહ બઘેલ, સાસુ ચંદ્રકુમારી સિંહ, બહેન શીતલ સિંહ અને પતિ દેવેન્દ્રસિંહ બઘેલના નામ સામેલ છે. કામ્યા સિંહે સાસરી પક્ષ પર દહેજ ઉત્પીડનની ફરિયાદ કરી છે.

### પાકિસ્તાન સાથે વિવાદના કારણે સેરેમનીમાં અનેક ફેરફાર

## અટારી-વાઘા સરહદ પર ફરી 'બીટિંગ રિટ્રીટ સેરેમની' યોજવાની BSFની જાહેરાત

### અમૃતસર સ્થિત અટારી, ફિરોજપુર સ્થિત હુસૈનીવાલા અને ફાજિલ્કા સ્થિત સદકી બોર્ડર પોસ્ટ પર સેરેમની યોજાશે, જેમાં સામાન્ય લોકો પણ ભાગ લઈ શકશે



। (એજન્સી) અમૃતસર,તા.૨૦ ।
બીએસફ દ્વારા 'બીટિંગ રિટ્રીટ સેરેમની' ફરી યોજવાની જાહેરાત કરાઈ છે, જોકે પાકિસ્તાન સાથે વિવાદ ચાલતો હોવાના કારણે તેમાં અનેક ફેરફાર કરવામાં આવ્યા છે. અગાઉ સેરેમની બાદ ઔપચારિક રીતે બોર્ડર પરના ગેટ ખોલવામાં આવતા હતા અને બંને દેશોના સેનાના જવાનો એકબીજાને હાથ મિલાવતા હતા. જોકે પાકિસ્તાન સાથે વિવાદના કારણે આ તમામ પ્રક્રિયા બંધ રહેશે અને પાકિસ્તાનને સંપૂર્ણ નજરઅંદાજ કરાશે. બીએસએફ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, અમૃતસર સ્થિત અટારી, ફિરોજપુર સ્થિત હુસૈનીવાલા અને ફાજિલ્કા સ્થિત સદકી બોર્ડર પોસ્ટ પર સેરેમની યોજાશે, જેમાં સામાન્ય લોકો પણ ભાગ લઈ શકશે. અટારી-વાઘા બોર્ડર પર આ બીટિંગ રીટ્રીટ સમારોહ એક દૈનિક સમારોહ છે. આ સેરેમની ૧૯૫૯થી ભારત (બોર્ડર સિક્યુરિટી ફોર્સ) અને પાકિસ્તાન (પાકિસ્તાન રેન્જર્સ)ના સુરક્ષા દળો દ્વારા સંયુક્ત રીતે ઉજવવામાં આવી રહ્યો છે.

### AAP એ ફરી એકવાર તેની વિસ્તરણ યોજના પર કામ શરૂ કરી દીધુ

## દિલ્હીમાં હાર બાદ પોતાની તાકાત વધારવા AAPનો નવો પ્રયાસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।
દિલ્હીમાં હાર બાદ આમ આદમી પાર્ટી એ પોતાની તાકાત વધારવા માટે નવા પ્રયાસો શરૂ કર્યા છે. મંગળવારે પાર્ટીએ તેની વિદ્યાર્થી પાંખની રચના કરી, જેનું નામ એસોસિએશન ઓફ સ્ટુડન્ટ્સ ફોર અલ્ટરનેટિવ પોલિટિક્સ છે. પાર્ટી વિદ્યાર્થી સંગઠન દ્વારા યુવાનોમાં પોતાની પકડ મજબૂત કરવાનો પ્રયાસ કરશે. આગામી દિવસોમાં, પાર્ટી આ પાંખ દ્વારા દિલ્હી યુનિવર્સિટી, જેએનયુ અને અન્ય યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણીઓ લડશે. દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ, ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા, દિલ્હી પ્રદેશ પ્રમુખ સૌરભ ભારદ્વાજ અને કોચિંગ શિક્ષકમાંથી રાજકારણી બનેલા અવધ ઓઝાની હાજરીમાં તેની જાહેરાત કરવામાં આવી હતી. આ સમય દરમિયાન વિંગનો લોગો પણ બહાર પાડવામાં આવ્યો. દિલ્હીના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ આ પ્રસંગે કહ્યું કે આ યુવાનોનો પ્રિય શબ્દ છે, ASAP. આજે, જ્યાં પણ સુધારાની જરૂર છે, ત્યાં તેની જરૂર છે.

### સુપ્રીમ કોર્ટે પસંદગી પ્રક્રિયામાં કર્યો મોટો ફેરફાર

## લો ગ્રેજ્યુએટ્સ સીધા જુનિયર સિવિલ જજ નહીં બની શકે

### લો ગ્રેજ્યુએટ થયા બાદ ત્રણ વર્ષ સુધી વકીલ તરીકે કામ કર્યા બાદ જૂનિયર ડિવિઝન સિવિલ જજની પરીક્ષા આપી શકાશે



। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૦ ।
સુપ્રીમ કોર્ટે નીચલી કોર્ટમાં જજ (જૂનિયર ડિવિઝન સિવિલ જજ)ની નિમણૂક પર મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, આ પદ પર પરીક્ષા આપવા માટે ઉમેદવારો પાસે ઓછામાં ઓછા ત્રણ વર્ષની લીગલ પ્રેક્ટિસનો અનુભવ હોવો જરૂરી છે. લૉ ગ્રેજ્યુએટ થયા બાદ ત્રણ વર્ષ સુધી વકીલ તરીકે કામ કર્યા બાદ જૂનિયર ડિવિઝન સિવિલ જજની પરીક્ષા આપી શકાશે. હવે તેઓ સીધા સિવિલ જજ બની શકશે નહીં. ઝસ્ટિસ બી.આર. ગવઈ, જસ્ટિસ એજી મસીહ અને જસ્ટિસ વિનોદ ચંદ્રનની બેન્ચે આ મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. ઝસ્ટિસ ગવઈએ કહ્યું કે, નવા લૉ ગ્રેજ્યુએટ સીધા જૂનિયર ડિવિઝન સિવિલ જજની પરીક્ષા આપી શકશે નહીં. ઓછામાં ઓછા ત્રણ વર્ષની લીગલ પ્રેક્ટિસ જરૂરી છે. સુપ્રીમ કોર્ટે તમામ હાઈકોર્ટ અને રાજ્ય નિયમોમાં સંશોધન કરવા કહ્યું છે.

# ખાંભામાં ૬-૭ ચેકડેમ તૂટેલી હાલતમાં, તંત્ર રિનોવેશન કરાવે તેવી ખેડૂતોની માગ

। (એજન્સી) આણંદ, તા.૨૦ ।

એક તરફ સરકાર સુજલામ સુફલામ્ યોજના હેઠળ તળાવો ઊંડા કરવાના કામો કરીને પાણી બચાવવાના ભગીરથ પ્રયાસો કરી રહી છે તો બીજી તરફ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૬થી ૭ ચેકડેમો તૂટેલા પડ્યા છે, તે તરફ સરકાર ધ્યાન આપે તો જળસંચય કરતા પણ ચેકડેમો રીનોવેશન કરીને જળ સંચયનો બચાવ થઈ શકે છે, ત્યારે શું છે અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં તૂટેલા ચેકડેમોની હકીકત જોઈએશિયાળી-ઉનાળુ પાકોમાં ખેડૂતોને પડે છે મુશ્કેલીચોમાસામાં વરસાદથી છલોછલ ભરાઈ જતા ચેકડેમોની હાલત એટલી દયનીય છે કે પાણીનો સંગ્રહ કરવાનું તો ઠીક પણ પાણી બચાવીને ખેતીના અને ગ્રામીણ ગામડાઓના પીવાના પ ણીના સોર્સ મજબુત થઈ શકતા નથી અને ઉનાળાના અંતિમ સમયે સરકાર જળસંચયના કામો શરૂ કરાવીને પાણી બચાવવાના અભિયાનો આદરે છે પણ જો આવા તૂટેલા ચેકડેમો રીનોવેશન કરવામાં આવે તો ગામડાઓમાં શિયાળુ અને ઉનાળુ ખેતીપાકો લેવામાં ખેડૂતોને પડતી મુશ્કેલીઓનો નિકાલ થાય પણ વર્ષોથી ચેકડેમો આજ હાલતમાં બિસ્માર તૂટેલા પડયા છે તો અમુકને ચેકડેમના પાળા જ તૂટી ગયા છે તો અમુક ચેકડેમોમાં પાણી સીધું જ નદીઓ તરફ વહી જાય તે રીતે તૂટીને બેહાલ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૬થી ૭ વધારે ચેકડેમોની હાલત આવી ખરાબ છે.

ખાંભા ગીર પંથકના ધાવડીયા, ઉમરીયા, તાતણીયા ગામમાં ૬ ડેમ તૂટેલા અને જર્જરિત હાલતમાં છે, જ્યારે ચોમાસામાં વરસાદી પાણી આ ચેકડેમોમાં ભરાય એવી કોઈ સ્થિતિ હાલ જણાતી નથી, જ્યારે ધાવડીયા ગામના ચેકડેમના પાળા પરથી ૨૦ ઉપરાંતના ખેડૂતોને વાડી ખેતરે જવાનો રસ્તો પણ એકમાત્ર આજ છે અને ધાવડીયા ગામના સ્મશાન પણ ચેકડેમની સામેની સાઈડ હોવાથી ચેકડેમનો ઉપરનો પાળો જ તૂટી ગયેલો હોય ત્યારે કોઈની અંતિમ ક્રિયા કરવામાં પણ ચોમાસામાં મુશ્કેલ બનતી હોવાનું સ્થાનિકો આક્રોશ સાથે જણાવે છે. ત્યારે ખાંભા ખાંભા ગીરના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો આ ચેક ડેમોનું રીનોવેશન અથવા નવા બનાવવામાં આવે તેવી ખેડૂતોની માગ છે. અમરેલી જિલ્લામાં તરસ લાગે ત્યારે કૂવો ખોદવા નીકળે તેવું વહીવટી તંત્ર થઈ ગયું હોવાની પ્રતીતિ વચ્ચે ડેમોની હાલત દયનીય છે અને ચોમાસામાં જળાશયો મરામતના અભાવે ભાંગીને ભુક્કો થઈ રહ્યા હોય, ત્યારે સરકાર દ્વારા જળ સંચયના કામો સાથે ડેમોની યોગ્ય મરામત ક્યારે કરાવશે તે તો સમય જ કહેશે.

## ન્યૂઝ બ્રિફ

### ભરૂચના વાગરામાં જવેલર્સના ત્યાં લૂંટની ઘટના બની

। (એજન્સી) ભરૂચ, તા.૨૦ ।

ભરચક એવા બજાર વિસ્તારમાં સોનીની દુકાનમાં લૂંટનો બનાવ સામે આવ્યો છે. ભરૂચના વાગરામાં જવેલર્સના ત્યાં લૂંટની ઘટના બનતા ચકચાર મચી જવા પામ્યો છે. વેપારીની આંખમાં મરચું નાખીને લૂંટારૂ ફરાર થઈ ગયો હતો. લૂંટનો બનાવ સામે આવતા સ્થાનિક વેપારીઓમાં પણ ફફડાટની લાગણી જોવા મળી હતી. ભરૂચના વાગરામાં જવેલર્સના ત્યાં લૂંટની ઘટના બનતા ચકચાર મચી જવા પામ્યો હતો. બજાર વિસ્તારમાં આવેલ ઓમ જવેલર્સ નામની સોનીની દુકાનમાં બુકાની ધારણ કરીને આવેલ અજાણ્યા ઈસમે સોનીની આંખોમાં મરચું છાંટી લૂંટ ચલાવી હતી.

### મિનરલ વોટરની આડમાં વિદેશી દારૂની હેરફેર

। (એજન્સી) ધંધુકા, તા.૨૦ ।

ધંધુકાના લીંમડી ત્રણ રસ્તા પાસે ધંધુકા પોલીસે બાતમીના આધારે ગત મોડી રાત્રે વોચ ગોઠવી હતી. જે અંતર્ગત મિનરલ વોટરની આડમાં દમણથી દ્વારકા લઈ જવાતા વિદેશી દારુના મસમોટા જથ્થા સાથે એક શખ્સની અટકાયત કરી છે અને પૂછપરછ બાદ ધંધુકા પોલીસે અન્ય બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. મળતી વિગતો અનુસાર ધંધુકાના લીંમડી ત્રણ રસ્તા પાસે ગત મોડી રાત્રે પેટ્રોલિંગ દરમિયાન ધંધુકા પોલીસને ફેદરાથી ધંધુકા તરફ આવી રહેલા ટ્રકમાં પાણીની બોટલોની આડમાં વિદેશી દારુનો જથ્થો છુપાવી દારુની હેરફેર કરવામાં આવતી હોવાની બાતમી મળતા ધંધુકા પોલીસે વોચ ગોઠવી હતી. પોલીસને બાતમીદારે આપેલી વિગતો પ્રમાણે ટ્રક નંબર પ્નર૫૯૪૫૯ને થોભાવી તપાસ હાથ ધરી હતી. જેમાં તપાસ દરમિયાન ટ્રકમાંથી પાણીની બોટલના કેરેટ નીચે છૂપાવેલી ભારતીય બનાવટની વિદેશી દારુની ૭૫૦ મી.લી.ની બોટલો નંગ-૯૬૦ તથા ૧૮૦ મી.લી.ની કાચની બોટલો નંગ. ૫૧૮૪ તથા ૧૮૦ મી.લી.ની પ્લાસ્ટિકની બોટલો નંગ. ૪૩૬૮ તથા બીયર ટીન નંગ ૧૬૩૨ મળી કુલ ભારતીય બનાવટની વિદેશી દારુની બોટલ તથા બીયર મળી કુલ રુપિયા ૩૯,૩૯,૮૪૦ ની કિંમતની ૧૨૧૪૪ નંગ બોટલો, મોબાઈલ, ટ્રક નંબર પ્નર૫૯૪૫૯ તથા પાણીની બોટલોના કેરેટો ૮૭૫ સહિત પોલીસે કુલ રુપિયા ૪૬,૧૨,૩૪૦ નો મુદામાલ કબજે કર્યો હતો. આ સાથે અમરાભાઈ ગલાભાઈ મોરી (રહે. રાણપર, તા.ભાણવડ, જી. દેવભૂમિ દ્વારકા)ને ઝડપી લઈ પુછપરછ કરતા તે આ દારુનો જથ્થો તેમના ગામના નાગાભાઈ રાજાભાઈ કોડીયાતરના કહેવાથી લાવી રહ્યો હોવાની વાત કરી હતી.

## આંખ ઉઘાડતો કિસ્સો આવ્યો સામે

# સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનનું જ ઇમેલ આઇડી હેક કરી યુવાને બેન્કમાં ઇમેલ કર્યા

। (એજન્સી) જુનાગઢ, તા.૨૦ ।

મોબાઈલ નેટનું વાઈફાઈ આપતા પહેલા ચેતી જજો. જો અજાણ્યા વ્યક્તિને મોબાઈલ નેટનું વાઈફાઈ આપ્યું તો તમે મુસીબતમાં આવી શકો છો. આવો જ એક કિસ્સો સામે આવ્યો છે જુનાગઢ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં સામે આવ્યો છે. જેમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનું જ ઈમેલ આઈડી હેક કરી યુવાને બેક્રમાં ઈમેલ કર્યા હતા. ખોટી ઓળખ ઉભી કરનાર આરોપીની ધરપકડ એક વર્ષ પહેલા જુનાગઢ સાયબર ક્રાઈમને આ મામલે બેંકમાંથી મેઈલ આવ્યો હતો. જેમાં સાયબર પોલીસ સ્ટેશન દ્વારા જે ઈ-મેલ આઈડીથી મેઈલ મોકલવામાં આવ્યો હતો તેનું વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. પરંતુ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનને કોઈ મેલ બેક્રમાં ન મોકલતા આ સમગ્ર મામલો સામે આવ્યો હતો અને પોલીસે આ મામલે તપાસ હાથ ધરી હતી. ત્યારે આજે એક વર્ષ બાદ પોલીસે બેંકને સાઈબર ક્રાઈમના અધિકારી હોવાની ખોટી ઓળખ ઉભી કરનાર આરોપી વિશાલ વાણંદને અમદાવાદથી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી ઊંડી તપાસ હાથ ધરી છે.જેમાં વિશાલ વાળંદ દ્વારા જુનાગઢ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનું ઈ-મેલ આઈડી ઉપરથી **ICICI Bank (Balaji E-commerce): 20,44,590/-, SBI Bank (SKL Online Service OPC Pvt Ltd): 30,92,182/-, Bank of Baroda (Shree Shyam Online Service): 7,40,091/-, PNB (Ganesh Online Service): 14,95,159/-** ને અનફ્રીઝ કરવા માટે મેલ કર્યા હતા. અલગ અલગ બેંક દ્વારા કરવામાં આવેલા ફ્રીઝ એકાઉન્ટને લઈને વેરિફિકેશન માટે જૂનાગઢ સાયબર પોલીસ સ્ટેશનના ઈમેલ આઈડી ઉપર રીપ્લાય મોકલવામાં આવ્યો હતો. જેના ઉપરથી સમગ્ર મામલાનો ઘટસ્ફોટ થયો હતો. વિશાલ વાણદ અગાઉ અમદાવાદમાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં સાયબર ક્રાઈમ માટે મદદ કરતો હતો પોતે સાઈબર એક્સપર્ટ હોવાથી કેવી રીતે છટકી શકાય તે અંગે પણ જાણકાર છે તેથી તેને આ સમગ્ર બનાવને લઈને મુંબઈ જઈને એક મજૂરને નિશાન બનાવ્યો હતો. મજૂરના મોબાઈલમાંથી પોતાના લેપટોપમાં વાઈફાઈ કનેક્ટ કરી આ બધામાં મેલ કર્યા હતા.

## આરોગ્ય વિભાગમાં બેદરકારી સામે આવી

# RMCના આરોગ્ય વિભાગના અધિકારીની સત્તાઓ છીનવાઇ

। (એજન્સી) રાજકોટ, તા.૨૦ ।

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આરોગ્ય વિભાગમાં બેદરકારી સામે આવતા અધિકારીની સત્તા છીનવી લેવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા તાત્કાલિક અસરથી અધિકારીની સત્તાઓ છીનવી લેવા હુકમ કરવામાં આવ્યો છે.

જ્યારે હવે આરોગ્ય વિભાગની કામગીરીની દેખરેખ માટે મધ્યાહ્ન ભોજનના નાયબ કલેક્ટરને જવાબદારી સોંપવામાં આવી છે. આરોગ્ય વિભાગના નાણાકિય વ્યવહારો પણ મ્યુનિસિપલ કમિશ્નરની દેખરેખમાં કરાશે. મધ્યાહ્ન ભોજનનાં નાયબ કલેક્ટર દેખરેખ રાખશેરાજકોટ મહાનગર પાલિકાના શાસક પક્ષના નગરસેવકો અને સ્ટેન્ડિંગ કમિટી સહિતના પદાધિકારીઓની અનેક ફરિયાદો બાદ મ્યુનિસિપલ કમિશ્નરે આ નિર્ણય લીધો છે. રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા કરવામાં આવેલા આદેશ પ્રમાણે હવેથી આરોગ્ય વિભાગના તમામ નાણાકિય વ્યવહારો તેમની દેખરેખ હેઠળ કરવામાં આવશે. આ ઉપરાંત મધ્યાહન ભોજનના નાયબ કલેક્ટર દ્વારા આરોગ્ય વિભાગની રોજબરોજની કામગીરી ઉપર દેખરેખ રાખવામાં આવશે. રાજકોટ મહાનગર પાલિકાના સત્તાધિશો દ્વારા કરવામાં આવેલી અનેક ફરિયાદો બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેની પાછળનું મુખ્ય કારણ આરોગ્ય વિભાગની અનેક ફરિયાદો છે.

## વિદેશમાં સેટલ થવાનો ક્રેઝ ગુજરાતીઓમાં વધારે જોવા મળે છે

# આણંદમાં નકલી વિઝા કૌભાંડ ઝડપાયું, SOG પોલીસે ૨ આરોપીઓની કરી ધરપકડ

। (એજન્સી) આણંદ, તા.૨૦ ।

ગુજરાતમાં ઘણા કૌભાંડ બન્યાની ઘટનાઓ સામે આવે છે. જેમાં આરોપીઓ લોકોને લાલચ આપીને તેમની પાસેથી નાણાં ખંખેરી લેતી હોય છે. વિદેશમાં સેટલ થવાનો ક્રેઝ ગુજરાતીઓમાં વધારે જોવા મળે છે. નકલી વિઝા એજન્ટો વિદેશ જવા માગતા લોકોની મજબૂરીનો ફાયદો ઉઠાવીને તેમની સાથે છેતરપિંડી આચરવાના ઘણા કેસો બન્યા છે. ત્યારે હવે આણંદ જિલ્લામાંથી વધુ એક કૌભાંડ ઝડપાયું હતું. જેમાં આરોપીઓ નકલી વિઝા સ્ટીકર લગાવી આપતા હોવાનું સામે આવ્યું હતું. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આણંદની SOG પોલીસે નકલી વિઝા કૌભાંડ ઝડપી પાડયું હતું. આરોપીઓ પાસપોર્ટમાં નકલી વિઝા સ્ટીકર લગાવી ઠગાઈ આચરતા હતા. જે મામલે SOG પોલીસે વલ્લભવિદ્યાનગરમાંથી પેટલાદનાં ૨ શખ્સોને ઝડપી પાડયા હતા.

વિદેશ જવા ઈચ્છુકોને નકલી વિઝા સ્ટીકર લગાવી આપીને ઠગાઈ આચરતા હતા. જે મામલે SOGએ તેમની અટકાયત કરીને તેમની સઘન પૂછપરછ હાથ ધરી હતી.આણંદ SOGએ ૨ આરોપીઓ પેટલાદના મકસુદ અહેમદ કાઝી અને નિલેશ વિનુભાઈ પટેલની અટકાયત કરી હતી.જેમની તપાસ કરતા ૨ આરોપીઓ પાસેથી કેનેડાનાં નકલી વર્ક પરમીટ અને વિઝા સ્ટીકર લગાવેલા ૭ પાસ્પોર્ટ કબ્જે કરાયા હતા.જે મામલે પોલીસે તેમની ધરપકડ કરી છે.

## HNGU યુનિવર્સિટીમાં પરિણામની ઉગ્ર માગ કરાઈ

# પાટણની HNGUના MSC સેમેસ્ટર ૪નું પરિણામ જાહેર કરવામાં આવ્યુ

। (એજન્સી) પાટણ, તા.૨૦ ।

પાટણની HNGU ના MSC સેમેસ્ટર ૪નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. MSC સેમેસ્ટર ૪ના મેથ્સ અને કેમેસ્ટ્રી વિભાગના પરિણામ જાહેર કર્યા છે. આ સાથે જ વિદ્યા સહાયકનું પરિણામ પણ HNGU એ જાહેર કર્યુ છે. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓ છેલ્લા ૧૦ દિવસથી પાટણ યુનિવર્સિટી ખાતે અનેકવાર રજુઆત કરી હતી. વિદ્યા સહાયકની ૫ વર્ષે આવેલી ભરતીમાં જરૂરી પરિણામ HNGU તરફથી આપવામાં આવ્યું છે. પાટણમાં HNGU યુનિવર્સિટીમાં પરિણામની ઉગ્ર માગ કરાઈ હતી. તમને જણાવી દઈએ કે આજે સવારે જ પાટણની HNGU માં ફઝના ચેમ્બરમાં VC અને વિદ્યાર્થીઓ વચ્ચે પરિણામની ઉગ્ર માગ સાથે ઘર્ષણ થયું હતું. MSC સેમેસ્ટર ૪ના વિદ્યાર્થીઓ, VC અને વિદ્યાર્થી નેતા વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. ઘર્ષણ બાદ વિદ્યાર્થીઓએ વાઈસ ચાન્સલરની ચેમ્બરમાં જ પરિણામ ના મળે ત્યાં સુધી બેસી રહેવાની જીદ પકડીને ધરણા કર્યા હતા. MSC સેમેસ્ટર ૪ના મેથ્સ અને કેમેસ્ટ્રીનું પરિણામ ના આવતા વિદ્યાર્થીઓ અટવાયા હતા. વિદ્યા સહાયકની ભરતીમાં જો સમયસર MSCનું પરિણામ ના મળે તો ૫ ટકા માર્કસ ના મળે જેના કારણે અરજદારનો મેરીટમાં ખુબ જ પાછળ નંબર આવે છે, છેલ્લા ૧૦ દિવસમાં Msc સેમેસ્ટર ૪ના મેથ્સ અને કેમેસ્ટ્રીના પરિણામ મેળવવા માટે વિદ્યાર્થીઓએ અનેકવાર ધક્કા ખાધા છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ ઉત્તર ગુજરાત યુનિ.ની હોસ્ટેલમાં દારૂની મહેફિલ માણતા હોય તેવો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

### વડોદરામાં એક મહિલા સાથે રેપિડો ચાલકે છેડતી કરી

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

ગુજરાતમાં મહિલાઓની છેડતીના બનાવો ખૂબ જ વધ્યા છે. અવારનવાર મહિલાઓ સાથે દુષ્કર્મ અને છેડતીના બનાવો વધી રહ્યા હોવાની ઘટનાઓ બનતી રહે છે. અગાઉ પણ ગુજરાતમાં દુષ્કર્મની ઘણી જઘન્ય ઘટનાઓ બનેલી છે. જેમાં નાની બાળકીથી લઈને યુવતીઓને મારી નાખવામાં આવી છે. નાની દિકરીઓ હવે ઘરમાં પણ સુરક્ષિત રહી નથી, તેવા બનાવો પણ સામે આવ્યા છે. ત્યારે વડોદરામાંથી એક છેડતીનો બનાવ સામે આવ્યો છે. વડોદરામાં એક મહિલા સાથે છેડતી કરાઈ હતી.

## સ્થાનિકોએ મેયર-ડેપ્યુટી મેયર, અધિકારીઓનો લીધો ઉઘડો

# જુનાગઢમાં વોર્ડ નંબર ૧૧માં પાણીની સમસ્યા

**ચોમાસાના મોસમમાં દર વર્ષે ઘરમાં પાણી ઘૂસે છે અને ગટરના પાણી બોરમાં ભળી જતાં જીવલેણ પરિસ્થિતિ ઉભી થાય છે**

। (એજન્સી) જુનાગઢ, તા.૨૦ ।

જુનાગઢ મહાનગરપાલિકા એક તરફ અનેક વાયદાઓ સાથે વિકાસના દાવા કરે છે તો બીજી તરફ વોર્ડ નંબર ૧૧ના શીતલ નગરના રહેવાસીઓ આજે પણ જીવનની મૂળભૂત જરૂરિયાત એવા પીવાના પાણી મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. સ્થાનિકોએ પુરાવા સાથે આક્ષેપ કર્યો છે કે છેલ્લા ઘણા વર્ષોથી મહાનગર પાલિકા બની ગઈ છતાં ન તો પાણીની લાઇન નાખવામાં આવી છે, ન તો ફિલ્ટર પ્લાન્ટ ચાલુ કરવામાં આવ્યો છે. દુર્ગંધ મારતું પાણી લોકો વપરાશમાં લઈ રહ્યા છે ચોમાસાના મોસમમાં દર વર્ષે ઘરમાં પાણી ઘૂસે છે અને ગટરના પાણી બોરમાં ભળી જતાં જીવલેણ પરિસ્થિતિ ઉભી થાય છે. જેને લઈને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો હતો. સ્થાનિક બોર્ડ દ્વારા જે પાણી આવે છે, તેમાં પણ ગટરનું પાણી ભળી જતા દુર્ગંધ મારતું પાણી લોકો વપરાશમાં લઈ રહ્યા છે. શીતલ નગર વિસ્તારમાં સ્થળ મુલાકાત લીધી હતી. રહીશો તરફથી રજૂઆત કરવામાં આવી કે તેમના ઘરો સુધી પીવાના પાણીની પાઈપલાઈન પહોંચી નથી. ત્યારે તાત્કાલિક પાણીની લાઈન નાખવામાં આવે તેવી સૂચના અપાઈ છે. આ વિસ્તાર ઢાળ વાળો હોવાથી અન્ય વિસ્તારનું વરસાદી પાણી અહીં ભરાઈ જાય છે. હાલની મોટી ક્ષમતા વાળી મોટર ઊભી રાખવાની વિચારણા છે. જે ડ્રેનેજ ચેમ્બર્સ છે, તેની ડિઝાઈન પણ બદલાઈ શકે છે. તેમજ, અહીં આવેલી નહેરમાં ગટરના પાણી ભળવાના મુદ્દે પણ કાર્યવાહી થશે. જે રહેવાસીઓએ ગટરના જોડાણ લીધા નથી, તેમને જોડાણ લેવા જણાવાયું છે. આમ સ્થાનિકો દ્વારા પાણીના પ્રશ્નને લઈને ઉગ્ર રજૂઆત કરી હતી અને આ રજૂઆતની કેવી અસર આગામી દિવસોમાં થશે અને કામ પૂર્ણ થશે કે કેમ તે જોવાનું રહ્યું.


## વિશેષ

**'એડવેન્ચર ફેસ્ટ'માં જમીન, પાણી અને આકાશમાં રોમાંચક અનુભવો સાથેની ૧૦થી વધુ એક્ટિવિટીઝ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન**


# મહેસાણાના ધરોઈ ડેમ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તા. ૨૩ મેના રોજ દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ એવા 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નું ઉદ્ઘાટન કરાશે

**પ્રવાસીઓ માટે અતિઆધુનિક AC ટેન્ટ સિટી જેવી કે દરબારી ટેન્ટ, પ્રીમિયમ ટેન્ટ, ડિલક્સ ટેન્ટ સહિતના કુલ ૨૧ ટેન્ટ અને અંદાજિત ૧૦૦થી વધુ બેડની AC ડોર્મિટરીની સુવિધા**









। (માહિતી) ગાંધીનગર ।

મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકામાં આવેલા પ્રસિદ્ધ ધરોઈ ડેમ ખાતે દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ એવા 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નું તા. ૨૩ મે, ૨૦૨૫ના રોજ સવારે ૯:૩૦ કલાકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે. ગુજરાત પ્રવાસન વિભાગ અને એડવેન્ચર ટૂર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા-ATOAI દ્વારા ધરોઈ ખાતે સૌપ્રથમવાર આયોજિત આ 'એડ્વેન્ચર ફેસ્ટ'માં જમીન, પાણી અને આકાશમાં રોમાંચક અનુભવો સાથેની ૧૦થી વધુ એક્ટિવિટીઝ, રહેવા માટે અતિઆધુનિક સુવિધાઓયુક્ત છઝ ટેન્ટ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ' વિશે વિગતો આપતા પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, આ ફેસ્ટમાં વિવિધ આકર્ષણો જેવા કે પાણીમાં પાવર બોટ અને પેરાસેઈલિંગ જેવી એક્ટિવિટીઝ જોવા મળશે. તેવી જ રીતે હવાઈ પ્રવૃત્તિમાં પેરામોટરિંગ તેમજ જમીન પર રોક ક્લાઈમ્બિંગ અને બોલ્ડરિંગ, ટ્રેકિંગ અને હાઈકિંગ ટ્રેલ્સ, માઉન્ટેન બાઈકિંગ, સાઈકલિંગ, કેમ્પિન્ગ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. મંત્રીશ્રી મુળુભાઈએ કહ્યું હતું કે, આ ફેસ્ટમાં ધરોઈ આવતા પ્રવાસીઓને એક યાદગાર અનુભવ મળે તે માટે સ્ટાર ગેઝિંગ અને ખગોળશાસ્ત્ર શિબિર, નેચર વોક અને ફોટોગ્રાફી ટૂર ઉપરાંત મનોરંજન માટે દરરોજ સાંજે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પ્રવાસીઓના ઉત્તમ રહેઠાણ માટે અતિઆધુનિક AC ટેન્ટ સિટી જેમાં વિવિધ કેટેગરી જેવી કે દરબારી ટેન્ટ, પ્રીમિયમ ટેન્ટ, ડિલક્સ ટેન્ટ સહિતના કુલ ૨૧ ટેન્ટ અને અંદાજિત ૧૦૦થી વધુ બેડની AC ડોર્મિટરી તેમજ જમવા માટે આધુનિક ડાઈનિંગ હૉલની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ એડવેન્ચર ફેસ્ટમાં તાત્કાલીક આરોગ્ય સુવિધાઓ, સર્ટિફાઈડ રાઈડ, આગ સામે સુરક્ષાના પગલાં વગેરે વિવિધ સુરક્ષા સંબંધિત બાબતોને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. 'ધરોઈ - એડવેન્ચર ફેસ્ટ' એ માત્ર એક ઉત્સવ નહીં, પણ કુદરતી વાતાવરણમાં સાહસ, સંસ્કૃતિ અને યાદગાર અનુભવનો અનોખો મેળો છે. આ વેકેશન દરમિયાન તમારા પરિવાર અને મિત્રો સાથે ધરોઈની મુલાકાત લઈને એક રોમાંચક અને યાદગાર અનુભવ માણવા માટે પ્રવાસન મંત્રીશ્રીએ સર્વે પ્રવાસીઓને આમંત્રિત કર્યા છે. આ ઉપરાંત 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'માં બુકિંગ અને વધુ વિગતો www.gujarattourism.com, www.dharoiadventurefest.com અને www.bokomyshow.com વેબસાઈટ પરથી મેળવી શકાશે, તેમ પ્રવાસન વિભાગની યાદીમાં જણાવ્યું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## IB ચીફ તપન ડેકાનો કાર્યકાળ ફરી લંબાવાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

કેન્દ્ર સરકારે ઈન્ટેલિજન્સ બ્યુરા(IB)ના ડિરેક્ટર તપન કુમાર ડેકાને એક વર્ષનો કાર્યકાળ લંબાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેબિનેટની નિમણૂક સમિતિ (ACC) એ તેમના સેવા વિસ્તરણને મંજૂરી આપી છે. હવે ડેકા ૩૦ જૂન ૨૦૨૬ સુધી આ પદ પર રહેશે. તેમનો કાર્યકાળ ૩૦ જૂને પૂરો થવાનો હતો. આ સતત બીજી વખત છે જ્યારે ડેકાને તેમની ઉત્તમ કાર્યશૈલી અને દેશની આંતરિક સુરક્ષામાં યોગદાનને કારણે સેવામાં એક વર્ષનું વિસ્તરણ આપવામાં આવ્યું છે. તેમનું નેતૃત્વ કેન્દ્ર સરકાર માટે વિશ્વસનીય અને અસરકારક સાબિત થયું છે.તપન કુમાર ડેકા હિમાચલ પ્રદેશ કેડરના ૧૯૮૮ બેચના IPS અધિકારી છે. તેમને પહેલી વાર જૂન ૨૦૨૨ માં બે વર્ષના સમયગાળા માટે IB ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ડેકાએ તેમની કારકિર્દીનો મોટાભાગનો સમય ઈન્ટેલિજન્સ બ્યુરોમાં વિતાવ્યો છે. તેમણે આતંકવાદ અને ઉગ્રવાદને લગતાં ઘણા મહત્ત્વપૂર્ણ કેસ સંભાળ્યા છે. ખાસ કરીને જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ અને ટાર્ગેટ કિલિંગ સંબંધિત કેસોમાં તેમની ભૂમિકા નિર્ણાયક રહી છે.

## સોનાની દાણચોરીમાં ફસાયેલી અભિનેત્રી રાન્યાના જામીન મંજૂર

। (એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૦ ।

સોનાની દાણચોરીમાં પકડાયેલી કન્નડ અભિનેત્રી રાન્યા રાવના જામીન અંતે મંજૂર થયા છે. બેંગ્લુરૂ કોર્ટે સોનાની દાણચોરીમાં ધરપકડ કરવામાં આવેલી રાન્યા રાવ અને તરૂણ કોંડુરૂ રાજુને વ્યક્તિગત ધોરણે રૂ. ૨ લાખ બોન્ડ પેટે અને બે જામીનોની ખાતરી પર જામીન આપ્યા છે. બેંગ્લુરૂ કોર્ટે બંનેને સુનાવણીની તમામ તારીખો પર હાજર રહેવા તેમજ, તપાસમાં સહભાગી થવાની શરતે જામીન મંજૂર કર્યા છે. વધુમાં પુરાવા સાથે છેડછાડ ન કરવા, કોર્ટની મંજૂરી વિના દેશ ન છોડવા અને ભવિષ્યમાં આ પ્રકારના ગુનાનું આચરણ ન કરવાની શરત પણ મુકી છે. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે, જો તેઓએ કોર્ટની કોઈપણ શરતોનો ભંગ કર્યો તો તેમના જામીન નામંજૂર કરવામાં આવશે. અગાઉ ગતમહિને કોર્ટે તેની જામીન અરજી રદ કરી હતી. રાન્યા રાવે ડીઆરઆઈ (ડાયરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઈન્ટેલિજન્સ) તપાસના ૬૦ દિવસ થયા હોવા છતાં ચાર્જશીટ રજૂ કરવામાં નિષ્ફળ જતાં જામીન માટે અરજી કરી હતી. રાન્યા રાવને જામીન મળ્યા હોવા છતાં COFEPOSA એક્ટ હેઠળ નોંધાયેલા કેસ હેઠળ હજુ કસ્ટડીમાં રહી શકે છે. જેની સુનાવણી ૩ જૂને થવાની છે.

## ભાજપે રાહુલની સરખામણી આસીમ મુનીર સાથે કરી

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

અમિત માલવિયાએ લખ્યું કે રાહુલ ગાંધી પાકિસ્તાન અને તેના સહાનુભૂતિ ધરાવતા લોકોની ભાષા બોલી રહ્યા છે તે આશ્ચર્યજનક નથી. તેમણે ઓપરેશન સિંદૂર માટે વડાપ્રધાનને અભિનંદન આપ્યા ન હતા, જે સ્પષ્ટપણે ભારતનું વર્ચસ્વ દર્શાવે છે.ભાજપના આઈટી સેલના વડા અમિત માલવિયાએ ઓપરેશન સિંદૂર અંગે રાહુલ ગાંધી પર પ્રહારો કર્યા છે. તેમણે ફોટો પોસ્ટ કરીને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પર નિશાન સાધ્યું છે. જેમાં અડધો ફોટો રાહુલ ગાંધીનો છે, જ્યારે બીજો અડધો ફોટો પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરનો છે. આ ફોટો પોસ્ટ કરતી વખત અમિત માલવિયાએ કહ્યું કે રાહુલ ગાંધી પાકિસ્તાનની ભાષા બોલી રહ્યા છે.અમિત માલવિયાએ લખ્યું કે રાહુલ ગાંધી પાકિસ્તાન અને તેના સહાનુભૂતિ ધરાવતા લોકોની ભાષા બોલી રહ્યા છે તે આશ્ચર્યજનક નથી. તેમણે ઓપરેશન સિંદૂર માટે વડા પ્રધાનને અભિનંદન આપ્યા ન હતા, જે સ્પષ્ટપણે ભારતનું વર્ચસ્વ દર્શાવે છે.



નવી દિલ્હીમાં સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

### ગ્લોબલ રિપોર્ટ ઓન ફૂડ ક્રાઇસિસ-૨૦૨૫માં પાકિસ્તાનમાં ખાદ્ય સુરક્ષાની ભયાનક તસવીર

# પાકિસ્તાનમાં એક કરોડ લોકો પર ભૂખમરાનો ખતરો : યુએન રિપોર્ટ

### આ રિપોર્ટ મુજબ કેટલાય વિસ્તારોમાં અનાજની ભારે અછત છે અને લોકો દુષ્કાળ જેવી કટોકટીની સ્થિતિથી ફક્ત એક ડગલું દૂર ઊભા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

પાકિસ્તાન કેટલાય વર્ષોથી આર્થિક તંગીનો સામનો કરી રહ્યું છે. એવામાં હવે એક નવી મુશ્કલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાકિસ્તાનમાં લાખો લોકો પર ભૂખમરાનું સંકટ આવી ગયું છે.

આ ખુલાસો સંયુક્ત રાષ્ટ્રની એક રિપોર્ટમાં થયો છે. સંયુક્ત રાષ્ટ્રના તાજેતરમાં પ્રગટ થયેલાં એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે દેશમાં લગભગ ૧.૧ કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. આ રિપોર્ટ મુજબ કેટલાય વિસ્તારોમાં અનાજની ભારે અછત છે અને લોકો દુષ્કાળ જેવી કટોકટીની સ્થિતિથી ફક્ત એક ડગલું દૂર ઊભા છે. ઉલ્લેખનીય છે કે સંયુક્ત રાષ્ટ્રની ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન(એફએઓ)એ ગત શુક્રવારે પોતાની ગ્લોબલ રિપોર્ટ ઓન ફૂડ ક્રાઈસિસ ૨૦૨૫ પ્રગટ કરી છે. રિપોર્ટમાં પાકિસ્તાનમાં ખાદ્ય અસુરક્ષાને લઈને ભયાનક તસવીર રજૂ કરવામાં આવી છે. આ રિપોર્ટ પ્રમાણે બલૂચિસ્તાન, સિંધ અને ખૈબર પખ્તૂનખ્વા જેવા સંઘર્ષ પ્રભાવિત અને ગરીબ ક્ષેત્રોમાં સ્થિત વધુ દયનીય છે. રિપોર્ટ પ્રમાણે ૧.૧ કરોડ લોકો ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે, જેમાં લગભગ ૧૭ લાખ લોકો એવા છે જેને એફએઓ કટોકટીની સ્થિતિ તરીકે દેખે છે, એટલે કે દુષ્કાળથી ફક્ત એક પગલું દૂર છે. આ પહેલા નવેમ્બર ૨૦૨૩થી જાન્યુઆરી ૨૦૨૪ની વચ્ચે ૧.૧૮ કરોડ લોકો તીવ્ર ખાદ્ય અસુરક્ષાનો સામો કરી રહ્યા હતા. ત્યારે પણ ૨૨ લાખ લોકો કટોકટીની શ્રેણીમાં હતા. આ સાથે જ સિંધ અને ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓમાં પણ તીવ્ર કુપોષણ જોવા મળ્યું છે. તેના પરિણામ સ્વરુપ મોટી સંખ્યામાં બાળકોનો જન્મ ઓછા વજન સાથે થયો, જે તેમના સ્વાસ્થ્ય અને ભવિષ્ય માટે ગંભીર ખતરો છે. બલૂચિસ્તાન અને સિંધના દક્ષિણ ભાગોમાં કુપોષણ પણ એક મોટી ચિંતાનો વિષય છે. એફએઓની રિપોર્ટ એ પણ દર્શાવે છે કે પાકિસ્તાનના કેટલાક જિલ્લામાં ડાયરિયા, તીવ્ર શ્વસન ચેપ અને મેલેરિયા જેવી બીમારીઓ ઉચ્ચસ્તર પર છે.

## ભારતમાં એક જ વર્ષમાં ૧૨ હજાર કરોડ રૂપિયાના ચલણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારત જેવા દેશમાં ટ્રાફિક નિયમોનું મોટા પ્રમાણમાં ઉલ્લંઘન થાય છે. જેના કારણે પરિસ્થિતિ એવી છે કે દરરોજ હજારો ટ્રાફિક ચલણ જારી કરવામાં આવે છે. આ અંગે Cars24 એ એક રિપોર્ટ રજૂ કર્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૪માં ભારતમાં કેટલા ચલણ જારી કરવામાં આવ્યા છે. પરંતુ છેલ્લા એક વર્ષમાં તેમાંથી માત્ર ૨૫% ચલણ જ ભરાયા છે. બાકીના ૭૫% હજુ બાકી છે. આ પહેલી વાર છે જ્યારે Cars24 એ ચલણ ડેટા સંબંધિત આ રિપોર્ટ બહાર પાડ્યો છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૪માં ૧૨,૦૦૦ કરોડ રૂપિયાના ચલણ જારી કરવામાં આવ્યા છે. આમાંથી ૯,૦૦૦ કરોડ રૂપિયાના ચલણ હજુ સુધી જમા થયા નથી. એક વર્ષમાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને ૮,૦૦૦ કરોડથી વધુ ચલણ જારી કરવામાં આવ્યા હતા.

## ભાજપ 'સિંદૂર કી સોદાગર' પાર્ટી, દેશ સાથે દગો ચલાવી ના લેવાયઃ કોંગ્રેસ

### લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે ''દેશને સત્ય જાણવાનો સંપૂર્ણ હક છે''



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ઓપરેશન સિંદૂરને લઈને કોંગ્રેસે સોમવારે કેન્દ્રની ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપ લગાવ્યા છે. કોંગ્રેસના નેતા પવન ખેરાએ સોમવારે પત્રકાર પરિષદ યોજીને ભાજપને 'સિંદૂર કી સોદાગાર' ગણાવી છે. આ સાથે કોંગ્રેસ નેતાએ એમ કહ્યું કે ટ્રમ્પ દાવો કરી રહ્યા છે કે તેમણે યુદ્ધ રોકાવ્યું. ટ્રમ્પે ભારતને વ્યાપાર બંધ કરવાની ધમકી આપી. એટલે સિંદૂરનો સોદો થતો રહ્યો અને વડાપ્રધાન ચૂપ રહ્યા.આ સાથે પવન ખેરાએ વિદેશમંત્રી એસ.જયશંકરને રાહુલ ગાંધીએ પૂછેલા સવાલો ફરીથી પૂછ્યા છે. તેમણે કહ્યું કે વિદેશમંત્રીએ સ્વીકાર્યુ છે કે તેમણે એર સ્ટ્રાઇક પહેલા પાકિસ્તાનને જાણકારી આપી દીધી હતી. હવે સરકાર જણાવે, આ કારણે આપણે કેટલા વિમાનો ગુમાવ્યા. કોઈ ભૂલ નથી, એ અપરાધ છે, પાપ હતું. દેશને સત્ય જાણવાનો હક છે. બીજી તરફ, રાહુલ ગાંધીના આક્ષેપો પર વિદેશ મંત્રાલયે જવાબ આપીને કહ્યું કે વિદેશમંત્રીએ કહ્યું હતું કે ઓપરેશનના આરંભમાં પાકિસ્તાનને ચેતવણી આપી હતી. હવે તેને એવી રીતે રજૂ કરવામાં આવે છે જાણે કે ઓપરેશન પહેલા તેમણે જાણકારી આપી હતી. તથ્યોને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહ્યા છે. અમે તેનો વિરોધ કરીએ છીએ.કોંગ્રેસે 'ઓપરેશન સિંદૂર'ના સંદર્ભમાં વિદેશ મંત્રી એસ.જયશંકરની એક કથિત ટિપ્પણી અંગે કહ્યું કે, આ અપરાધ છે અને પાપની શ્રેણીમાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રીએ તેનો જવાબ આપવો જોઈએ. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે ''દેશને સત્ય જાણવાનો સંપૂર્ણ હક છે.'' બીજી તરફ, ભાજપના આઈટી સેલના પ્રમુખ અમિત માલવીયે કહ્યું કે, ''રાહુલ ગાંધીની મૂર્ખતા ફક્ત આકસ્મિક નથી, ભયાનક પણ છે. એ તથ્યોને તોડી-મરોડીને રજૂ કરી રહ્યા છે અને પાકિસ્તાનની ભાષા બોલી રહ્યા છે.''

### ક્ષત્રિયો વિરૂદ્ધ વિવાદાસ્પદ નિવેદન આપનારા વધુ એક રાજકરણી ફસાયા

## હનુમાન બેનીવાલની વિવાદિત ટિપ્પણી બાદ કરણી સેનામાં આક્રોશ

### ક્ષત્રિય કરણી સેનાના અધ્યક્ષ ડો. રાજ શેખાવતે નારાજગી વ્યક્ત કરતાં જડબાતોડ જવાબ આપવાની જાહેરાત કરી છે તેમજ પોતાના કાર્યકારોને તૈયાર રહેવા આહ્વાન કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

સપાના સાંસદ રામજી લાલ સુમન બાદ ક્ષત્રિયો વિરૂદ્ધ વિવાદાસ્પદ નિવેદન આપનારા વધુ એક રાજકરણી ફસાયા છે. નાગૌરના સાંસદ અને રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટીના અધ્યક્ષ હનુમાન બેનીવાલે ક્ષત્રિયોની લાગણી દુભાવતું નિવેદન આપતાં ક્ષત્રિય કરણી સેનાએ નારાજગી વ્યક્ત કરી છે. બેનીવાલે રાજસ્થાનના રાજા-મહારાજાઓ અને ઈતિહાસ મુદ્દે ટીપ્પણી કરી હતી. જેથી રાજપૂત સમાજ રોષે ભરાયો હતો. ક્ષત્રિય કરણી સેનાના અધ્યક્ષ ડો. રાજ શેખાવતે નારાજગી વ્યક્ત કરતાં જડબાતોડ જવાબ આપવાની જાહેરાત કરી છે. તેમજ પોતાના કાર્યકારોને તૈયાર રહેવા આહ્વાન કર્યું છે. શેખાવતે હનુમાન બેનીવાલના નિવેદનને ક્ષત્રિય સમાજનું અપમાન કર્યું હોવાનું જણાવતાં કહ્યું છે કે, આ અમારા ગૌરવશાળી પૂર્વજો અને વિરાંગનાઓનું અપમાન છે. અમારા પૂર્વજો અને ક્ષત્રિયો વિરૂદ્ધ ફરી એકવાર અભદ્ર ટીપ્પણી થઈ છે. તે પણ એક લોકસેવક, રાજસ્થાનના સાંસદ હનુમાન બેનીવાલ દ્વારા. જે જરાય ચલાવી લેવામાં આવશે નહીં. અમે ઝડપથી બેનીવાલને તેનો જડબાતોડ જવાબ આપીશું. કરણી સેના આ મુદ્દાને માત્ર આક્ષેપ અને નિવેદનબાજી સુધી સીમિત રાખશે નહીં. વધુમાં શેખાવતે કહ્યું કે, ટૂંકસમયમાં જ રાજસ્થાન સાંસદ હનુમાન બેનીવાલને આક્રમક જવાબ આપીશું.

## જમ્મુ-કાશ્મીરમાં તૈનાત 3 જવાનોની ડ્રગ્સ દાણચોરીના આરોપમાં ધરપકડ

। (એજન્સી) જમ્મુ, તા.૨૦ ।

લુધિયાણા (ગ્રામીણ) ના પોલીસ અધિક્ષક અંકુર ગુપ્તાએ જણાવ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં પ્રેસ કોન્ફરન્સ કરશે અને વધુ વિગતો શેર કરશે. એક વરિષ્ઠ તપાસ અધિકારીએ જણાવ્યું કે બે દિવસ પહેલા, વિક્રમજીતને લુધિયાણાના પમાલ ગામમાં પોલીસ ચોકી પર રોકવામાં આવ્યો હતો અને તેની પાસેથી ૨૫૫ ગ્રામ હેરોઈન મળી આવ્યું હતું. પૂછપરછ દરમિયાન વિક્રમજીતે જણાવ્યું કે તે શ્રીનગરમાં કોન્સ્ટેબલ તરીકે તૈનાત હતો. અધિકારીએ નામ ન આપવાની શરતે ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે, ''વિક્રમજીત, જસ્સી અને બલી પાકિસ્તાનથી નિયંત્રણ રેખા પાર કરીને હેરોઈનની દાણચોરી કરતા હતા અને તેને પંજાબમાં વેચતા હતા. વિક્રમજીત દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે, લુધિયાણા પોલીસની એક ટીમ જમ્મુ અને કાશ્મીર ગઈ હતી અને શ્રીનગરથી જસ્સી અને બલી (બંને આર્મીમાં હવાલદાર તરીકે તૈનાત)ની ધરપકડ કરી હતી. અધિકારીએ વધુમાં જણાવ્યું, ''શ્રીનગરમાં એક વર્ષથી વધુ સમયથી તૈનાત વિક્રમજીત વારંવાર રજા લઈને આ કામ માટે પોતાના વતન આવતો હતો.

### રેલવે ત્રણ મહિનામાં ૩૧૦૦૦ લોકોને ફટકાર્યો દંડ

## રેલવે દ્વારા ગમે ત્યાં થૂંકનારા, ગંદકી ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી

### તેઓ પાસેથી ૩૨,૩૧,૭૪૦ રૂપિયાનો દંડ વસૂલ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

જાહેર માર્ગો, બસ સ્ટેશનો, રેલવે સ્ટેશનો સહિતના સ્થળો પર ગમે ત્યાં થૂંકનારાઓ અને ગંદકી ફેલાવનારાઓ ક્યારેય પોતાની હકકતોથી બાજ આવતા નથી. ભારતીય રેલવે અને સરકારો દ્વારા અનેક પ્રયાસો કરવા છતાં આવા લોકો સુધરવાનું નામ લેતા નથી અને રેલવે સ્ટેશન પર ગંદકી ફેલાવતા રહે છે, ત્યારે રેલવે તંત્રએ હવે આવા લોકો સામે કડક કાર્યવાહી કરવાની શરુ કરી દીધી છે. પૂર્વ રેલવેએ જાન્યુઆરીથી માર્ચ મહિના સુધી રેલવે સ્ટેશનો પર ગંદકી ફેલાવનારા ૩૧,૫૭૬ વ્યક્તિઓને પકડી પાડ્યા છે અને તેઓ પાસેથી ૩૨,૩૧,૭૪૦ રૂપિયાનો દંડ વસૂલ્યો છે. જો કોઈ વ્યક્તિ રેલવે સ્ટેશન પર થૂંકે અથવા ગંદકી



ફેલાવે તો તેને ભારતીય રેલ્વે અધિનિયમ ૧૯૮૯ની કલમ ૧૪૦ હેઠળ રૂપિયા ૫૦૦નો દંડ ફટાકરવામાં આવી શકે છે. કેટલાક કિસ્સાઓમાં સજાપાત્ર ગુનો પણ દાખલ કરવામાં આવી શકે છે. એટલે કે આવા લોકોને સજા પણ થઈ શકે છે. આમ તો સામાન્ય રીતે દંડ જ ફટકારવામાં આવે છે. રેલવે સ્ટેશનના પરિસર, પ્લેટફોર્મ, ફૂટ ઓવરબ્રિજ અને ટ્રેનની અંદર થૂંકવાથી અને કચરો ફેંકવાથી માત્ર સ્વચ્છતા જ નહીં, મુસાફરોને પણ ભારે હાલાકી ભોગવતા હોય છે.

### બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ધીમે ધીમે અને સ્થિર રીતે આગળ વધી રહ્યો છે

# બુલેટ ટ્રેન કેટલે પહોંચી? સ્વયં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આપ્યું અપડેટ

### એડવાન્સ્ડ ટ્રેક સ્લેબ લેઇંગ કારનો ઉપયોગ કરીને, હાઇ-સ્પીડ ટ્રેન કામગીરી માટે સ્થિર આધાર સુનિશ્ચિત કરવા માટે પ્રીકાસ્ટ ટ્રેક સ્લેબ સ્થાપિત કરાવ્યા હતા

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ધીમે ધીમે અને સ્થિર રીતે આગળ વધી રહ્યો છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે મંગળવારે આ પ્રોજેક્ટના નિર્માણ અંગેના તાજેતરના અપડેટમાં માહિતી આપી હતી કે ૩૦૦ કિમી લાંબા પુલનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. ભારતમાં પ્રથમ વખત તેના બાંધકામ માટે ફુલ સ્પાન લોન્ચિંગ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અગાઉ, એડવાન્સ્ડ ટ્રેક સ્લેબ લેઈંગ કારનો ઉપયોગ કરીને, હાઈ-સ્પીડ ટ્રેન કામગીરી માટે સ્થિર આધાર સુનિશ્ચિત કરવા માટે પ્રીકાસ્ટ ટ્રેક સ્લેબ સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ ભારતના પ્રથમ બુલેટ ટ્રેન કોરિડોરના નિર્માણમાં સતત પ્રગતિ દર્શાવે છે. વડોદરામાં બુલેટ ટ્રેન



સ્ટેશનનું નિર્માણ કાર્ય પણ સતત ચાલી રહ્યું છે. સમાચાર અનુસાર, હાલના રેલ્વે સ્ટેશન અને સેન્ટ્રલ બસ ડેપોની નજીક સ્થિત, આ સ્ટેશન બહુવિધ પરિવહન વિકલ્પોની સરળ ઍક્સેસ પ્રદાન કરશે, કનેક્ટિવિટી અને મુસાફરોની સુવિધામાં વધારો કરશે. આ ઉપરાંત, બુલેટ ટ્રેનના મૂળ સ્ટેશન, મુંબઈના બીકેસી સ્ટેશન પર કામ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ બહુમાળી ઈમારતની ટોચ પર બનાવવામાં આવશે. તેમાં ૩ ભોંયરાઓ છે. આ એક વિશ્વ કક્ષાનું સ્ટેશન બની રહ્યું છે. ટનલનું કામ પણ ઝડપથી ચાલી રહ્યું છે. અમદાવાદથી ૫૦૮ કિમી લાંબા ટ્રેક પર ૧ લાખ કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે, દેશની પ્રથમ બુલેટ ટ્રેનનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર સિવિલ બાંધકામનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ માટેના સ્ટીલ પુલો 'મેક ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ ૩૨૦ કિમી/કલાકની ઝડપને ટેકો આપવા માટે ડિઝાઈન અને ઉત્પાદિત કરવામાં આવ્યા છે. મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC) વિસ્તારથી શરૂ થતી, ૩૨૦ કિમી/કલાકની ઝડપે દોડતી હાઈ-સ્પીડ ટ્રેન આ પ્રદેશમાં આંતર-શહેર મુસાફરીમાં ક્રાંતિ લાવશે અને મુંબઈ, વાપી, સુરત, આણંદ, વડોદરા અને અમદાવાદના અર્થતંત્રોને એકીકૃત કરશે.

### પુતિન સાથે ફોન પર બે કલાક વાતચીત કરી

# રશિયા યુક્રેન યુદ્ધવિરામ મુદ્દે ડોનાલ્ડ ટ્રમ્પનું મોટું નિવેદન

### રશિયા અને યુક્રેન તાત્કાલિક યુદ્ધવિરામ માટે વાટાઘાટો શરૂ કરશે અને વધુ અગત્યનું છે જે યુદ્ધનો અંત લાવશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

અમેરિકાની દરમિયાનગિરીથી છેલ્લા ત્રણ વર્ષથી પણ વધુ સમયથી ચાલી રહેલા રશિયા યુક્રેન યુદ્ધ વિરામની પ્રબળ શકયતા વ્યક્ત કરવામાં આવી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ સતત આ અંગે પ્રયત્ન કરી રહ્યા છે. જેમાં હાલમાં જ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાત કરી છે. આ વાતચીત લગભગ બે કલાક ચાલી હતી. જ્યારે પોતાના ટ્રુથ સોશિયલ પર આ વાતચીત વિશે માહિતી આપતાં ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું કે આ ખૂબ જ સારી વાતચીત હતી. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં લખ્યું, ''મેં હમણાં જ રશિયન રાષ્ટ્રપતિ



વ્લાદિમીર પુતિન સાથે બે કલાકની વાતચીત પૂર્ણ કરી છે. મારું માનવું છે કે તે વાતચીત ખૂબ જ સારી રહી. રશિયા અને યુક્રેન તાત્કાલિક યુદ્ધવિરામ માટે વાટાઘાટો શરૂ કરશે અને વધુ અગત્યનું છે જે યુદ્ધનો અંત લાવશે. આ માટેની શરતો બંને પક્ષો વચ્ચેની વાટાઘાટો દ્વારા નક્કી કરવામાં આવશે. કારણ કે આ ત્યારે જ થઈ શકે છે જ્યારે તેમની પાસે વાતચીત વિશે એવી માહિતી હોય કે જેના વિશે બીજું કોઈ જાણતું ન હોય.ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, આ વાતચીત સકારાત્મક હતી. તેમજ યુદ્ધ સમાપ્ત બાદ રશિયા અમેરિકા સાથે મોટા પાયે વેપાર કરવા માંગે છે અને હું તેની સાથે સંમત છું. રશિયા માટે મોટી સંખ્યામાં રોજગારી અને સંપત્તિનું સર્જન કરવાની મોટી તક છે. જયારે યુક્રેન તેના દેશના પુનર્નિર્માણની પ્રક્રિયામાં વેપારનો મોટો લાભાર્થી બની શકે છે. રશિયા અને યુક્રેન વચ્ચે વાતચીત ટૂંક સમયમાં શરૂ થશે.આ સાથે ટ્રમ્પે કહ્યું કે રાષ્ટ્રપતિ પુતિન સાથેના ફોન કોલ પછી તરત જ, મેં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી, યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની, જર્મન ચાન્સેલર ળેડરિક મેર્ઝ અને ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેકઝાન્ડર સ્ટબને આ અંગે જાણ કરી.

## તંત્રી લેખ...

# ચીનને પછાડીને વિશ્વનું સૌથી મોટું બજાર બન્યું

ભારતમાં ઇલેક્ટ્રિક થ્રી-વ્હીલરનું વેચાણ ૨૦૨૪માં ૨૦ ટકા વધીને ૭ લાખ વાહનો સુધી પહોંચી ગયું છે. આ સાથે ઇન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)ના એક અહેવાલ મુજબ, ભારતને સતત બીજા વર્ષે ઇલેક્ટ્રિક થ્રી-વ્હીલર માટે વિશ્વનું સૌથી મોટું બજાર માનવામાં આવ્યું છે, જે ચીનથી આગળ છે. IEAનો ગ્લોબલ EV આઉટલુક ૨૦૨૫ રિપોર્ટ દર્શાવે છે કે થ્રી-વ્હીલર બજાર ખૂબ જ કેન્દ્રિત છે, જેમાં ચીન અને ભારત ઇલેક્ટ્રિક અને ટ્રેડિશનલ થ્રી-વ્હીલર વેચાણમાં ૯૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, "છેલ્લા ત્રણ વર્ષમાં ચીનમાં થ્રી-વ્હીલરનું ઇલેક્ટ્રિફિકેશન ૧૫ ટકાથી ઓછા દરે સ્થિર રહ્યું છે. ૨૦૨૩માં ભારત ઇલેક્ટ્રિક થ્રી-વ્હીલર માટે વિશ્વનું સૌથી મોટું બજાર બની ગયું અને ૨૦૨૪માં આ સ્થિતિ જાળવી રાખી છે, જેમાં વેચાણ વાર્ષિક ધોરણે ૨૦ ટકા વધીને લગભગ ૭,૦૦,૦૦૦ વાહનો થયું છે. રિપોર્ટમાં જણાવાયું છે કે નવી પીએમ ઈ-ડ્રાઈવ યોજના હેઠળ સરકારી સમર્થન સાથે આ વધતો ટ્રેન્ડ ચાલુ રહેવાની શક્યતા છે, જે ૨૦૨૪ સુધીમાં ૩,૦૦,૦૦૦થી વધુ ઇલેક્ટ્રિક થ્રી-વ્હીલર્સનો વ્યાપારી ઉપયોગ કરવામાં મદદ કરી છે. અહેવાલ મુજબ ચીન, ભારત અને દક્ષિણપૂર્વ એશિયા વિશ્વના સૌથી મોટા ટુ અને થ્રી-વ્હીલર બજારો છે, જે ૨૦૨૪ સુધીમાં વૈશ્વિક વેચાણમાં લગભગ ૮૦ ટકા હિસ્સો ધરાવે છે, આ પ્રદેશોમાં ખાનગી પેસેન્જર પરિવહનના પ્રાથમિક માધ્યમ તરીકે ટુ અને થ્રી-વ્હીલર વાહનો સેવા આપી રહ્યા છે. IEAના અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારતમાં ઇલેક્ટ્રિક કારનું કુલ વેચાણ ૨૦૨૪માં ૨ ટકા વધીને લગભગ ૧,૦૦,૦૦૦ યુનિટ થયું છે. ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૩૫,૦૦૦ ઇલેક્ટ્રિક કારનું વેચાણ નોંધાયું હતું, જે વાર્ષિક ધોરણે ૪૫ ટકાનો વધારો દર્શાવે છે. ભારતમાં ઈવી પર ઊંચી આયાત જકાત અને સ્થાનિક રીતે ઉત્પાદિત, સસ્તા ઇલેક્ટ્રિક મોડેલ્સની ઉપલબ્ધતાને કારણે ૨૦૨૪માં દેશના ઈવી વેચાણમાં ચીની આયાતનો હિસ્સો ૧૫ ટકાથી નીચે રહ્યો છે. એકંદરે ૨૦૨૪માં બેટરી ઇલેક્ટ્રિક અને ICE કાર વચ્ચેનો સરેરાશ ભાવ તફાવત નાની કાર માટે ૧૫ ટકાથી ઓછો અને SUV માટે ૨૫ ટકાથી ઓછો થયો છે.


# પ્રધાનમંત્રી મોદી ૨૨ મેના રોજ રાજસ્થાનના બિકાનેરની પાલના ખાતે મુલાકાત લેશે

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન-રાષ્ટ્રને સમર્પિત કરશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૨ મેના રોજ રાજસ્થાનની મુલાકાત લેશે. તેઓ સવારે ૧૧ વાગ્યે બિકાનેર જશે અને દેશનોકમાં કરણી માતા મંદિરની મુલાકાત લેશે. આ પછી પ્રધાનમંત્રી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકસિત દેશનોક સ્ટેશનનું ઉદ્ઘાટન કરશે અને બિકાનેર-મુંબઈ એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપશે. ત્યારબાદ, તેઓ ૨૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કરશે અને પાલનામાં એક જાહેર સમારોહને પણ સંબોધિત કરશે. દેશમાં રેલ માળખાગત સુવિધાઓમાં સતત સુધારો અને વૃદ્ધિ કરવાની તેમની પ્રતિબદ્ધતાને અનુરૂપ, પ્રધાનમંત્રી ભારતના ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૮૬ જિલ્લાઓમાં રૂ. ૧,૧૦૦ કરોડથી વધુના ખર્ચે વિકસિત ૧૦૩ પુનઃવિકસિત અમૃત સ્ટેશનોનું ઉદ્ઘાટન કરશે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ, પ્રાદેશિક સ્થાપત્યને પ્રતિબિંબિત કરવા અને મુસાફરોની સુવિધાઓ વધારવા માટે ૧,૩૦૦ થી વધુ સ્ટેશનોને આધુનિક સુવિધાઓ સાથે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યા છે. કરણી માતા મંદિરની મુલાકાત લેતા યાત્રાળુઓ અને પ્રવાસીઓને સેવા આપતું દેશનોક રેલવે સ્ટેશન મંદિર સ્થાપત્ય, કમાન અને સ્તંભ થીમથી પ્રેરિત છે. તેલંગાણાનું બેગમપેટ રેલવે સ્ટેશન કાકટિયા સામ્રાજ્યના સ્થાપત્યથી પ્રેરિત છે. બિહારના થાવે સ્ટેશનમાં ૫૨ શક્તિપીઠોમાંથી એક મા થાવેવાળીનું પ્રતિનિધિત્વ કરતી અને મધુબની ચિત્રો દર્શાવતી વિવિધ ભીંતચિત્રો અને કલાકૃતિઓ છે. ગુજરાતનું ડાકોર સ્ટેશન રણછોડરાયજી મહારાજ દ્વારા પ્રેરિત છે. ભારતભરમાં પુનઃવિકસિત AMRUT સ્ટેશનો સાંસ્કૃતિક વારસા, દિવ્યાંગજનો માટે મુસાફરો-કેન્દ્રિત સુવિધાઓ અને મુસાફરીના અનુભવને વધારવા માટે ટકાઉ પ્રથાઓ સાથે આધુનિક માળખાગત સુવિધાઓને એકીકૃત કરે છે. ભારતીય રેલવે તેના નેટવર્કના ૧૦૦% વિદ્યુતીકરણ તરફ આગળ વધી રહી છે, જે રેલવે કામગીરીને વધુ કાર્યક્ષમ અને પર્યાવરણને અનુકૂળ બનાવે છે. તદનુસાર, પ્રધાનમંત્રી ચુરુ-સાદુલપુર રેલવે લાઈન (૫૮ કિમી) અને સુરતગઢ-ફલોદી (૩૩૬ કિમી)નો શિલાન્યાસ કરશે. ફુલેરા-દેગાણા (૧૦૯ કિમી), ઉદયપુર-હિંમતનગર (૨૧૦ કિમી), ફલોદી-જૈસલમેર (૧૫૭ કિમી) અને સમદરી-બાડમેર (૧૨૯ કિમી) રેલ લાઈનના વીજળીકરણ ને રાષ્ટ્રને સમર્પિત કરશે. રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપવા માટે પ્રધાનમંત્રી ૩ વાહન અંડરપાસના નિર્માણ, રાષ્ટ્રીય ધોરીમાર્ગોને પહોળા અને મજબૂત બનાવવા માટે શિલાન્યાસ કરશે. તેઓ રાજસ્થાનમાં ૭ રોડ પ્રોજેક્ટ્સ પણ સમર્પિત કરશે. ૪,૮૫૦ કરોડથી વધુના ખર્ચે બનેલા રોડ પ્રોજેક્ટ્સથી માલસામાન અને લોકોની અવરજવર સરળ બનશે. આ હાઈવે ભારત-પાકિસ્તાન સરહદ પર ફેલાયેલા છે, જે સુરક્ષા દળો માટે પ્રવેશમાં વધારો કરે છે અને ભારતના સંરક્ષણ માળખાને મજબૂત બનાવે છે. બધા માટે વીજળી અને ગ્રીન અને સ્વચ્છ ઉર્જાના વિઝનને આગળ ધપાવતા પ્રધાનમંત્રી બિકાનેર અને નાવા, દિડવાના, કુચામન ખાતે સૌર પ્રોજેક્ટ્સ અને પાર્ટ બી પાવરગ્રીડ સિરોહી ટ્રાન્સમિશન લિમિટેડ અને પાર્ટ ઈ પાવરગ્રીડ મેવાડ ટ્રાન્સમિશન લિમિટેડના પાવર ઈવેક્યુએશન માટે ટ્રાન્સમિશન સિસ્ટમ્સ સહિત પાવર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે. તેઓ બિકાનેરમાં સૌર પ્રોજેક્ટ, પાવરગ્રીડ નીમચ અને બિકાનેર સંકુલમાંથી ખાલી કરાવવા માટે ટ્રાન્સમિશન સિસ્ટમ, ફતેહગઢ-II પાવર સ્ટેશન ખાતે ટ્રાન્સફોર્મેશન ક્ષમતાનું વિસ્તરણ સહિત પાવર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન પણ કરશે, જે સ્વચ્છ ઉર્જા પ્રદાન કરશે અને કાર્બન ઉત્સર્જન ઘટાડશે. પ્રધાનમંત્રી રાજસ્થાનમાં માળખાગત સુવિધાઓ, કનેક્ટિવિટી, વીજ પુરવઠો, આરોગ્ય સેવાઓ અને પાણીની ઉપલબ્ધતા વધારવા માટે રાજસ્થાનમાં ૨૫ મહત્વપૂર્ણ રાજ્ય સરકારના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કરશે. આમાં ૩,૨૪૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ૭૫૦ કિમીથી વધુ લંબાઈના ૧૨ રાજ્ય ધોરીમાર્ગોના અપગ્રેડેશન અને જાળવણી માટેના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કરવાનો સમાવેશ થાય છે.

**હકીકતમાં વૃક્ષો ઘટી જવાથી વરસાદ ઓછો અથવા કમોસમી થાય છે, અને બીજુ ઓક્સિજનનું લેવલ ઘટતું જાય છે !**

# પરસોત્તમ ભાઈ એ એવું કયું કાર્ય કર્યું, જેમાં રૂપિયા પૈસાની જરૂર નહોતી?



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ઘણીવાર આપણને એવું લાગે કે આપણે ઘણું કરવું છે પણ આપણી પાસે રુપિયા નથી, સેવા કરવા માટે રૂપિયા પૈસાની જરૂર હોતી જ નથી, માત્રને માત્ર કોઈ સંકલ્પ હોવો જોઈએ, અને તે સંકલ્પ પૂરો કરવા માટેની લગન હોવી જોઇએ. પરંતુ એવા કેટલાય કામ છે, જેમાં એક પણ રૂપિયા પૈસાની જરૂર પડતી નથી દાખલા તરીકે પર્યાવરણની સુરક્ષા અને શુદ્ધતા માટેનો પ્રયોગ દરેક વ્યક્તિ કરી શકે.**

કાળા કોપ ની ગરમી પડે છે અને આજે તો પાછો મેસેજ આવ્યો કે ૨૯ મેં થી ૨૦ જૂન સુધી હાઈ એલર્ટ છે, અને ગરમી ૫૫ સેં ની અંક પાર કરી શકે છે. આપણે ઘણીવાર ચિંતનમાં વાત કરી છે કે પ્રદૂષણ વધતું જાય, એમ એમ કુદરતી કોપ પણ વધતો જાય છે! આપણે સૌ તો આવા બૂમબરાડા પાડીને કે મેસેજ ફોરવર્ડ કરીને આપણે કંઈક કર્યું એવો સંતોષ માની લેતા હોઈએ છીએ, પણ હકીકતમાં વૃક્ષો ઘટી જવાથી વરસાદ ઓછો અથવા કમોસમી થાય છે, અને બીજુ ઓક્સિજનનું લેવલ ઘટતું જાય છે ! વાતાવરણમા કાર્બન ડાયોક્સાઈડ અને કાર્બન મોનોક્સાઈડ વાયુનું પ્રમાણ વધી ગયું છે, આ ઉપરાંત કેમિકલ ફેક્ટરી ના વેસ્ટેજ અને પેટ્રોલ ડિઝલના બેફામ ઉપયોગને કારણે વાતાવરણમાં ઝેરીલા વાયુઓ વધતા જ જાય છે. દરેક વ્યક્તિ પોતાની ફરજ સમજીને જો થોડું થોડું વૃક્ષારોપણ કરે તો આપણી ઘણી સમસ્યા ઓછી થઈ જાય. ઘણીવાર આપણને એવું લાગે કે આપણે ઘણું કરવું છે પણ આપણી પાસે રુપિયા નથી. સેવા કરવા માટે રૂપિયા પૈસાની જરૂર હોતી જ નથી, માત્રને માત્ર કોઈ સંકલ્પ હોવો જોઈએ, અને તે સંકલ્પ પૂરો કરવા માટેની લગન હોવી જોઈએ. પરંતુ એવા કેટલાય કામ છે, જેમાં એક પણ રૂપિયા પૈસાની જરૂર પડતી નથી દાખલા તરીકે પર્યાવરણની સુરક્ષા અને શુદ્ધતા માટેનો પ્રયોગ દરેક વ્યક્તિ કરી શકે. પરંતુ એ આપણાથી થતું નથી. આજે આપણે એવા એક અનોખાં પર્યાવરણ પ્રેમીની વાત કરીશું. પરસોત્તમભાઈ ખૂબ જ ઉમદા વ્યક્તિત્વ વાળા માણસ હતા, પરંતુ રૂપિયા એટલાંહતાં નહીં. થોડા ઢોરઢાંખર હતાં અને એમાંથી દૂધ વેચી જે રૂપિયા મળે એમાંથી ગુજરાન ચલાવતાં હતાં ઢોરને સીમમાં ચરાવવા જાય ત્યારે તેમને રોજ વિચાર આવે કે ઈશ્વરે જો આ પાક સાથે ઉગતું નીંદામણનું લીલું ઘાસ ઉગાડયું ન હોત તો આ બધા ઢોરઢાંખર શું ખાત? નદી નાળા માટે પાણી વરસાવ્યું નહોત તો? આમ રોજ ઈશ્વરનો પાડ માનતાં. એક દિવસ ઢોર ચરતા મૂકી તે એક ઝાડ નીચે આરામ કરવા બેઠા અને વિચાર આવ્યો કે સીમમાં કેટલો કચરો પડ્યો હોય છે, કંઈ નહીં તો એ પણ ભેગો કરી શકું!! અને આ વાત તેને ગમી. પછી તો રોજ ગાયોને ચરાવવા નીકળે ત્યારે રસ્તામાંથી કાંટા અને બીજો અન્ય કચરો ભેગો કરે, પ્લાસ્ટિકની કોથળીઓ, સડી ગયેલી બોટલો, ઝાડ ઝાંખરા, કાંટા, હાઈવે પરથી પસાર થતી ગાડી વાળા કોઈ એ નાસ્તો કરી ફેંકી દીધેલા ડબાડુબલી,પવનના ઊડી ઊડીને આવતા બીજા કચરા, સ્કૂટર સાયકલના ટાયર આવા તો કેટલીય પ્રકારના કચરાથી સીમ ભરેલી પડી હતી,એ બધું એ રોજ ધીરે ધીરે સાફ કરતા ગયા. પછી તેની નજર કચરો સાફ થતાં ખુલ્લી પડેલી જમીન થઈ ગઈ, અને ત્યાં તેમણે વટેમાર્ગુને છાંયો મળી રહે તેવા વૃક્ષો વાવી તેનો ઉછેર કરવાનું શરૂ કર્યું. રોજ ઢોરઢાંખર ચરતા હોય ત્યારે, પોતે નાળામાંથી પાણી ભરી ભરીને આ બધા વૃક્ષોને પાણી સીંચતા, તેમજ ઢોરઢાંખરે મળ ત્યાગ કર્યો હોય તે ખાતર રૂપે નાંખતા અને વૃક્ષની વૃદ્ધિ થતી. એમના પત્ની પ્રવીણાબેન પણ તેમનો ટેકો કરતાં, તેઓએ વિચાર્યું કે ગાય જે દૂધ આપે છે, એમાંથી ગામના એકાદ બે છોકરાઓ ને મફત દૂધ આપી શકાય! તપાસ કરતા એવા બે ચાર નીકળ્યા. ધીરે ધીરે કરતા પાંચ છોકરાઓને ૫૦૦, ૫૦૦ ગ્રામ એટલે રોજનું અઢી લિટર દૂધ મફત આપવાનું શરૂ થયું. ચાર ગાય, એક ભેંસ, પાંચ બકરી એટલા જ ઢોર હતાં, એટલે આનાથી વધુ થઈ શકે તેમ ન હતું. પરંતુ એકવાર શહેરમાં ગયા તો નર્સરી જોઈ એટલે તેને થયું કે આ ધંધો થઈ શકે, પોતે જ વાવેલા વ્રુક્ષોનાં છાયામાં સીમમાં ઉગતા છોડના બીજ વાવીને નાના-નાના છોડવાઓની કોથળી તૈયાર કરતાં, ગુલમોર ગરમાળો, આંબો, લીમડો, ખાખરો, આસોપાલવ, દાડમ, જમરૂખ, સીતાફળ, લીંબુ, ઉપરાંત અરીઠાં, આંબળા, શિકાકાઈ, એવા તો કઈ કેટલાય છોડ રસ્તે નીકળતાં ગાડીવાળા ખરીદતાં, અને એમાંથી જે કંઈ પૈસા આવે તે સેવા દાનમાં વપરાય. કોઈ કોઈ ઘરમાં દસ કિલો અનાજ, કાચી ખીચડી, ખાંડ એવું ભરવામાં આવે, તો કોઈ વાર કોઈને દવાનાં પૈસા આપ વામાં આવે, અને કોઈ વાર કોઈ બહેન દીકરીનાં લગ્ન થતાં હોય ત્યાં બેચર જોડ સાડી પણ આપવામાં આવે, અને ગામનો કોઈ વિદ્યાર્થી રૂપિયા ના અભાવે ભણવાનું મૂકી દે, તો એને ચોપડા પણ આપે, આમ આ રીતે કંઈક થતું રહેતું, અને એનાથી પતિ-પત્ની બંનેને કંઈક કર્યાનો સંતોષ રહેતો. એકવાર રોજના નિયમ પ્રમાણે સીમ માંથી કચરો ઉપાડી અને હાઈવે પરના ઝાડ પર નાના નાના આઠ-દસ છોડ લઈને પરષોત્તમભાઈ વેચવા માટે બેઠા હતાં. કામ કામને શિખવે એ રીતે હવે પરસોત્તમભાઈ કલમી છોડ પણ બનાવતા હતાં, એટલે કે નાના નાના વૃક્ષોમાં પણ ફળ આવી શકે એવા છોડ તૈયાર કરતા હતાં. આજે ક્યાંથી એક મોટી ઈનોવા ગાડીમાંથી એક શેઠ ઉતર્યા, અને તેમણે એક હજાર રૂપિયા આપી દસેદસ છોડ ખરીદી લીધાં. ગાડી આગળ ચાલી ગઈ ત્યારે પરસોત્તમભાઈનું ધ્યાન પડ્યું કે શેઠ તેનો પોર્ટફોલિયો ભૂલી ગયા છે હવે શું કરશે? એમણે નક્કી કર્યું કે શેઠ ઘરે પહોંચી અને પોર્ટફોલિયોની શોધ કરશે, નહીં મળે એટલે પાછા લેવા આવશે આ એક જ રસ્તો હતો. કારણ કે કોઈ એ એકબીજાનું ઘર જોયું ન હતું.એટલે અહીં બેઠા રહેવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. સંધ્યા ટાણું થયું, રાત થઈ પણ પરષોત્તમભાઈ ત્યાંથી ઊભા થયા નહીં. રાતના દસ વાગ્યા, હવે શું કરું! હવે શું કરું!એમ વિચારતા હતા ત્યાં જ શેઠની ગાડી આવીને ઉભી રહી. શેઠ કંઈ બોલે કે પૂછે એ પહેલા જ પરસોત્તમભાઈ તેમને તેનો પોર્ટફોલિયો પાછો આપતાં બોલ્યાં લો શેઠ તમારી અમાનત એટલે હું છૂટો થાઉં! શેઠ ખુશખુશાલ થઈ ગયાં, કારણકે ગામની જમીનનો બહુ મોટો સોદો કરીને પાછા ફર્યા હતાં, એટલે બહુ બધા રુપિયા તેમાં હતાં. એના મનમાં તો એમ હતું કે, એ માણસ સારો ન હોય તો પોર્ટફોલિયો ન પણ આપે! અને એવું કંઈ ન હોય તોય એને ક્યાં શોધવો, એ સૌથી મોટો પ્રશ્ન હતો. પરંતુ પરસોત્તમભાઈ તો અત્યાર સુધી ત્યાં જ બેઠા હતાં. શેઠે રાજી થઈને તેમને ઈનામ આપ્યું એટલે પરષોત્તમભાઈ એ ના પાડી અને કહ્યું કે ઈશ્વરે બે વખતના રોટલા નીકળી રહે એટલું આપ્યું છે, ખરેખર જો કંઈ કરવાં માંગતા હો તો, આવી બંજર જમીનમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ બચાવી શકાય,આપને તો સમય ન પણ હોય પણ ગમે તે રીતે કંઈક આવું કાર્ય થાય તો સારું!! શેઠે શહેરની બહાર એક નાનો એવો ટુકડો જમીનનો ખરીદી અને પુરુષોત્તમભાઈ ને આપ્યો, અને કહ્યું કે લ્યો હવે તમારી મંઝિલ તમને મુબારક, આ જમીનમાં નાના નાના છોડ ઉછેરી અને જ્યાં તમને ઈચ્છા થાય ત્યાં તેની વાવણી કરજો. આજે તો પરસોત્તમભાઈ એક નાની એવી નર્સરીના માલિક થઈ ગયા છે, પણ તેમનું કાર્ય તે હજી ચૂક્યા નથી, એટલે કે નર્સરીમાં વેચાયેલા છોડના રૂપિયામાંથી ગામના જરૂરીયાત મંદોને મદદ કરવી અને બંજર જમીનમાં વૃક્ષારોપણ કરવું એ તેમના જીવનનું જાણે મુખ્ય કાર્ય હોય તેમ રોજ સવારે એ જ ઉત્સાહથી પતિ-પત્ની બંને આ કાર્ય આજે પણ ધગશ પૂર્વક કરે છે. પરસોત્તમભાઈ જેવા લોકો સમાજમાં છે.એના થકી જ આપણે શ્વાસ માટે આટલો શુદ્ધ ઓક્સિજન મેળવી શકીએ છીએ. આ ઉપરાંત તેમના ઉમદા સ્વભાવને કારણે ગામના કેટલાય લોકોના વ્યવહારો સચવાઈ ગયા, કેટલીયે કન્યાના કન્યા દાન થયાં, સંવેદનાની ધારા આ રીતે ક્યાંક ક્યાંક સતત વહેતી રહે છે, અને એને કારણે જ આપણો સમાજ અડીખમ ઉભો છે.

**ભક્તિમાં સંતોષ માને એ પ્રભુના માર્ગમાં આગળ વધી શકતો નથી, ભક્તિ એવી કરો કે, ભગવાનને તમારું સ્મરણ થાય, ભગવાન તમને યાદ કરે**

# સંતતિ અને સંપત્તિએ ભાગવત કૃપાનું ફળ નથી, તે તો પ્રારબ્ધનું ફળ છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભક્તિમાર્ગ એક જ કારણથી શ્રેષ્ઠ છે કે, જ્યાં સુધી પરમાત્માનુંપ્રત્યક્ષ મિલન ન થાય ત્યાં સુધી ભક્ત એમ જ માને છે કે, પરમાત્માનું મિલન થતું નથી તેમાં મારો જ દોષ છે, ભક્તિમાં દૈન્ય આવે છે, જ્ઞાનમાર્ગમાં યોગી બ્રહ્મ રૂપ થવા લાગે છે અને ત્યારે કેટલાકમાં અભિમાન આવે છે અને તે પડે છે, આશ્રમમાં આવી વિદુરજી મૈત્રેયજીને સાષ્ટાંગ પ્રણામ કરે છે, મૈત્રેય ઋષિ કહે છે વિદુરજી, હું તમને ઓળખું છું, તમે કાંઈ સાધા રણ મનુષ્ય નથી.**

મહા મહિનાનું માવઠું નહી મે-૨૫ મહિનાનું માવઠું વાવાઝોડું ધરતી પુત્રો પશુપાલકોને હચમચાવી રહયું છે.કુદરતી કહેર અટકવાનું નામ લેતું નથી ત્યારે આ કુદરતી કહેરનો બીજો રાઉન્ડ ટૂંક સમય માં શક્તિ વાવાઝોડાના નામથી ત્રાટકશે તેવી શક્યતા છે આવા સંજોગોમાં ખેડૂતો પશુપાલકો સજાગ થાય સરકાર જ સહાય કરે તેવી બહુ આશા રાખવી નહીં સરકાર ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી પરિસ્થિતિમાં છે. શસ્ત્રો ખરીદવા બધું ધ્યાન છે.. સરકાર બિચારી મંત્રી આગેવાનો કાર્યકરો અને તેમના પરિવારને સાચવવામાં એકાગ્ર છે બીજી બાજુ કોરોનાનો નવો વેરિયન્ટ હોંગકોંગ સિંગાપોર થાઈલેન્ડમાં પાછો આવ્યો છે ત્યારે ભારત સહિતના અનેક દેશોમાં ભયનું મોજું ફરી વળ્યું છે જે બાબતે સજાગતા જરૂરી છે. આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો તુલસીદાસ જીએ કહ્યું છે કે,મારા જેવા કામી ને મારો કહેતાં રામજીને શરમ આવે છે,પણ હું તો આપ રાજાધિરાજનાં આંગણા માં બેઠેલો કૂતરો છું. તુલસી કૂત્તા રામકા!મેં તમારો પટ્ટો ગળામાં રાખ્યો છે.હું કૂતરો છું પણ રામજીનો છું.હું પાપી છું પણ તમારો છું. ભોગમાં સંતોષ માનજો, પણ ભગવાનના ભજનમાં કોઈ દિવસ સંતોષ માનશો નહીં.ભક્તિમાં સંતોષ માને એ પ્રભુના માર્ગમાં આગળ વધી શકતો નથી. ભક્તિ એવી કરો કે,ભગવાનને તમારું સ્મરણ થાય, ભગવાન તમને યાદ કરે. ઉદ્ધવજી કહે છે, વિદુરજી, તમે ભાગ્યશાળી છો. ભગવાને એક વખત નહીં, પણ ત્રણ વખત તમને યાદ કરેલા. ભગવાને તમારા માટે મૈત્રેયજીને ખાસ આજ્ઞા કરી છે કે, મારો વિદુર તમને મળે ત્યારે આ ભાગવતધર્મનું જ્ઞાન તેને આપ જો. આ વાત વિદુરજીએ સાંભળી ત્યારે વિદુરજી મૈત્રેયઋષિના આશ્રમમાં જવા નીકળ્યા. યમુનાજીએ કૃપા કરી વિદુરજીને ભક્તિ નું દાન કર્યું. યમુનાજીએ નવધા ભક્તિ આપી, પણ જ્ઞાન-વૈરાગ્ય વગર ભક્તિ થતી નથી. જ્ઞાન-વૈરાગ્યનું દાન ગંગાજી કરે છે. વિદુરજી ગંગાકિનારે મૈત્રેયઋષિ ના આશ્રમમાં આવે છે. ગંગાજીનો બહુ મોટો મહિમા છે. વિદુરજીએ ગંગાજીમાં સ્નાન કર્યું. વિદુરજી વિચારે છેકે,ગંગા કિનારા ના આ પથ્થર ભાગ્યશાળી છે. મૈત્રેયઋષિ જેવાનાં ચરણ આ પથ્થર ઉપર પડતાં હશે આ પથ્થરો ઉપર વૈષ્ણવોની ચરણની રજ પડે છે. મૈત્રેયઋષિ મને ઉપદેશ આપશે કે નહીં. ભલે હું જાતિહીન છું, પણ હું કર્મહીન નથી. હું પાપી છું, અધર્મી છું પણ પરમાત્માએ મને અપનાવ્યો છે. એટલે જરૂર મૈત્રેયઋષિ મને આપશે. ભક્તિમાર્ગ એક જ કારણથીશ્રેષ્ઠ છે કે, જ્યાં સુધી પરમાત્માનુંપ્રત્યક્ષ મિલન ન થાય ત્યાં સુધી ભક્ત એમ જ માને છે કે, પરમાત્માનું મિલન થતું નથી તેમાં મારો જ દોષ છે. ભક્તિમાં દૈન્ય આવે છે. જ્ઞાનમાર્ગમાં યોગી બ્રહ્મ રૂપ થવા લાગે છે અને ત્યારે કેટલાકમાં અભિમાન આવે છે અને તે પડે છે. આશ્રમમાં આવી વિદુરજી મૈત્રેયજીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. મૈત્રેય ઋષિ કહે છે વિદુરજી, હું તમને ઓળખું છું. તમે કાંઈ સાધા રણ મનુષ્ય નથી.તમે યમરાજાનો અવતાર છો. માંડવ્ય ઋષિના શ્રાપથી તમારો આ દાસી પુત્ર તરીકે શૂદ્રને ઘરે જન્મ થયો છે, એક વખત કેટલાક ચોરો ખજાના માંથી ચોરી કરી નાસવા લાગ્યા. રાજાના સેવકો ચોરોને પકડવા તેમની પાછળ પડ્યા.ચોરો ગભરાયા રસ્તામાં માંડવ્યઋષિનો આશ્રમ આવ્યો. ચોરોએ તેમની પાસે જેસઘળું ધન, ઝવેરાત હતું તે માંડવ્યઋષિના આશ્રમમાં ફેંકી તેઓ નાસી ગયા પાછળથી રાજા ના સૈનિકો આશ્રમમાં આવી પહોંચ્યાં આશ્રમમાં રાજ ખજાના નું સઘળું ઝવેરાત જોઈ તેઓએ માન્યું કે,આ ચોરી માંડવ્ય ઋષિએ જ કરી છે. તેઓ એ માંડવ્ય ઋષિને પકડયા. સઘળાં ઝવેરાત સાથે રાજા સમક્ષ માંડવ્ય ઋષિને ખડા કરવામાં આવ્યા. રાજાએ તેમને શૂળી પર ચઢાવવાની સજા કરી. માંડવ્યઋષિને શૂળી પર ચઢાવવામાં આવ્યા. માંડવ્યઋષિ શૂળી ઉપર મંત્રનો જપ કરે છે. માંડવ્યઋષિ મૃત્યુ પામતા નથી. હવે રાજા ગભરાયો.ઋષિને શૂળી ઉપરથી નીચે ઉતરાવ્યા. સઘળી હકીકત જાણી રાજાને દુ:ખ થયું, માફી માગી. માંડવ્યઋષિ કહે છે, રાજન, તને ક્ષમા આપીશ પણ હું યમરાજાને પૂછું આવું કે મને શા માટે સજા કરાવી? મેં કોઈ પાપ કર્યું નથી.હું યમરાજ ન્યાયાધીશને આજે સજા કરીશ.પોતાના ચારિત્ર્ય ઉપર કેવો દઢ વિશ્વાસ! ભરત ખંડનો પવિત્ર બ્રાહ્મણ આજે યમરાજ ન્યાયાધીશનો જવાબ માગવા જાય છે. માંડવ્યઋષિ યમરાજના દરબાર માં આવ્યા. આવીને યમરાજને પૂછે છે,મેં બિલકુલ પાપ કર્યું નથી. તો મને શા માટે શૂળીએ ચઢાવ્યો.શૂળ ઉપર ચઢાવવાની સજા મને મારા કયા પાપ અંગે કરવામાં આવી? યમરાજા ગભરાય છે.યમરાજાએ વિચાર્યું કે,ભૂલ થઈ એમ કહીશ તો શ્રાપ આપશે.એટલે કહેકે, તમે ત્રણ વર્ષના હતા ત્યારે તમે એક પતંગિયાને કાંટો ભોકેલો,તેની તમને આ સજા કરવામાં આવી છે. પાપ જાણીને કરો કે અજાણતાં, પાપની સજા જરૂર ભોગવવી પડે છે.ભગવાન પાપ લેતા નથી. પુણ્ય ભોગવવાની ઈચ્છા ન કરો તો ચાલે પણ પાપ તો ભોગવવું જ પડશે. પુણ્ય શ્રીકૃષ્ણાર્પણ થઈ શકે છે. પાપ શ્રીકૃષ્ણાર્પણ થઈ શકતું નથી પાપ તો ભોગવે જ છૂટકો. ભોગવ્યા વગર પાપનો નાશ થતો નથી. લોકો સાંજે દુકાનેથી ઘરે જતી વખતે મંદિરમાં જાય છે. ભગવાન ને હાથ જોડી કહે છે, આખા દિવસમાં જે જૂઠું બોલ્યો, લોકોને છેતર્યો, જે કાળાં ધોળાં કર્યાં હોય તે બધું હે નાથ,હું તમને અર્પણ કરું છું. પણ ભગવાન પાપ લેતા નથી. સામાન્ય સરકાર પણ કોઈને સજા કરવામાં આવી હોય, તે સજા પરત લેતી નથી. ભગવાન કહે છે,કેવો મૂર્ખ છે?મને પાપ અર્પણ કરવા આવ્યો છે. પરમાત્મા ને હંમેશા પુણ્ય અર્પણ કરજો. પાપ હું ભોગવીશ અને પુણ્ય ઠાકોરજીને અર્પણ કરીશ, એમ કહો. ઠાકોરજીને ઉત્તમમાં ઉત્તમ વસ્તુ અર્પણ કરવી જોઈએ. એનું નામ ભક્તિ. ભગવાનને પુણ્ય અર્પણ કરવાં જોઈએ. માંડવ્યઋષિએ યમરાજાને કહ્યું, શાસ્ત્રમાં એવી આજ્ઞા છે કે, કોઈ મનુષ્ય અજ્ઞાનાવસ્થામાં કાંઈ પાપ કરે તો તેની સજા તેને સ્વપ્ન માં કરવામાં આવે છે.હું બાળક હતો ત્યારે અજ્ઞાન હતો એટલે તે વખતે કરેલાં કૃત્યની સજા તમારે મને સ્વપ્નાવસ્થામાં જ કરવી જોઈતી હતી.માટે તમે મને ગેર વ્યાજબી પણે સજા કરી છે, તેથી હું તમને શ્રાપ આપું છુંકે,જા,શૂદ્ર યોનિમાં તમારો જન્મ થશે. આ પ્રમાણેના માંડવ્યઋષિના શ્રાપ થી યમરાજા વિદુર તરીકે દાસીને ઘરે જન્મ્યા.દેવની ભૂલ થાય તો તે મનુષ્ય બને અને મનુષ્યની ભૂલ થાય.મનુષ્ય પાપ કરે તો ચાર પગ વાળો બને છે, પશુ બને છે. વિદુરજી કહે છે કે,એકવાર મારી ભૂલ થઈ તો દેવનો મનુષ્ય બન્યો. હવે હું અસાવધ રહીશ તો પશુ બનીશ. તે પછી વિદુરજી મૈત્રેયજીને કેટલાંક પ્રશ્નો પૂછે છે: ભગવાન અકર્તા હોવા છતાં કલ્પનાના આરંભમાં આ સૃષ્ટિની રચના તેમણે કેવી રીતે કરી? સંસારમાં સર્વલોક સુખ માટે પ્રયત્ન કરે છે. પણ ન તો એને સુખ મળે છે કે ન તો એનું દુ:ખ દૂર થાય છે.આનો જવાબ મળે એવી કથા કહો તેમજ ભગવાનની લીલાઓનું વર્ણન કરો. મૈત્રેયજીએ કહ્યું, સૃષ્ટિની ઉત્પત્તિની કથા ભાગવતમાં વારંવાર આવે છે. તત્ત્વ દષ્ટિથી જગત ખોટું છે તેથી તેનો વિચાર સાધુઓએ બહુ કર્યો નથી પણ આ સૃષ્ટિના બનાવનારનો વારંવાર વિચાર કર્યો છે. પરમાત્માને માયાનો સ્પર્શ થયો એટલે સંકલ્પ થયો, હું એકનો અનેક થાઉં, પુરુષમાંથી પ્રકૃતિ, પ્રકૃતિમાંથી મહત્ત્વ,મહત્ત્વમાંથી અહંકાર.અહંકારના ચાર પ્રકાર છે પંચતન્માત્રાથી પાંચ મહાભૂતો ની ઉત્પત્તિ થઈ પણએ તત્ત્વો ક્રિયા કરી શકતાં નથી એટલે ઈશ્વરે એકએક વસ્તુમાં પ્રવેશ કર્યો ઉપ નિષદમાં કહ્યું છે, એક-એક વસ્તુ માં પ્રભુએ પ્રવેશ કર્યો છે એટલે જગત પરમાત્માનું મંગલમય સ્વરૂપ છે. ભગવાનની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું. તેમાંથી બ્રહ્મા પ્રગટ્યા બ્રહ્માજીએ કમળનું મુખ શોધવા પ્રયત્ન કર્યો. ત્યાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં. સંતતિ અને સંપત્તિએ ભાગવત કૃપાનું ફળ નથી, તે તો પ્રારબ્ધનું ફળ છે. ભગવાન જેના ઉપર કૃપા કરે છે તેનું મન શુદ્ધ થાય છે.મન શુદ્ધિ વગર ઈશ્વર દર્શન થતું નથી. ઈશ્વર દર્શન વિના જીવન સફળ થતું નથી. પછી બ્રહ્માજીએ સૃષ્ટિ નિર્માણ કરી. પ્રથમ સ્વયંભુ મનુ અને શતરૂપા રાણી થયાં. તે વખતે ધરતી રસાતળમાં ડૂબી ગઈ હતી. બ્રહ્માએ વિચાર્યુંકે પ્રજાનું નિર્માણ કરીશ, પણ પ્રજાને રાખીશ ક્યાં?ત્યાં નાસિકામાંથી વરાહ ભગવાન પ્રગટ થયા. વરાહ ભગવાન પૃથ્વી બહાર કાઢે છે. રસ્તામાં હિરણ્યાક્ષ મળ્યો,તેને માર્યો અને પૃથ્વીનું રાજ મનુ મહારાજને અર્પણ કરી ભગવાન સ્વધામમાં પધાર્યા. વિદુરજીએ કહ્યું,આપે બહુ સંક્ષેપ માં કથા સંભળાવી.હવે આ કથા નું રહસ્ય કહો. આ હિરણ્યાક્ષ કોણ હતો?ધરતી રસાતળમાં કેમ ડૂબી હતી?વરાહ નારાયણનું ચરિત્ર મને સંભળાવો. મૈત્રેયજી વિદુરજી અને શુકદેવજી પરીક્ષિત ને આ કથા સંભળાવે છે. કશ્યપઋષિનાં ધર્મપત્ની દિતિ એક દિવસ સાયંકાળે શણગાર સજી કશ્યપઋષિ પાસે આવ્યાં. કશ્યપ કહે છે, દેવી, આ સાયંકાળ નો સમય છે.

### સર્વ પ્રથમ આવું અંગ્રેજી ગીત બોમ્બે ટોકિઝની ફિલ્મ "કર્મા"માં દેવીકારાણીએ ગાયું હતું

# હિન્દી ફિલ્મોમાં અંગ્રેજી ગીતો આંગળીના વેઢે ગણાય એટલાં આવ્યાં છે




હિન્દી ફિલ્મોમાં અંગ્રેજી ગીતો આંગળીના વેઢે ગણાય એટલાં આવ્યાં છે. સર્વ પ્રથમ આવું અંગ્રેજી ગીત બોમ્બે ટોકિઝની ફિલ્મ "કર્મા"માં દેવીકારાણીએ ગાયું હતું. ગીત ના શબ્દો હતા "Now, the moon, her light has shed...." ગીતના સંગીતકાર જર્મન હતા, અર્નેસ્ટ બ્રોડહર્ટ અને ગીત લખ્યું હતું રોય ડગ્લાસે."કર્મા" નિર્માતા/નિર્દેશક તરીકે હિમાંશુ રોયની પ્રથમ ફિલ્મ હતી જે ઈન્ડો-જર્મન સંયુક્ત સાહસ હતું. ભારતિય સંગીતકારનું પ્રથમ અંગ્રેજી ગીત વી.શાંતારામની હિન્દી ફિલ્મ "દુનિયા ન માને" અને મરાઠી ફિલ્મ "કુંકુ"માં શાંતા આપ્ટે એ ગાયું હતું. જેના શબ્દો હતા "In the world's broad field of battle...." આ ગીત હેનરી વર્ડઝવર્થ લોંગફેલો એ લખ્યું હતું અને સંગીત કેશવરાવ ભોલે નું હતું. શોધખોળ કરતાં જણાય છે કે, શંકર-જયકિસને આવાં ૪ ગીતો આપ્યાં છે જેમાં રાજ કપૂરની ફિલ્મો "સંગમ" તથા "મેરા નામ જોકર" માં ૧-૧, "એક ફૂલ ચાર કાંટે"માં ૧ તથા ૧૯૭૦ ની ફિલ્મ "બોમ્બે ટોકી" માં ૧ છે."સંગમ"માં વિવિયન લોબોના અવાજમાં "Ichliebedich I love you..."(ઈસ લિબે ડિસ, આઈ લવ યુ) તથા મેરા નામ જોકર" માં "Wish me luck..."ગીત છે તે ગીત કોરસના અવાજમાં છે જેમાં નીતિન મુકેશનો અવાજ પણ શામેલ છે. ગીત હેરી પાર્કનું છે. ઈકબાલ સિંઘ સેઠી બ્રિટિશ-ઈન્ડિયન નેવીના અધિકારી હતા અને દુનિયાભરમાં ફરતા રહેતા હતા. સાઉથ હેમ્પટનમાં તેમને એક ગોરી યુવતી સાથે પ્રેમ થઈ ગયો હતો અને તે યુવતીએ ઈકબાલ સિંઘને રોક એન્ડ રોલનો ચસકો લગાડયો હતો. ઈકબાલ સિંઘ એલ્વિસ પ્રેસ્લીના પ્રભાવમાં હતા. મુંબઈમાં તેઓ "વેનિસ" અને "ટ્રીન્કઝ્ઝ" નામની નાઈટ ક્લબોમાં પરફોર્મ કરીને "શિખ એલ્વિસ પ્રેસ્લી" તરીકે લોકપ્રિય થયા હતા અને ત્યાં તેઓ શંકર-જયકિશનની નજરમાં આવ્યા હતા. ફિલ્મ "એક ફૂલ ચાર કાંટે" માં તેમના અવાજમાં એક ગીત છે જેના શબ્દો છે "Beautiful Baby of Broadway..."ગીતના મૂળ શબ્દો "Bombshell Baby of Bombay..."હતા પણ સેન્સરે વાંધો લેતાં શબ્દો બદલવા પડેલ.શૈલેન્દ્ર એ લખેલ આ ગીતનું ફિલ્મમાં ઈકબાલ સિંઘ ઉપર જ ચિત્રાંકન થયું છે. "બોમ્બે ટોકી" માં ઉષા ઐયરના અવાજ માં એક ગીત છે "Good times..bad times.."આ ગીત હસરત જયપુરી એ લખેલ.....મારા મતે હિન્દી ફિલ્મોમાં સહુથી વધુ લોકપ્રિય ગીત ફિલ્મ જુલીનું "માય હાર્ટ ઈઝ બિટીંગ...." છે. હરીન્દ્રનાથ ચટોપાધ્યાયે લખેલ આ ગીત રાજેશ રોશન સંગીત સાથે પ્રિતિ સાગરે ગાયું છે.



# એશિયાના ટોચના ૩૦ સ્ટાર્સમાં અનન્યા-ઈશાનનો સમાવેશ



### અનન્યા પાંડેએ તાજેતરમાં લેકમે કોમો દરમિયાન 'ચેનલ'ના ક્રુઝ ૨૦૨૫-૨૬ શોમાં ભાગ લીધો હતો



નવી પેઢીના બોલિવૂડ સ્ટાર્સમાં અનન્યા પાંડે અને ઈશાન ખટ્ટરે મોખરાનું સ્થાન મેળવ્યું છે. છેલ્લા કેટલાક સમયમાં તેમણે પસંદ કરેલી ફિલ્મો તથા અન્ય પ્રોજેક્ટ્સના કારણે ઈન્ડસ્ટ્રીમાં તેમનું કદ સતત વધી રહ્યું છે. સફળ પ્રોજેક્ટ અને મોટા ફેન બેઝના કારણે અનન્યા અને ઈશાનને 'ફોર્બ્સ ૩૦ અંડર ૩૦ એશિયા' લિસ્ટમાં સ્તાન અપાયું છે. ફોર્બ્સના લિસ્ટમાં અનન્યાના પરિચયમાં કહેવાયું હતું કે, વર્ષ ૨૦૧૯માં 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૨'થી તેણે બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ હતું. ૧૧ ફિલ્મોમાં તેમે કામ કરેલું છે. રોમેન્ટિક કોમેડી અને થ્રિલર સહિત વિવિધ જોનરમાં તેમણે કામ કર્યું છે. એપ્રિલમાં અનન્યાને જાણીતી લક્ઝરી બ્રાન્ડ 'ચેનલ'ની પહેલી ભારતીય બ્રાન્ડ એમ્બેસેડર જાહેર કરાઈ હતી. એક્ટર ચંકી પાંડેની દીકરી અનન્યા પાસે ઈન્સ્ટાગ્રામ પર ૨૬ મિલિયન ફોલોઅર્સ છે. અનન્યાએ તાજેતરમાં લેકમે કોમો દરમિયાન 'ચેનલ'ના ક્રુઝ ૨૦૨૫-૨૬ શોમાં ભાગ લીધો હતો. અનન્યા છેલ્લે અક્ષય કુમાર સાથે બાયોગ્રાફિકલ ડ્રામા 'કેસરી ૨'માં જોવા મળી હતી. આગામી સમયમાં 'કોલ મી બે ૨' અને 'ચાંદ મેરા દિલ' રિલીઝ થવાની છે. અનન્યા અને ઈશાને અગાઉ ૨૦૨૦માં 'ખાલી પીલી'માં સાથે કામ કર્યુ હતું. ઈશાન ખટ્ટરની 'ધ રોયલ્સ' તાજેતરમાં રિલીઝ થઈ છે. ઈશાન અંગે ફોર્બ્સમાં જણાવાયું હતું કે ઈશાન ખટ્ટર બોલિવૂડ અને હોલિવૂડમાં એ-લિસ્ટર સ્ટાર બનવાની તૈયારીમાં છે. તેની પહેલી પહેલી ઈન્ડિ-હિન્દી ડ્રામા 'બીયોન્ડ ધ ક્લાઉડ્સ' હતી. આ ફિલ્મે ૨૦૧૯માં ઈશાનને બેસ્ટ મેલ ડેબ્યુનો ફિલ્મ ફેર એવોર્ડ અપાવ્યો હતો. ઈન્ટરનેશનલ ફિલ્મ એકેડમી દ્વારા પણ પણ બેસ્ટ મેલ એક્ટર ડેબ્યુ એવોર્ડ તેને મળ્યો હતો. ૨૦૨૦માં નેટફિલક્સ પર ઈશાનની 'એ સુટેબલ બોય' રિલીઝ થઈ હતી. ગત વર્ષે નિકોલ કિડમેન સાથે 'ધ પરફેક્ટ કપલ'માં ઈશાને કામ કર્યુ હતું. ઓટીટી પર સ્ટ્રીમ થઈ રહેલા 'ધ રોયલ'માં ઈશાનના ખૂબ વખાણ થયા છે. ઈશાનની 'હોમબાઉન્ડ'નું કેન્સ ફિલ્મ ફેસ્ટિલવમાં પ્રીમિયર થવાનું છે.

# કમલ હાસનનું ૩૦ વર્ષ નાની અભિનેત્રી સાથે લીપલોક ચર્ચામાં

### એક યુઝરે લખ્યું, ૩૦ વર્ષ નાની અભિનેત્રીને ચુંબન કરતા જોવું વિચિત્ર



કમલ હાસનનીઆગામી ફિલ્મ ઠગ લાઈફનું ટ્રેલર સમાચારમાં રહે છે. આ ફિલ્મના ટ્રેલરમાં કમલ હાસન લિપલોક કરતા જોવા મળે છે.જેના લીધે ફેન્સએ તેમની જબરી ટીકા કરી છે.ઠગ લાઈફમાં ૩૦ વર્ષ નાની અભિરામી સાથે કમલ હાસનનો લિપ લોક હમણાથી ખુબ ચર્ચામાં છે. એક યુઝરે લખ્યું, 'કમલ હાસનને તેમનાથી ૩૦ વર્ષ નાની અભિરામીને ચુંબન કરતા જોવું વિચિત્ર લાગે છે નેટીઝન્સે ટ્રોલ કરીને કહ્યું કે તે દીકરી જેટલી જ છે.સુપરસ્ટાર કમલ હાસન ફિલ્મ ઠગ લાઈફ ફિલ્મ મણિરત્નમે બનાવી છે. ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ચાહકોને ટ્રેલર ખૂબ ગમ્યું. જોકે, કમલ હાસન પણ ટ્રોલ્સનું નિશાન બન્યા છે.રેડિટ પર એક યુઝરે લખ્યુંઃ ૭૦ વર્ષીય કમલ હાસન ૪૦ વર્ષીય અભિનેત્રી અભિરામી સાથે લિપ-લોક કરી રહ્યા છે. તે ત્રિશા કૃષ્ણન સાથે રોમાન્સ કરી રહ્યો છે.તે જ સમયે, કેટલાક લોકો કમલ હાસનને પણ સમર્થન આપી રહ્યા છે. એક યુઝરે લખ્યું, 'કમલ હાસનને તેમનાથી ૩૦ વર્ષ નાની અભિરામીને ચુંબન કરતા જોવું વિચિત્ર લાગે છે.' પણ કદાચ ફિલ્મમાં બંને વચ્ચે આટલો ઉંમરનો તફાવત નહીં બતાવવામાં આવે. એક યુઝરે લખ્યું - જો તે પ્લોટ સમજાવી રહ્યું છે તો તેમાં કંઈ ખોટું નથી. તે ફક્ત અભિનય કરી રહ્યો છે. એ કોઈ મોટી વાત નથી. સિલમ્બરસન ઠગ લાઈફમાં પણ જોવા મળશે. ફિલ્મમાં કામ એક મોટા ગેંગસ્ટરની ભૂમિકા ભજવી રહ્યો છે. જે એક નાના છોકરાને ગુનાની દુનિયા વિશે શીખવે છે. આ ફિલ્મ ૫ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થશે. દિગ્ગજ ફિલ્મ નિર્માતા મણિરત્નમ દ્વારા દિગ્દર્શિત , આ ફિલ્મ તમિલ સિનેમાની કેટલીક શ્રેષ્ઠ પ્રતિભાઓનું પુનઃમિલન દર્શાવે છે અને તેની જાહેરાત પછીથી ભારે ઉત્તેજના અને અપેક્ષાઓથી ઘેરાયેલી છે.

### ઠગ લાઈફ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું



### બોર્ડર ફિલ્મમાં અભિનેતા સુનીલ શેટ્ટીનો અભિનય યાદગાર

# અભિનેતા સુનીલએ શરૂઆતમાં બોર્ડરમાં કામ કરવા ચોખ્ખી ના પાડી દીધી હતી



સુનીલ શેટ્ટી જેપી દત્તાની ફિલ્મ બોર્ડરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતો જોવા મળ્યો હતો. પરંતુ સુનીલ શેટ્ટીએ પહેલા આ ફિલ્મમાં કામ કરવાનો ઈનકાર કરી દીધો હતો. આ પાછળનું કારણ જેપી દત્તા હતા.સુનીલ શેટ્ટીએ શરૂઆતમાં જેપી દત્તાને કારણે બોર્ડર ફિલ્મમાં કામ ન કરવાની મન બનાવ્યું હતું, પછી ભૂમિકા સ્વીકારી. જો કે જેપી દત્તાની ફિલ્મ બોર્ડર હિટ સાબિત થઈ. આજે પણ આ ફિલ્મ જુઓ તો પણ તમારામાં દેશભક્તિ જાગે છે. આ ફિલ્મના દરેક પાત્રે લોકોના દિલ જીતી લીધા હતા. ફિલ્મમાં સુનિલ શેટ્ટીએ ભૈરવનું પાત્ર ભજવ્યું હતું. આ ભૂમિકા માટે સુનીલ શેટ્ટીના ખૂબ વખાણ થયા હતા, તમે જાણો છો કે શરૂઆતમાં સુનીલ શેટ્ટીએ આ ફિલ્મને નકારી કાઢી હતી? જેની પાછળનું કારણ જેપી દત્તા હતા. સુનિલ શેટ્ટીએ પોતે આ વાતનો ખુલાસો કર્યો છે અને જણાવ્યું છે કે શરૂઆતમાં તે ભૈરવ સિંહનું પાત્ર ભજવવાનો ઈનકાર કરી રહ્યો હતો. આ પાછળનું કારણ જેપી દત્તાની કડક અને ગુસ્સાવાળી પ્રતિષ્ઠા હતી. સુનીલ શેટ્ટી પોતે ગુસ્સાવાળા છે, તેથી જ તેણે તેનાથી દૂર રહેવાનું નક્કી કર્યુ.સુનીલ શેટ્ટીએ જણાવ્યું કે શરૂઆતમાં ફિલ્મનો ઈનકાર કર્યા પછી, નિયતિ પાસે બીજી કોઈ યોજના હતી. તે ભૂમિકા તેમને ફરીથી મળી અને આ વખતે તેમના પરિવારની મદદથી. જેપી દત્તાએ પોતાની ફિલ્મમાં સુનીલ શેટ્ટીને લેવાનું નક્કી કર્યુ હતું. તે નિર્માતા ભરત શાહની મદદથી તેમની પાસે પહોંચ્યો. ભરત શાહનો સુનીલ શેટ્ટી સાથે સંબંધ હતો. તેણે અભિનેતાને એક તક આપવા કહ્યું. પરંતુ તેમણે સ્પષ્ટ કરી દીધું કે જો સેટ પર બધું બરાબર નહીં ચાલે તો તેઓ ફિલ્મ છોડી દેશે.ભાગ્યમાં કંઈક બીજું જ લખેલું હતું. પહેલા દિવસથી જ, સુનીલ શેટ્ટી અને જેપી દત્તા વચ્ચે મજબૂત બંધન વિકસી ગયું અને તેઓએ ખૂબ જ સારી કેમિસ્ટ્રી સાથે કામ કરવાનું શરૂ કર્યુ. જ્યારે સુનિલ શેટ્ટી પોતાની કારકિર્દીના પડકારજનક તબક્કામાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે જેપી દત્તા તેમની પડખે ઉભા રહ્યા અને તેમને તેમની ફિલ્મોમાં ભૂમિકાઓ ઓફર કરતા રહ્યા.બોર્ડરની વાત કરીએ તો, સુનીલ શેટ્ટી, જેકી શ્રોફ, અક્ષય ખન્ના અને સની દેઓલ સહિત ઘણા કલાકારો તેમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવતા જોવા મળ્યા હતા.

# જુના વીડિયોથી આમિર ખાનની 'સિતારે ઝમીન પર'નો વિરોધ

### બે દિવસ પહેલાં તેની સિતારે ઝમીન પર ફિલ્મનું ટ્રેલર સોશિયલ મીડિયા પર લોંચ કરવામાં આવ્યું હતું, આમિર ટર્કીના રાષ્ટ્રપતિ-તેમના પત્નીને મળ્યો હતો



નવી પેઢીના બોલિવૂડ સ્ટાર્સમાં અનન્યા પાંડે અને ઈશાન ખટ્ટરે મોખરાનું સ્થાન મેળવ્યું છે. છેલ્લા કેટલાક સમયમાં તેમણે પસંદ કરેલી ફિલ્મો તથા અન્ય પ્રોજેક્ટ્સના કારણે ઈન્ડસ્ટ્રીમાં તેમનું કદ સતત વધી રહ્યું છે. સફળ પ્રોજેક્ટ અને મોટા ફેન બેઝના કારણે અનન્યા અને ઈશાનને 'ફોર્બ્સ ૩૦ અંડર ૩૦ એશિયા' લિસ્ટમાં સ્તાન અપાયું છે. ફોર્બ્સના લિસ્ટમાં અનન્યાના પરિચયમાં કહેવાયું હતું કે, વર્ષ ૨૦૧૯માં 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૨'થી તેણે બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ હતું. ૧૧ ફિલ્મોમાં તેમે કામ કરેલું છે. રોમેન્ટિક કોમેડી અને થ્રિલર સહિત વિવિધ જોનરમાં તેમણે કામ કર્યું છે. એપ્રિલમાં અનન્યાને જાણીતી લક્ઝરી બ્રાન્ડ 'ચેનલ'ની પહેલી ભારતીય બ્રાન્ડ એમ્બેસેડર જાહેર કરાઈ હતી. એક્ટર ચંકી પાંડેની દીકરી અનન્યા પાસે ઈન્સ્ટાગ્રામ પર ૨૬ મિલિયન ફોલોઅર્સ છે. અનન્યાએ તાજેતરમાં લેકમે કોમો દરમિયાન 'ચેનલ'ના ક્રુઝ ૨૦૨૫-૨૬ શોમાં ભાગ લીધો હતો. અનન્યા છેલ્લે અક્ષય કુમાર સાથે બાયોગ્રાફિકલ ડ્રામા 'કેસરી ૨'માં જોવા મળી હતી. આગામી સમયમાં 'કોલ મી બે ૨' અને 'ચાંદ મેરા દિલ' રિલીઝ થવાની છે. અનન્યા અને ઈશાને અગાઉ ૨૦૨૦માં 'ખાલી પીલી'માં સાથે કામ કર્યુ હતું. ઈશાન ખટ્ટરની 'ધ રોયલ્સ' તાજેતરમાં રિલીઝ થઈ છે. ઈશાન અંગે ફોર્બ્સમાં જણાવાયું હતું કે ઈશાન ખટ્ટર બોલિવૂડ અને હોલિવૂડમાં એ-લિસ્ટર સ્ટાર બનવાની તૈયારીમાં છે. બે દિવસ પહેલાં તેની સિતારે ઝમીન પર ફિલ્મનું ટ્રેલર સોશિયલ મીડિયા પર લોંચ કરવામાં આવ્યું હતું તેની પહેલી પહેલી ઈન્ડિ-હિન્દી ડ્રામા 'બીયોન્ડ ધ ક્લાઉડ્સ' હતી. આ ફિલ્મે ૨૦૧૯માં ઈશાનને બેસ્ટ મેલ ડેબ્યુનો ફિલ્મ ફેર એવોર્ડ અપાવ્યો હતો. ઈન્ટરનેશનલ ફિલ્મ એકેડમી દ્વારા પણ પણ બેસ્ટ મેલ એક્ટર ડેબ્યુ એવોર્ડ તેને મળ્યો હતો. આમિર સામેથી ટર્કીના રાષ્ટ્રપતિ અને તેમના પત્નીને મળ્યો હતો ૨૦૨૦માં નેટફિલક્સ પર ઈશાનની 'એ સુટેબલ બોય' રિલીઝ થઈ હતી. ગત વર્ષે નિકોલ કિડમેન સાથે 'ધ પરફેક્ટ કપલ'માં ઈશાને કામ કર્યુ હતું. ઓટીટી પર સ્ટ્રીમ થઈ રહેલા 'ધ રોયલ'માં ઈશાનના ખૂબ વખાણ થયા છે. ઈશાનની 'હોમબાઉન્ડ'નું કેન્સ ફિલ્મ ફેસ્ટિલવમાં પ્રીમિયર થવાનું છે.



### રાણીનું કિંગ સાથે પાવરફૂલ કમબેક

# રાણી મુખર્જી કિંગ ફિલ્મમાં સુહાના ખાનની માતાની ભૂમિકા નિભાવશે



ફિલ્મમાં રાણી સુહાના ખાનના પાત્રની માતાની ભૂમિકા નિભાવી રહી છે અને ફિલ્મનું ભાવનાત્મક કેન્દ્ર બનીને એક્શન પેક્ડ પ્લોટ માટે ઉત્પ્રેરકનું કામ કરે છે. પઠાણની જોરદાર સફળતા પછી શાહ રૂખ ખાન દિગ્દર્શક સિદ્ધાર્થ આનંદ સાથે અતિ અપેક્ષિત એક્શન થ્રિલર કિંગમાં ફરી કામ કરી રહ્યો છે. શાહરૂખની રેડ ચિલિસ અને મારફિલક્સ દ્વારા નિર્મિત આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ, અભિષેક બચ્ચન, અનિલ કપૂર, જેકી શ્રોફ, અર્શદ વારસી, જયદીપ આઈાવત અને નવોદિત સુહાના ખાન જેવી ધરખમ સ્ટાર કાસ્ટ છે. હવે ચાહકોના ઉત્સાહમાં વધારો કરતા રાણી મુખર્જી પણ મહત્વના કેમિયો તરીકે કાસ્ટમાં જોડાઈ છે. રાણીએ માત્ર પાંચ દિવસનું શૂટ કરવાનું હોવા છતાં સમગ્ર કથાનકમાં તેનું મહત્વ ઘણુ છે. કુછ કુછ હોતા હૈ અને કભી અલવિદા ના કહના જેવી ફિલ્મો સાથે ઓનસ્ક્રીન કેમિસ્ટ્રીનો સમૃદ્ધ ઈતિહાસ સાથે તેમનું જોડાણ તાજગીભર્યા ડ્રામા સાથે જૂના સંસ્મરણો પણ તાજા કરશે.અહેવાલ મુજબ રાણી મુખર્જીએ કિંગ માટે શાહ રૂખ અને સિદ્ધાર્થ આનંદની ઓફરનો તાત્કાલિક સ્વીકાર કર્યો. પટકથા સાંભળ્યા પછી અને પોતાના રોલની જાણકારી મેળવ્યા પછી તેણે ફિલ્મમાં કામ કરવાની તૈયારી દેખાડવામાં કોઈ વિલંબ ન કર્યો.મુંબઈમાં મે મહિનામાં શરૂ થવાની સાથે કિંગનું શૂટીંગ પછીથી તેના આંતરરાષ્ટ્રીય તબક્કા માટે યુરોપ માં થશે. ફિલ્મમાં શાહ રૂખ ખાન એક હત્યારાની ભૂમિકામાં છે જે અભિષેક બચ્ચન સાથે ટક્કર લે છે. ફિલ્મ આગામી વર્ષે ઓક્ટોબર અથવા ડિસેમ્બરમાં રજૂ થવાની સંભાવના છે.

# શ્રદ્ધા કપૂરે જંગી ફી માગતા એકતા કપૂર નારાજ થઈ હતી

### નારી પ્રધાન ફિલ્મમાં લીડ રોલ માટે શ્રદ્ધાએ રૂ.૧૭ કરોડ ઉપરાંત પ્રોફિટ શેરની માગણી કરી હતી

ફિલ્મ અને ટેલિવિઝનની દિગ્ગજ પ્રોડ્યુસર એકતા કપૂરે નારી પ્રધાન ફિલ્મ બનાવવાનું વિચાર્યુ હતું. એક્શન-થ્રિલરથી ભરપૂર આ ફિલ્મમાં શ્રદ્ધા કપૂરને લીડ રોલ ઓફર થયો હતો. ફિલ્મની સ્ક્રિપ્ટ અને રોલ સમજ્યા પછી શ્રદ્ધા પણ ખૂબ ખુશ થઈ ગઈ હતી. પ્રોજેક્ટને આગળ વધારવા એકતા અને શ્રદ્ધા સંમત થયા હતા. જો કે એકતાની અપેક્ષા કરતાં ઘણી વધારે ફી વસૂલવાનો પ્રયાસ શ્રદ્ધાને ભારે પડ્યો છે. શ્રદ્ધાની માગણીને તાબે થવાના બદલે એકતાએ અન્ય વિકલ્પ શોધવા કવાયત હાથ ધરી હોવાનું કહેવાય છે. શ્રદ્ધા કપૂરે 'સ્ત્રી ૨'ની સફળતા બાદ પોતાની ફી વધારી દીધી હતી. એકતા કપૂરે ફિલ્મ ઓફર કરી ત્યારે પણ શ્રદ્ધાએ નવી ફીનો આગ્રહ રાખ્યો હતો. ફિલ્મી વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ, શ્રદ્ધાએ એકતા પાસે રૂ.૧૭ કરોડથી વધુ ફી માગી હતી અને પ્રોફિટ શેરિંગનો આગ્રહ પણ રાખ્યો હતો. શ્રદ્ધાની આ વાત સાંભળ્યા પછી એકતા કપૂરને ઝાટકો લાગ્યો હતો. એકતા કપૂરે પોતાના પ્રોજેક્ટને હોલ્ડ પર મૂકવાનું વિચાર્યુ હતું. શ્રદ્ધાએ માગેલી ફી એકતાને અસહ્ય લાગી હતી. એકતાને લાગ્યુ હતું કે, શ્રદ્ધાને જંગી ફી આપવા જતા ફિલ્મનું બજેટ ખોરવાઈ જશે. એકતા કપૂરે 'તુમ્બાડ'ના ડાયરેક્ટર રાહી અનિલ બર્વે સાથે થ્રિલર ફિલ્મ બનાવવાનું વિચાર્યુ હતું.



# સામાખ્યાલી જંકશનઃ પ્રવાસ, પરંપરા અને પ્રગતિનું પ્રવેશદ્વાર



| અમદાવાદ, તા.૨૦ |

ભારતીય રેલવેને અવારનવાર દેશની લાઈફ-લાઈન તરીકે ઓળખવામાં આવે છે. રેલપરિચાલનમાં રેલવે સ્ટેશનોની ભૂમિકા અનન્ય છે — એ સ્ટેશનો કેટલાય વખત શહેરની ઓળખ બની જાય છે. મોટાભાગના રેલવે સ્ટેશનો શહેરના કેન્દ્રસ્થાને આવેલાં હોય છે, જ્યાંથી શહેરની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિકસે છે. તેથી રેલવે સ્ટેશનોનો વિકાસ માત્ર ટ્રેનોના રોકાણ પુરતો નહીં, પરંતુ શહેરના ગૌરવ અને આદરનું પ્રતિક બનવો જોઈએ. જ્યારે રેલવે સ્ટેશનોને સ્થાનિક સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને ધાર્મિક પરંપરાઓના આધારે ભવ્ય બનાવવામાં આવે છે, ત્યારે તે સ્થાનિક અને વિદેશી મુસાફરો માટે શહેર સાથેનો પ હેલો અને યાદગાર સંપર્ક બની જાય છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના કુશળ નેતૃત્વમાં ભારતની વૈશ્વિક વિશ્વસનીયતા વધી છે. રેલવે સ્ટેશનોના પુનર્વિકાસના શિલાન્યાસ સમયે તેમણે જણાવ્યું હતું કે, ‘‘વિકસિત થવાના લક્ષ્ય તરફ આગળ વધી રહેલું ભારત તેના અમૃત કાળના પ્રારંભમાં છે. નવી ઊર્જા છે, નવી પ્રેરણા છે, નવા સંકલ્પ છે.’’ આ દ્રષ્ટિથી પ્રેરાઈને ભારતીય રેલવે દ્વારા દેશભરના ૧૩૦૦થી વધુ રેલવે સ્ટેશનોના કાયાકલ્પની પ્રક્રિયા શરૂ કરવામાં આવી. માત્ર ૨ વર્ષથી ઓછા ગાળામાં ‘‘અમૃત ભારત સ્ટેશન યોજના’’ હેઠળ પુનર્વિકસિત ૧૦૩ સ્ટેશનોના ઉદ્ઘાટન માટે ભારત તૈયાર થયું છે — એક અદ્વિતીય સિદ્ધિ. પ્રધાનમંત્રીએ ઘણીવાર જણાવ્યું છે કે જે પ્રોજેક્ટ્સના શિલાન્યાસ તેઓ કરે છે, તેનું ઉદ્ઘાટન પણ તેઓ જ કરે છે. આ વિકસિત ભારતની નવી કાર્યસંસ્કૃતિનો પરિચય આપે છે, જ્યાં કાર્યની ગતિ અને પૂર્ણતાની પ્રતિબદ્ધતા સ્પષ્ટ રૂપે દેખાય છે. આ યોજનાના અંતર્ગત વિકસિત થયેલા ૧૦૩ સ્ટેશનો પર ભવ્ય પ્રવેશદ્વાર, આકર્ષક ફસાડ, હાઈ માસ્ટ લાઈટિંગ, આધુનિક વેઈટિંગ રૂમ, ટિકિટ કાઉન્ટર, આધુનિક શૌચાલય અને દિવ્યાંગજનો માટે સુલભ રેમ્પ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. પ્લેટફોર્મ શેલ્ટર, કોચ ઈન્ડિકેશન સિસ્ટમ અને ડિજિટલ ડિસ્પ્લે પણ સ્થાપિત કરવામાં આવ્યા છે. તમામ સુવિધાઓને દિવ્યાંગજન અનુકૂળ બનાવવામાં આવી છે. ઉપરાંત, દરેક સ્ટેશન પર સ્થાનિક લોકકલાની ઝલક પણ જોવા મળે છે, જેમાં રાજ્યની સંસ્કૃતિ અને પરંપરાનું પ્રતિબિંબ જોવા મળે છે. ગુજરાતના કચ્છ જિલ્લામાં આવેલા સામાખ્યાલી જંક્શનને લાંબા સમયથી આ વિસ્તારમાં પ્રવેશદ્વાર તરીકે માનવામાં આવે છે. ૧૯૫૦ના દાયકામાં કચ્છ રાજ્ય રેલવેના વિસ્તરણ દરમિયાન સ્થાપિત થયેલું આ સ્ટેશન શરૂઆતમાં વેપાર અને કૃષિ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે વિકસાવવામાં આવ્યું હતું. આજે તે પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં આવેલ મહત્વપૂર્ણ જંક્શન છે, જ્યાંથી મુસાફરો અને માલસામાન બંનેના ટ્રાફિક માટે સહજ રૂટ મળે છે. હાલમાં, સ્ટેશન ઢ્જીષ્-૪ કેટેગરીમાં વર્ગીકૃત છે, જેમાં પાંચ પ્લેટફોર્મ, ૪૮ સ્ટોપિંગ ટ્રેનો અને રોજે રૂ.૭૦૦ થી ૧૦૦૦ જેટલા મુસાફરોની અવરજવર નોંધાય છે.

મુસાફરોના અનુભવને વધુ આરામદાયક બનાવવાના દ્રષ્ટિકોણથી, ‘‘અમૃત ભારત સ્ટેશન યોજના’’ હેઠળ સામાખ્યાલી જંક્શનનો રૂપાંતરણ કરવામાં આવ્યું છે. રૂ.૧૩.૬૪ કરોડના રોકાણ સાથે અહીં આધુનિકતા, કાર્યક્ષમતા અને સાંસ્કૃતિક વિશિષ્ટતાનું અનોખું મિશ્રણ સર્જાયું છે.

પુનર્વિકાસ હેઠળ પ્લેટફોર્મ કવર શેડ, ફૂટ ઓવર બ્રિજનું વિસ્તરણ, દિવ્યાંગજનો માટે લિફ્ટ, રેમ્પ, હેન્ડરેલ, માર્ગદર્શક ટાઈલ્સ અને અનુકૂળ શૌચાલય જેવી સુવિધાઓ ઉમેરવામાં આવી છે. વાસ્તુશિલ્પમાં સ્થાનિકતા અને આધુનિકતા એ બંને તત્વો સમાવી લીધાં છે. મડ આર્ટનો ઉપ યોગ કરીને કચ્છની લોકકલાનું પ્રતિબિંબ જંર્દ્રૈહ ડિઝાઈનમાં રજૂ થયું છે. નવું પ્રવેશદ્વાર સુંદરતા અને સ્વાગતનો ભાવ વ્યક્ત કરે છે. ફૂડ પ્લાઝા, સુધારેલી સાઈનેજ, મોડ્યુલર ટોઈલેટ, પાર્કિંગ સુવિધાઓ, સ્ટાફ ક્વાર્ટર્સ અને એલિવેટેડ ટ્રાન્ઝિટ વિસ્તાર જેવી સુવિધાઓને પણ વિસ્તૃત બનાવવામાં આવી છે, જેના દ્વારા મુસાફરોના પ્રવાસને વધુ અનુકૂળ બનાવવામાં આવે છે. આ રીતે, સામાખ્યાલી રેલવે સ્ટેશન હવે માત્ર ટ્રાન્ઝિટ પોઈન્ટ નહીં, પણ પ્રગતિશીલ, સંસ્કૃતિસભર અને અનુકૂળ કેન્દ્ર તરીકે કચ્છની નવી ઓળખ બની રહ્યું છે. આ રુપાંતરણ સ્ટેશનના ઈતિહાસને ભવિષ્ય સાથે જોડે છે અને તેને ક્ષેત્રના મુખ્ય રેલવે કેન્દ્ર તરીકે પુનઃસ્થાપિત કરે છે. ભારતીય રેલવે દેશના વિકાસનું વ્હીલ છે. રેલવે સ્ટેશનો એ વિકાસયાત્રાના મહત્વપૂર્ણ મણકા છે. દરેક નાગરિક માટે માત્ર તેનો ઉપયોગ કરવો પૂરતો નથી, પરંતુ તેને જતનથી જાળવવો અને સ્વચ્છ રાખવો પણ આપણી સામૂહિક જવાબદારી છે.

## ઝાલોદ કેશવ માધવ સખી મંડળ દ્વારા ગૌ રક્ષા દળ દાહોદના સહયોગથી પક્ષીઓના કુંજનું વિતરણ કર્યુ





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ |

હાલ નગરમાં કેશવ માધવ સખી મંડળ દ્વારા અવારનવાર સેવાકીય કાર્યો કરવામાં આવતા હોય છે. હાલ નગરમાં આકરોઉનાળોબેસેલછેઅનેમૂંગા પક્ષીઓને પીવાનું પાણી નથી મળતું તેને લઈ ઉનાળાની કાળઝાળ ગરમીમા ગૌ રક્ષા દળ દાહોદના સહયોગથી કેશવ માધવ સખી મંડળ દ્વારા પક્ષીઓના પાણીના કુંજનુ વિતરણ વિવિધ વિસ્તારોમાં વિના મૂલ્યે કરવામાં આવ્યુ હતું. આ કુંજના વિતરણ સમયે અનોખો ઉત્સાહ સ્થાનિકોએ બતાવ્યો હતો. અંદાજીત ૭૫ થી વધુ પક્ષીઓના પાણીના કુંજનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યમા પ્રમુખ પિનલબેન પંચાલ, ઉપપ્રમુખ જીગ્નિશાબેન પંચાલ, સરોજબેન ભાટી, નિલમબેન પંચાલ દ્વારા ઘરે ઘરે જઈ પક્ષીઓના પાણીના કુંજનુ વિતરણ કરવામા આવેલ હતું.

## મહાન વ્યક્તિ એ નથી જે ફક્ત પોતાના માટે જીવે છે, પરંતુ મહાન તે છે જે બીજાની પ્રગતિને પોતાની પ્રગતિ માને છેઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી



| અમદાવાદ, તા.૨૦ |

લોકશાહીમાં મીડિયાની ભૂમિકા ફક્ત માહિતીના આદાનપ્રદાન સુધી મર્યાદિત નથી રહી, પરંતુ તે સમાજમાં જાગૃતિ અને સકારાત્મકતા ફેલાવવાનું એક શક્તિશાળી માધ્યમ પણ બની ગયું છે. આ દિશામાં એક પ્રશંસનીય પહેલ કરીને, ન્યૂઝ-૧૮ ગુજરાતી દ્વારા ‘ધ પ્રાઈડ ઓફ ગુજરાત’ એવોર્ડ સમારોહનું આયોજન કર્યુ હતું. આ સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે ગુજરાતના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત ૧૮ ઉત્કૃષ્ટ ઉદ્યોગસાહસિકોને તેમના વિશિષ્ટ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, જ્યારે મીડિયા સમાજના સકારાત્મક કાર્યોને પ્રકાશિત કરે છે, ત્યારે સામાન્ય લોકો પણ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રેરિત થાય છે. આ પ્રસંગે તેમણે કહ્યું કે, મહાન વ્યક્તિ એ નથી જે ફક્ત પોતાના માટે જીવે છે, પરંતુ મહાન તે છે જે બીજાની પ્રગતિને પોતાની પ્રગતિ માને છે. દુનિયામાં ઈતિહાસ એવા લોકો જ રચે છે, જે અન્યને શાંતિ પ્રદાન કરવાનું કામ કરે છે, ગરીબોની સેવા કરે છે, શિક્ષણનો પ્રચાર કરે છે, સંસ્કૃતિનું જતન કરે છે, મૂલ્યો અને પરંપરાઓને જીવંત રાખે છે અને જે લોકો બીજા લોકોને ખુશી આપે છે, તેઓ ઈતિહાસમાં અમર બની જાય છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ન્યૂઝ-૧૮ ને અભિનંદન આપતા કહ્યું કે, ન્યૂઝ ૧૮ વિવિધ ભાષાઓ અને પ્રદેશોમાં જનજાગૃતિ ફેલાવવાનું કાર્ય કરી રહી છે. જે સમાજમાં સકારાત્મક વિચારસરણીને મજબૂત બનાવે છે અને સામાજિક વિકાસ તરફ એક નક્કર પગલું સાબિત થાય છે. તમામ સન્માનિત પુરસ્કાર વિજેતાઓને હૃદયપૂર્વક અભિનંદન આપતા રાજ્યપાલશ્રીએ કહ્યું કે, તમે તમારા કાર્યો દ્વારા ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

## ઝાલોદ બસ સ્ટેશનમા બિન્દાસ ચોરી કરતા પાકીટ-મારો : કેમેરા કવરેજ થી દૂર હોવાથી ચોરો બિન્દાસ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ |

ઝાલોદ બસ સ્ટેશનમા અજાણ્યા પાકીટમારો અવારનવાર બસમા ચઢતા મુસાફરોના ખિસ્સા કે પર્સ ચોરી ગયા હોય તેવી ઘટનાઓ અવારનવાર બનતી હોય છે પરંતુ મુસાફરો ફરિયાદ નથી કરતાતો આવા બનાવો બહાર આવતા નથી પરિણામ સ્વરૂપે ચોરો બિન્દાસ રીતે મુસાફરોના પર્સ ,રકમ જેવી કીમતી વસ્તુઓ બિંદાસ ચોરી કરી ફરતા રહે છે

ઝાલોદ બસ સ્ટેશનમા કેમેરા તો લગાવવામાં આવેલ છે પરંતુ જ્યા જ્યાં બસ ઉભી રહેતી હોય તે તમામ વિસ્તાર આવરવામા આવેલ નથી કદાચ અહીંયા કેમેરા નથી તેની જાણ ચોરોને હોવાથી બિન્દાસ રીતે ચોરી કરી ફરાર થઈ જતાં હોય છે. તારીખ ૧૯-૦૫-૨૦૨૫ સોમવારના રોજ બપોરના આસરે ૧:૪૫ વાગે એક વ્યક્તિ બસમા બેસી દાહોદ જઈ રહેલ હતા ત્યારે દાહોદ બસમા ચઢતી વખતે આ વ્યક્તિનું પર્સ કોઈ અજાણી વ્યક્તિ ચોરી કરી નાસી ગયેલ હતી. તેથી તેઓ તાત્કાલિક બસ સ્ટેશન આવી કેમેરા જોવાનો પ્રયાસ કર્યો હતો પણ બસ જ્યાં થી ઉપડી હતી ત્યાં કેમેરાનુ કવરેજ પહોંચતુ ન હોવાથી ચોર બિન્દાસ ચોરી કરી નાસી ગયેલ હતો. આ વ્યક્તિના પર્સમા અગત્યના દસ્તાવેજો તેમજ રોકડ રકમ હતી જે ચોરાઈ જતા આ અંગે ભોગ બનેલ વ્યક્તિ દ્વારા લેખિત અરજી આપી ઝાલોદ પોલીસ સ્ટેશનમા જાણ કરવામાં આવી હતી. મુસાફરો સાથે આવી ચોરીની ઘટના અવાર નવાર બનતી હોઈ બસ સ્ટેશનના દરેક પોઈન્ટ કવર થાય તે રીતે કેમેરા ની સંખ્યા વધારવા મુસાફરો દ્વારા માંગ કરવામાં આવેલ છે.

## ઓપરેશન સિંદૂર પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાહોદ જિલ્લામાં પ્રથમ વાર આવતા ઝાલોદ તાલુકામાંથી મોટી સંખ્યામાં પધારવા સાંસદ જસવંતસિંહનું આહ્વાન

### ૨૫૦૦૦ થી વધુ લોકો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભામાં પહોંચશે : મહેશ ભૂરીયા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ |

તારીખ ૨૬-૦૫-૨૦૨૫ સોમવારના રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૯૦૦ હોર્સ પાવરના રેલ્વેના એન્જિનનુ લોકાર્પણ કરવા દાહોદ મુકામે આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓપરેશન સિંદૂર પછી ગુજરાતમાં પ્રથમ વખત દાહોદ જિલ્લામાં આવનાર છે તેથી એક જાહેરસભાનુ આયોજન પણ દાહોદ જિલ્લાના ડોકી મુકામે કરવામાં આવેલ છે. દાહોદ જિલ્લામાં ઓપરેશન સિંદૂર પછી પ્રથમ વખત આવનાર હોય મોટા પ્રમાણમાં જનમેદની હાજર રહેનાર છે. આજરોજ ૨૦-૦૫-૨૦૨૫ ના રોજ સવારના ૧૨ વાગે એ.પી.એમ.સીના હોલમા ભાજપના આગેવાનોની એક મીટિંગ સાંસદ જસવંતસિંહ ભાભોર અને ધારાસભ્ય મહેશ ભૂરીયાની અધ્યક્ષતા હેઠળ યોજાઈ હતી. આજની મીટીંગને સંબોધતા ધારાસભ્ય મહેશ ભૂરીયાએ કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સાંભળવા ૨૫૦૦૦ થી ઉપરાંત લોકો ઝાલોદ તાલુકા માંથી જનાર છે તેઓ માટે ૩૨૫ ઉપરાંત એસ.ટી બસની સુવિધા તેમજ પ્રાઈવેટ વાહનનોની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ભારત સરકારની વિવિધ યોજનાઓ હેઠળ લાભ લેનાર તમામ લાભાર્થીઓ મોટા પ્રમાણમાં આવે તેમજ દરેક ગ્રામ પંચાયતના તલાટી, મંત્રી, સરપંચ, તાલુકા સભ્યો, જિલ્લા પંચાયત સભ્યો વડાપ્રધાનની સભામાં વધુમાં વધુ જન સંખ્યા સાથે ત્યાં પહોંચે તેની જવાબદારીઓ આપવામાં આવી હતી. મોદીની સભા માટે બસમા આવનાર તમામ લોકો માટે બસમા ફૂડ પેકેટો, છાશ, પાણી તેમજ આરોગ્ય વ્યવસ્થા માટે ઈમરજન્સી દવાઓ તેમજ સુરક્ષા માટે પોલિસ વ્યવસ્થા મુકવામાં આવેલ છે. દરેક આગેવાનો મીટિંગો કરી વધુમા વધુ સંખ્યામાં જનમેદની ને લઈ જવા તેમજ ફરી તેઓને તેમના મૂળ મુકામ સુધી મુકી જવા માટેના સૂચનો કરવામાં આવેલ હતા. ગ્રામ્ય તેમજ શહેર લેવલ થી તમામ આગેવાનોએ સંખ્યા મુજબ વાહન રજીસ્ટર કરાવવું જેથી બસના ઈન્ચાર્જ અને સહ ઈન્ચાર્જ નક્કી કરી શકાય તેમજ છેલ્લે ધારાસભ્ય મહેશ ભૂરીયાએ મોટા પ્રમાણમાં લોકો આવેતે માટે અપીલ કરી હતી.

સાંસદ જસવંતસિંહ ભાભોરે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર પછી ગુજરાત તેમજ દાહોદ જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવી રહેલ છે તે આપણા માટે ગર્વ છે. દાહોદ જિલ્લા સાથે નરેન્દ્ર મોદીનો જૂનો સંબંધ છે તેથી અહીંની પ્રજા સાથે તેઓને વિશેષ આત્મીયતા છે. ભારતમા, ગુજરાતમા તેમજ દાહોદ જિલ્લા તેમજ તાલુકા પંચાયતોમા ભાજપનુ સાશન છે તેથી દરેક ભાજપના નાનાથી લઈને મોટા કાર્યકર્તાઓની જવાબદારી છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભામાં મોટા પ્રમાણમાં ઝાલોદ તાલુકા માંથી જનસંખ્યા સભા સ્થળ સુધી પહોંચે. ભાજપ મા જોડાયેલ દરેક કાર્યકર્તા એ લાભાર્થી જ છે તેથી પોતાની સ્વૈચ્છીક જવાબદારી સમજી જનસંખ્યા વધે તે રીતે કામોમાં લાગી જાય. ભાજપ સંગઠન સાથે જોડાયેલ તેમજ ચૂંટણી જીતેલ કે હારેલ દરેક કાર્યકર્તાઓ ભાજપ ના પરિવાર તરીકેની જવાબદારી નિભાવી સંખ્યા વધે તેની કામગીરીમાં લાગી જાય. વિશ્વની મોટામાં મોટી પાર્ટી ભાજપ તેમજ દેશ વિદેશમાં ભારતનું ગૌરવ વધારનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભામાં ઉત્સાહ ઉમંગ થી પોતાની નૈતિક જવાબદારી સમજી જાહેર સભામાં સમયસર ઉપસ્થિત રહે તે માટે સાંસદ જસવંતસિંહ ભાભોરે આહ્વાન કર્યું હતું.

## આઈટીઆઈ સરખેજ ખાતે સમર સ્કિલ વર્કશોપનું આયોજન

### ધોરણ-૮ કે તેથી વધુ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિનામૂલ્યે સમર સ્કિલમાં ભાગ લઈ શકશે

| અમદાવાદ, તા.૨૦ |

ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ કચેરી હેઠળ આવતી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) સરખેજ ખાતે તા.૨૬/૦૫/૨૦૨૫થી તા.૦૬/૦૬/૨૦૨૫ દરમ્યાન સમર સ્કિલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના અદ્યતન ઔદ્યોગિક વિકાસને ધ્યાને રાખી ઉદ્યોગ જગતની માંગને અનુરૂપ કુશળ માનવબળ તૈયાર કરી રોજગારી અને સ્વરોજગારીની વિપુલ તકો ઊભી થાય, તેવા ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા યુવાનોના કૌશલ્ય વિકાસ માટે ‘સમર સ્કિલ વર્કશોપ’નો વિચાર લાવવામાં આવ્યો છે. હાલમાં રાજ્યની શાળાઓમાં શૈક્ષણિક સત્ર પૂરું થતા ઉનાળું વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ ઉનાળું વેકેશન દરમ્યાન શાળાના ધોરણ-૮ કે તેથી વધુ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાજ્યની ઔધોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ચાલતી વોકેશનલ તાલીમ પ્રત્યે જાગૃતતા આવે અને હાઉસ હોલ્ડ એક્ટિવિટીમાં ભાગ લેવાથી તેઓનો સ્કિલ ટ્રેનિંગ પ્રત્યેનો ઉત્સાહ વધે, તેની પ્રત્યેનો અભિગમ બદલાય તે હેતુથી આઈ.ટી.આઈ સરખેજ ખાતે વિનામૂલ્યે ‘સમર સ્કિલ વર્કશોપ’નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ દરમ્યાન તેઓને આઈ.ટી.આઈ ખાતે ચાલતા વિવિધ વ્યવસાયોને લગતી પાયાની સમજ આપવામાં આવશે. વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીએ આઈટીઆઈ સરખેજ ખાતે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે, એવું આચાયશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સરખેજની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. ઘરના પ્રવર્વતમાન પરિસ્થિતિને કારણે તમે હતાશ થઈ શકો છો. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા માટે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમને તમારી જાતે કરેલી મહેનત પર વધુ ગર્વ થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે.

**કર્ક (ડ,હ) :**

આજે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે.

**સિંહ (મ,ટ) :**

આજે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિંક અંગે સાવચેત રહેજો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં-ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન્યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે. તમારા પ્રેમી-પ્રેમિકા દ્વારા કરવામાં આવતી ટિપ્પણીઓ અંગે તમે ખૂબ જ સંવેદનશીલ હશો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? પરિવાર સાથેની સામાજિક પ્રવૃત્તિઓ ખૂબ જ આનંદપ્રદ હશે. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો. જો તમે આજે આજે પ્રેમ કરવાની તક નહીં ગુમાવો તો, આ દિવસ તમે તમારા આખા આયુષ્યમાં નહીં ભૂલી શકો. આજે તમને તમારો દિવસ કોઈ પણ સ્થળે શાંતિ મળે તે સ્થળે બધા સંબંધો અને સંબંધીઓ થી દૂર રહેવા નું ગમશે.

**તુલા (ર,ત) :**

આજે વ્યસ્તતા હોવા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? પત્ની તમને તમારૂં જીવન બદલવામાં મદદ કરશે. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે. વ્યાવસાયમાં તમારી માસ્ટરીની કસોટી થશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારી અંદર વધુ ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે. તમારે એ સમજવું જોઈએ કે આ માત્ર સમયનો વેડફાટ છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. ઘરને લગતી તમારી જવાબદારીઓ પૂરી કરવામાં બાળકો તમને મદદ કરશે. તેમની નવરાશના સમયમાં તેમને આવી પ્રવૃત્તિઓ કરવા માટે પ્રોત્સાહિત કરો.

**મકર (ખ,જ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે અને લગ્નનો પ્રસ્તાવ મળશે. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. સાંજે કોઈ જૂના મિત્રનો કૉલ આવશે અને જૂની યાદો તાજી થશે. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે. કામમાં ગતિશીલ અને પ્રગતિશીલ પરિવર્તન લાવવામાં સહકર્મચારીઓ તમને સહકાર આપશે.

# USમાં ગેરકાયદે ઘૂસણખોરી કરાવતી ટ્રાવેલ એજન્સીઓ પર વિઝા નિયંત્રણો

## કેઅમેરિકામાં ગેરકાયદે પ્રવેશ, માનવ તસ્કરી સહિતની ગેરકાયદે પ્રવૃત્તિઓ અટકાવવા લેવાયેલો નિર્ણય




। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી કરાવવામાં સંડોવણી ધરાવતી ભારતીય ટ્રાવેલ એજન્સીઓના માલિકો, એક્ઝિક્યુટિવ્ઝ તથા વરિષ્ઠ અધિકારીઓ પર અમેરિકાએ વિઝા નિયંત્રણો લાદવાની જાહેરાત કરી છે. આ અંગે અમેરિકાના વિદેશ વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી, અને માનવ તસ્કરી સહિતના ગેરકાયદે કામોમાં સંડોવાયેલા લોકોને ઓળખી તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે ભારત સ્થિત અમેરિકન દૂતાવાસ તથા ડિપ્લોમેટિક સિક્યુરિટી સર્વિસ સતત કામગીરી કરી રહી છે. વિદેશ વિભાગે સોમવારે જણાવ્યું હતું કે, અમેરિકામાં ગેરકાયદે ઈમિગ્રેશનની કામગીરીમાં સંડોવાયેલી ભારતની ટ્રાવેલ એજન્સીઓ, તેમના માલિકો, એક્ઝિક્યુટિવ્સ અને વરિષ્ઠ અધિકારીઓ પર વિઝા નિયંત્રણો લાદવામાં આવ્યાં છે. અમારી ઈમિગ્રેશ નીતિનો હેતુ વિદેશી નાગિરકોને ગેરકાયદે ઈમિગ્રેશનના જોખમોથી માહિતગાર કરવાની સાથે સાથે જ ગેરકાયદે ઈમિગ્રેશનની કામગીરી કરતાં સહિતના અમારા કાયદાનો ભંગ કરનારા લોકોને જવાબદાર ઠેરવવાનો પણ છે. વિભાગે વધુમાં જણાવ્યું હતું કે, વિઝા નિયંત્રણ નીતિ એ વૈશ્વિક છે અને અન્યથા વિઝા વેવર પ્રોગ્રામ માટે ક્વોલિફાય થનારા લોકોને પણ તે લાગુ પડે છે. કઈ કઈ ટ્રાવેલ એજન્સી અને લોકો પર વિઝા નિયંત્રણો લદાયા છે તેવા એક પ્રશ્નના જવાબમાં નવી દિલ્હી સ્થિત અમેરિકન દૂતાવાસના અધિકારીએ જણાવ્યું હતું કે, વિઝા રેકોર્ડની ગોપનીયતાને કારણે આ વિગતો ઉપલબ્ધ બનાવી શકાય તેમ નથી.વિદેશીમાં રેમિટન્સ પર ૫ ટકા ટેક્સની દરખાસ્ત કરતાં અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના 'વન બિગ બ્યૂટિફૂલ બિલ'ને સોમવારે ૧૭-૧૬ મતની સાંકડી સરસાઈથી બજેટ કમિટીની બહાલી મળી હતી. બિલમાં યુએસ મેક્સિકો સીમા પર ૪૬.૫ અબજના ખર્ચે દિવાલ બાંધવાની, ૫૧૦,૦૦૦ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ ઓફિસરની ભરતીની જોગવાઈ છે. આશ્રય માંગતા ઈમિગ્રન્ટ પાસેથી ૧,૦૦૦ ડોલરની ફી વસૂલવાની દરખાસ્ત છે. વાર્ષિક ૧૦ લાખ ઈમિગ્રન્ટ્સનો દેશનિકાલ તથા ડિટેન્શન સેન્ટરોમાં ૧ લાખ વ્યક્તિઓની રાખવાની ક્ષમતા ઊભી કરવાની પણ દરખાસ્ત છે. માતાપિતા વગરના બાળકોને સ્પોન્સર કરવા ૩,૫૦૦ ડોલરની ફી સહિત ઈમિગ્રેશન-સંબંધિત અરજીઓ માટે વધારાની ફીની દરખાસ્ત છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૮ વચ્ચે જન્મેલા બાળકો માટે ૧,૦૦૦ ફેડરલ સહાયની પણ જોગવાઈ છે.

### ન્યૂઝ બ્રિફ

## ભારતને ભારે નુકસાન કરવા પાકિસ્તાને શાહીન મિસાઇલનો ઉપયોગ કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતીય સૈન્યના ઓપરેશન સિંદૂરની કાર્યવાહીથી પાકિસ્તાન ભયભીત થઈ ગયું હતું. આ દરમિયાન ભારતને વધુને વધુ નુકસાન પહોંચાડવા માટે પાકિસ્તાને શાહીન મિસાઈલનો ઉપયોગ કર્યો હતો. રાજધાની દિલ્હી પર હુમલો કરવા માટે પોતાના વિનાશક હથિયારોમાં સામેલ ન્યુક્લિયર કેપેબલ શાહિન મિસાઈલ છોડી હતી. જોકે, પાકિસ્તાને ભારત પર જે શાહીન મિસાઈલ છોડી હતી, એમાં વોરહેડ ન્યુક્લિયર ન હતું.જોકે, ભારતના મજબૂત સુરક્ષા કવચને લીધે પાકિસ્તાનના ઈરાદા ફળીભૂત થયા નહીં.આ મિસાઈલોને હવામાં જ ભારતીય સૈન્યે તોડી પાડી હતી. ભારતીય સૈન્યે જાહેર કરેલા વીડિયો પરથી ખ્યાલ આવે છે કે પાકિસ્તાને શાહીનની સાથે-સાથે ચીનના એ-૧૦૦ અને ફતહ ૧-૨ એમએલઆરએસ હથિયારનો ઉપયોગ કર્યો હતો. શાહીન અને અન્ય મિસાઈલોને ઈન્ટરસેપ્ટ કરવા ભારતે એસ-૪૦૦ની સાથે-સાથે આકાશ ડિફેન્સ સિસ્ટમનો ઉપયોગ કર્યો હતો. ભારતીય સૈન્યના વેસ્ટર્ન કમાન્ડે પાકિસ્તાનના હુમલાઓને નિષ્ફળ કર્યા હોવાનો વીડિયો સોશ્યલ મીડિયા પર શેયર કર્યો છે.

## જજો સામે કાર્યવાહી માટે પૂર્વ મંજૂરીના ચુકાદાની સમીક્ષાનો સમય આવી ગયો છે : ધનખડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સોમવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયાધીશો સામે કાર્યવાહી કરવા માટે પૂર્વ મંજૂરી જરૂરી છે તેવા સુપ્રીમ કોર્ટના ચુકાદાની પુનઃવિચારણા કરવાનો સમય આવી ગયો છે. તેમણે હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્મા સંબંધિત કેશકાંડમાં FIR દાખલ કરવામાં વિલંબ પર પણ સવાલ ઉઠાવ્યો હતો.આ મામલાની તપાસ માટે ત્રણ જજની ઈન-હાઉસ સમિતિની રચના પર સવાલ ઉઠાવતા તેમણે જણાવ્યું હતું કે આ એક ગંભીર મુદ્દો છે. ત્રણ જજની સમિતિ કેવી રીતે તપાસ કરશે. આ મામલાની વૈજ્ઞાનિક ગુનાહિત તપાસની જરૂર છે. બીજા કોઈ સામાન્ય નાગરિકની જેમ આ મામલે ફોજદારી ન્યાય પ્રણાલી કેમ કાર્યરત ન બની શકે? આ મામલે લોકો તેની મની ટ્રેઈલ, તેના સ્રોત, તેના ઈરાદા જાણવા માગે છે.શું આ મામલાથી ન્યાયિક પ્રણાલી દૂષિત થઈ છે? બે મહિના વીતી ગયા છે અને કોઈ કંઈ જાણતું નથી. જસ્ટિસ વર્માના સત્તાવાર ઘરમાંથી જંગી રોકડ રકમ મળ્યાં બાદ માર્ચ મહિનામાં તેમની દિલ્હી હાઈકોર્ટમાંથી અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરાઈ હતી.

### બેંગલોરમાં કમોસમી જળબંબાકાર

# હિમાચલ પ્રદેશમાં મૂશળધાર વરસાદમાં બે લોકોનાં મોત

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૦ ।

કર્ણાટકની રાજધાની અને દેશના આઈટી હબ તરીકે જાણીતા બેંગલુરુમાં ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઇ હતી. સોમવારે સવારે પણ વરસાદ પડતા નિચાણવાળા અનેક મકાનોમાં પાણી ભરાયા હતા. હવામાન વિભાગે શહેરમાં હજુ પણ ભારે વરસાદની એલર્ટ જાહેર કરી હતી. શહેરમાં વરસાદ સાથે સંકળાયેલી વિવિધ ઘટનાઓમાં ત્રણ લોકોના મોત નિપજ્યા છે. સોમવારે સવારે ૮.૩૦ વાગ્યા સુધીમાં બેંગલુરુ શહેરમાં ૧૦૫.૫ મીમી વરસાદ પડયો હતો. જ્યારે રવિવારે પણ ભારે વરસાદ પડયો હતો. સતત બે દિવસ સુધી વરસાદ પડવાને કારણે બેંગલુરુમાં જળબંબાકાર સર્જાયો હતો. કલાકો સુધી શહેર જળમગ્ન રહ્યું હતું. ભારે વરસાદને કારણે શહેરોના રોડ પર કમર સુધીના પાણી ભરાયા હતા, જેને પગલે અનેક વાહનો ફસાઇ ગયા હતા અને ભારે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સામે આવ્યા હતા. હવામાન વિભાગે કહ્યું છે કે ૨૨મી મેના રોજ હવામાનમાં ફેરફાર જોવા મળી શકે છે અને દબાણનું ક્ષેત્ર વિકસિત થશે. જેને પગલે કર્ણાટક, ગોવા અને મહારાષ્ટ્રના તટીય ક્ષેત્રોમાં ભારે વરસાદ પડશે. આંધી સાથે ભારે વરસાદને પગલે જળભરાવનો ખતરો પણ રહેલો છે. બેંગલુરુમાં ઠેરઠેર પાણી ભરાયેલા હોવાથી આઈટી સહિતની કંપનીઓના કર્મચારીઓ અને અન્ય સ્ટાફે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે ભાજપના સાંસદ પીસી મોહને કંપનીઓને વિનંતી કરી છે કે તેઓ હાલમાં સ્થિતિ થાળે ના પડે ત્યાં સુધી વર્ક ળોમ હોમની નીતિ અપનાવીને કર્મચારીઓ પાસે ઘરેથી જ કામ લેવાનું રાખે. વિવિધ ઈમારતોના બેઝમેન્ટમાં પણ ભારે પાણી ભરાયા છે, જેને ખાલી કરવા જતા બે લોકોને વીજળીનો કરંટ લાગ્યો હતો. જેને કારણે બન્નેના મોત થયા હતા. મૃતકમાં એકની ઉંમર ૬૩ વર્ષ જ્યારે બીજાની ૧૨ વર્ષની છે. જ્યારે આઈટી કંપનીની દિવાલ ધસી પડતા એક મહિલાનું મોત નિપજ્યું હતું.

### સેનાના ડીજી ડી'કુન્હાનું નિવેદન

# પહેલીવાર ગોલ્ડન ટેમ્પલમાં તૈનાત કરાશે એર ડિફેન્સ ગન

## સુવર્ણ મંદિરના મુખ્ય ગ્રંથીએ પહેલીવાર સેનાને મંદિર પરિસરમાં શસ્ત્રો તૈનાત કરવાની પરવાનગી આપી છે

। (એજન્સી) અમૃતસર, તા.૨૦ ।

૬-૭ મેની રાત્રે પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી છાવણીઓ પર ભારતીય સેના દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલા પછી, પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરના ઘણા ભાગોમાં ડ્રોન હુમલા કર્યા, જેને ભારતીય સેનાએ સંપૂર્ણપણે નિષ્ફળ બનાવ્યા.

તાજેતરમાં જ એવું બહાર આવ્યું હતું કે પાકિસ્તાને ડ્રોન અને મિસાઈલો દ્વારા અમૃતસરના સુવર્ણ મંદિરને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતની મજબૂત એર ડીફેન્સ સિસ્ટમની મદદથી પાકિસ્તાનનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ વચ્ચે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સુવર્ણ મંદિરમાં પહેલી વાર એર ડીફેન્સ સિસ્ટમ તૈનાત કરવામાં આવશે. ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને અમૃતસરના સુવર્ણ મંદિરને પણ નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. આ પછી, સુવર્ણ મંદિરના મુખ્ય ગ્રંથીએ પહેલીવાર સેનાને મંદિર પરિસરમાં શસ્ત્રો તૈનાત કરવાની પરવાનગી આપી છે. એર ડિફેન્સના આર્મી ઈન્ચાર્જ લેફ્ટનન્ટ જનરલ સુમેર ઈવાન ડી'કુન્હાએ કહ્યું કે ઈતિહાસમાં આ પહેલી વાર બન્યું છે કે સુવર્ણ મંદિરની લાઈટો બંધ કરવામાં આવી હોય. આ દુશ્મનના ડ્રોનને સચોટ રીતે ટ્રેક કરવા અને તેમને નષ્ટ કરવા માટે આ રસ્તો અપનાવવામાં આવ્યો હતો. આનાથી સેનાને ડ્રોન ઓળખવામાં અને તેમને સરળતાથી નિશાન બનાવવામાં મદદ મળી.લશ્કરી અધિકારીએ કહ્યું, અમે પાકિસ્તાન શું કરી શકે છે તે વિશે ઊંડાણપૂર્વક વિચાર્યું. બોર્ડર કોઈ ટાર્ગેટ નથી, તે સુવર્ણ મંદિરને નિશાન બનાવી શકે છે.




પ્રહલાદ જોશી ૨૦ મે, ૨૦૨૫ ના રોજ નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે "ડેપો દર્પણ અને અન્ન સહાયતા" ના લોન્ચિંગમાં ઉપસ્થિત રહ્યા હતાં.

# પાકિસ્તાન સાથે સંઘર્ષ વિરામનો નિર્ણય દ્વિપક્ષીય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

સંસદના એનેક્સી ભવનમાં આજે વિદેશ મામલાની સ્થાઈ સંસદીય સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સમિતિના સાંસદોએ આજે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષ વિરામ તથા ટ્રમ્પની મધ્યસ્થીના દાવા અંગે સવાલ ઉઠાવ્યા. સૂત્રો અનુસાર જવાબમાં વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું છે કે સંઘર્ષ વિરામમાં ત્રીજા કોઈની મધ્યસ્થી નથી. આ નિર્ણય દ્વિપક્ષીય સ્તર પર લેવાયો હતો.

વિક્રમ મિસરીએ ઓપરેશન સિંદૂર તથા તે બાદના સમગ્ર ઘટનાક્રમ વિશે સમિતિને જાણકારી આપી. પહલગામ હુમલા બાદ ભારતે કઈ રીતે પાકિસ્તાન તથા પીઓકેમાં આતંકવાદી અડ્ડાઓ પર હુમલા કર્યા તેની પણ જાણકારી આપવામાં આવી. જાણકારી અનુસાર સંસદીય સમિતિએ વિક્રમ મિસરીને સીઝફાયર તથા તેમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની ભૂમિકા અંગે કેટલાક સવાલો કરાયા હતા.

નોંધનીય છે કે જે દિવસે ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામની જાહેરાત થઈ ત્યારે પણ ટ્રમ્પે સીઝફાયરમાં મધ્યસ્થીનો દાવો કર્યો હતો. ટ્રમ્પે 'ટ્રૂથ સોશિયલ' નામના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ભારત અને પાકિસ્તાનમાં યુદ્ધવિરામનો દાવો કર્યો હતો.

## વિશેષ

### ૨૧મી માર્ચઃ વિશ્વ વન દિવસ વિશેષ

# પર્યાવરણની માવજત સાથે વિકાસનો વિસ્તાર ધરાવતો જિલ્લો એટલે નવસારી - નેશનલ હાઈવેની બન્ને તરફ મિયાવાકી પધ્ધતિથી વનોના નિર્માણની પહેલ ઉપાડતું નવસારી જિલ્લા સામાજિક વનીકરણ વિભાગ

। (માહિતી) નવસારી ।

રોડરસ્તાનું બાંધકામ માળખાકિય વિકાસ માટે જરૂરી છે, પરંતુ આ જરૂરીયાત પુરી કરવા પર્યાવરણને આડકતરી રીતે ઘણું નુકશાન થતું હોય છે. આ નુકશાની અંગે જાગૃત બની તેની ભરપાઈ કરવાના સજાગ પ્રયત્નો નવસારી જિલ્લા ખાતે હાથ ધરવામાં આવી રહ્યા છે. જેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ નેશનલ હાઈવેના નિર્માણની સાથે રસ્તાની બન્ને બાજુ થઈ રહેલા વનોનું નિર્માણ છે.

વનોનું નિર્માણ કુદરતી રીતે થયેલું હોય તેવી જ ધારણા દરેકના મનમા હોય છે, પરંતુ માનવીઓ દ્વારા પણ વનોનું નિર્માણ શક્ય છે. આજના ઝડપી યુગમાં જ્યાં માનવીઓને દરેક વસ્તુ ઝડપ થી થઈ જાય તેવી જોઈતી હોય છે ત્યારે જાપાની વનસ્પતિશાસ્ત્રી અકીરા મીયાવાંકીની વનીકરણ પદ્ધતિ વનોના ઝડપી નિર્માણ માટે ભરોસાપાત્ર પધ્ધતિ છે. જેને ભારત દેશમાં જ નહિ સમગ્ર વિશ્વમાં અપનાવવામાં આવી રહી છે. વસુધૈવ કુટુંબકમની ભાવના તથા ભવિષ્યની તૈયારી સાથે દીઘર્દ્રષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ગુજરાતને વધુ હરિયાળું બનાવવાની નેમ મુખ્યમંત્રીશ્રી ભુપ્રેન્દ્રભાઈ પટેલ દ્વારા લેવામાં આવી છે. આ હેતુથી જાપાની વનસ્પતિશાસ્ત્રી અકીરા મીયાવાંકીની વનીકરણ પદ્ધતિને લક્ષ્યમાં રાખી ગુજરાત વનવિભાગ દ્વારા 'વનકવચ' પદ્ધતિ વિકસાવવામાં આવી છે.



નવસારી જિલ્લા વન વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી ભાવના દેસાઈએ નવસારી જિલ્લામાં વનકવચ પધ્ધતિથી તૈયાર થતા વનો વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, નવસારી જિલ્લામાં વિવિધ જગ્યાઓએ વનકવચ પધ્ધતિથી વનો ઉભા કરવામાં આવી રહ્યા છે. જે પર્યાવરણ, પશુ પક્ષીઓ અને વન્યસંપદા માટે ફાયદાકારક સાબીત થશે. જે પૈકી જાનકીવન ખાતે, આરક સિસોદ્રા ખાતે, સીમળગામ ખાતે તેમજ ગણદેવા એક્સપ્રેસ હાઈવે પાસે વનકવચ વિકસી રહ્યા છે. આ વનમાં અંદાજીત કુલ ૬૦૦૦૦ રોપાનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે.

### શુ છે વનકવચ?

વનકવચ એ મુખ્યત્વે શહેરી વિસ્તારમાં અને અન્ય વિસ્તારમાં રહેલી પડતર જમીનમાં હરિયાળી વધારવા માટે તથા આવી પડતર જમીનમાં ઝડપથી નાનું વન નિર્માણ કરવાની પદ્ધતિ છે. એક નાનકડી જગ્યામાં પણ ઘનિષ્ઠ વાવેતર કરી શરૂઆતના ૨ વર્ષ નિયમિત તેની સારસંભાળ લઈ પરિપક્વ બનાવવામાં આવે છે. એધલ બીટગાર્ડ રચના પટેલે વૃક્ષારોપણની પધ્ધતિ સમજાવતા જણાવ્યું હતું કે, આ પધ્ધતિમાં ત્રણ સ્તર મુજબ વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે. જેમાં પહેલા સ્તર માટે વડ,પીપળો,ખાટી આંબલી,ઉંબરો,રાયણ, મહુડો, વગેરે પ્રકારના ઉચ્ચસ્તરીય રોપા, બીજા સ્તર માટે વાયવરણો, કૈલાસપતિ, બીલી, કદમ, સરગવા, વગેરે પ્રકારના મધ્યમ સ્તરીય રોપા અને ત્રીજા સ્તર માટે સતાવરી, અરડૂસી, કરમદા,કૃષ્ણ કમળ, સફેદ ચિત્રક, નગોડ વગેરે પ્રકારના નિમ્ન સ્તરીય રોપાની પસંદગી કરવામાં આવી છે. આટલું જ નહી હાઈવેની પહેલી લાઈન સુશોભન પ્રકારના વૃક્ષોથી આચ્છાદિત છે. જેવાકે કંચનાર,ગરમાળો, બોગનવેલ, કૈલાસપતિ, કરેણ, ગીરીપુષ્પ, તામ્રપત્રી,સીતાઅશોક, પીક્રેશીયા વગેરે જેવા વૃક્ષો આકાર પામી રહ્યા છે, અને સાથે સાથે વનકવચમાં વૈવિધ્ય સભર જીવસૃષ્ટિ પણ પાંગરી રહી છે. આ વનકવચમાં અલગ અલગ ૨૨ પ્રકારના પતંગિયા જેવા કે કોમન જેજેબલ, લાઈમ બટરફલાય, ઈવનિંગ બ્રાઉન, કોમન પાઈરેટ, બ્લુ પેન્સી, પ્લેન ટાઈગર, કોમન ક્રો, ડેનેડ એગ્ફલાય, કોમન સેઈલર, કોમન મોર્મોન, કોમન એમિગ્રાંટ, મોટલ્ડ એમિગ્રાંટ, વગેરે જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત ૫૦ થી વધુ પ્રકારના પક્ષીઓ જેવાકે સિપાઈ બુલબુલ, નાનો રાજાલાલ, દૂધરાજ, સમડી, શકરો, પોપટ, તાલિયો હોલો, ચાતક, કાગડીયો કુંભાર, કોયલ, ઈન્ડિયન રોલર, કલકલિયો, નાનો પતરંગો, તારોડિયુ, દિવાળી ઘોડો, હડીયો, ટપકીલી નાચણ, દેવ ચકલી, દૈયડ, વીડ ધાનચીડી, કંસારો,ઘંટી ટાકણો, ફૂલ સુંઘણી, બગલો, સનબર્ડ, ચકલી, કાળોકોશી, ટપુસિયું વગેરે પ્રકારના પક્ષીઓ જોવા મળી રહ્યા છે. આમ નાના આરબોરેટમ નવસારી જીલ્લામાં વિકાસ પામી રહ્યા છે.

### વનકવચ પધ્ધતિના મુખ્ય સિદ્ધાંતો

- જમીનમાં જરૂરી માટીકામ કરી જમીનની ફળદ્રુપતા વધારવી
- જમીનમાં પાણી અને ભેજનો સંગ્રહ કરવો.
- યોગ્ય સમયે ઓછા અંતરે ત્રણ સ્તરમાં ગીચ વાવેતર કરવું
- પરસ્પર આંતરસ્પર્ધાનાં કારણે વનસ્પતિની ઝડપી વૃદ્ધિ
- વનકવચ માટે ફક્ત સ્થાનિક જાતોને જ પ્રાધાન્ય
- કુદરતી વનોની જેમ જ વાવેતર પરિપક્વ થઈ વિકાસ પામે તેવું આયોજન કરવું

વનકવચ પધ્ધતિ હેઠળ સ્થાનિક જાતોને જ પ્રાધાન્ય આપવામાં આવે છે. જેને લઈને નવસારી જિલ્લામાં વન વિભાગ દ્વારા ૮૦ થો ૯૦ પ્રકારના સ્થાનિક વૃક્ષોની પસંદગી વનકવચ માટે કરવામાં આવી છે. વનકવચ માટે સૌ પ્રથમ જમીન અનુસાર ખાડા ખોદવામાં આવે છે. સમતલ સપાટ અને ઢોળાવવાળી જમીનમાં ભૌગોલીક પરિસ્થિતી અનુસાર ખાડા ખોદવામાં આવે છે. નકામા ઝાંડી ઝાખરા સાફ કરી ૪-૪ મીટરના અંતરએ વૃક્ષના પ્રકાર પ્રમાણે ૫૦ અને ૩૦ સેમીના ખાડા ખોદવામાં આવે છે.

વનકવચ માટે ત્રણ લેયરમાં રોપાનું વૃક્ષારોપણ કરવામાં આવે છે. ઉચ્ચ સ્તર, મધ્યમ અને નિમ્ન સ્તર. વન કવચમાં વૃક્ષારોપણ બાદ ૨થી ૩ વર્ષ સુધી નિયમિત પાણી આપવાથી વૃક્ષોનો સમુહ એક નાનકડા વન રૂપે વિકાસ પામે છે.

### વનકવચ પદ્ધતિના ફાયદા

વનકવચ પદ્ધતિથી તૈયાર કરેલ વનો ૩૦ ગણા ગાઢ તથા ૧૦ ગણા ઝડપથી વિકસે છે. આ પ્રકારના વનો પ્રદુષણને અટકાવે છે તથા વાતાવરણને શુદ્ધ બનાવે છે. આ પદ્ધતિમાં વૃક્ષો એકબીજાની નજીક વાવવામાં આવેલ હોવાથી, વૃક્ષોના મૂળ જમીનને પકડી રાખે છે તેથી જમીનનું ધોવાણ અટકે છે. આ વૃક્ષો એકબીજાને સીધા સુર્યપ્રકાશથી પણ બચાવે છે. આવા વનોમાં જૈવ વિવિધતા વિકસે છે. બે વર્ષના ટુંકા ગાળામાં જ વિકાસ પામેલ વનકવચ જુદા-જુદા પ્રકારના પશુ પક્ષીઓનું આશ્રયસ્થાન બની જાય છે અને જમીન જીવંત થઈ જાય છે. આ પદ્ધતિથી ઘરોની આસપાસની જગ્યાને નાના બગીચા અથવા વનમાં ફેરવી શકાય છે. જે શહેરો માટે ખુબજ ફાયદાકારક પ્રવૃત્તિ તરીકે ગણી શકાય છે. વનકવચ પદ્ધતિથી શહેરી વિસ્તારોમાં આવેલ મકાનોની આસપાસ તેમજ અન્ય નાની નાની જગ્યાઓમાં ઝડપથી કુદરતી વનો ઊભા કરવામાં આવે છે જે માનવ જીવનની ગુણવત્તામાં સકારાત્મક પરિવર્તન લાવે છે.


### મોટાભાગના ઘરો ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોના

# અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાં બુલડોઝર એક્શનનો બીજો રાઉન્ડ

## પ્રશાસને કાર્યવાહીને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે ૭૫ બુલડોઝર અને ૧૫૦ ડમ્પર તૈનાત કર્યા છે સાથે જ સુરક્ષા માટે ૮ હજાર પોલીસકર્મી તૈનાત કર્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાતમાં ફરી એક વાર ગેરકાયદેસર બાંધકામ પર એક્શન લેવાની શરુ થઈ ગઈ છે. અમદાવાદમાં ચંડોળા તળાવ વિસ્તારમાં બીજા તબક્કામાં લગભગ ૨.૫ હજાર ગેરકાયદેસર મકાનો પાડવામાં આવશે. પહેલા તબક્કામાં આ વિસ્તારમાં લગભગ ૩ હજાર મકાનો પર બુલડોઝર ચલાવવામાં આવશે. ગેરકાયદેસર મકાનો પર કાર્યવાહીની બીજા તબક્કામાં મોટા પાયે તૈયારીઓ થઈ ગઈ છે. પ્રશાસને કાર્યવાહીને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે ૭૫ બુલડોઝર અને ૧૫૦ ડમ્પર તૈનાત



કર્યા છે. સાથે જ સુરક્ષા માટે ૮ હજાર પોલીસકર્મી તૈનાત કર્યા છે. અહીં ઉલ્લેખનિય છે કે, અગાઉ, ૨૯ અને ૩૦ એપ્રિલના રોજ અભિયાનના પહેલા તબક્કામાં, લગભગ ૩ હજાર ગેરકાયદેસર મકાનો તોડી પાડવામાં આવ્યા હતા, જેમાંથી મોટાભાગના ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોના હતા. બીજા તબક્કામાં પણ વહીવટીતંત્ર અઢી હજારથી વધુ ગેરકાયદે બાંધકામોને નિશાન બનાવી રહ્યું છે. ગુજરાત પોલીસે છેલ્લા કેટલાક અઠવાડિયામાં હજારો ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી છે, જેમાં અમદાવાદમાં રહેતા મોટી સંખ્યામાં બાંગ્લાદેશીઓનો પણ સમાવેશ થાય છે. ચંડોળા તળાવ વિસ્તારમાં ચાલી રહેલી આ કાર્યવાહીનો ઉદ્દેશ્ય ગેરકાયદેસર અતિક્રમણ દૂર કરવાનો અને ઘુસણખોરો પર કડક કાર્યવાહી કરવાનો છે. ચંડોળા તળાવ વિસ્તાર લાંબા સમયથી ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સનો ગઢ રહ્યો છે.

### બોટલોના નામે ચાલતા ડ્રગ્સની દાણચોરીના ધંધા

# દ્વારકા નગરી માથી ઝડપાયું નશા-કારક હેન્ડ સેનીટાઈઝરનું મોટું રેકેટ

। દેવભૂમિ દ્વારકા, તા.૨૦ ।

દ્વારકામાં નશાકારક હેન્ડ સેનિટાઇઝરના એક મોટા રેકેટનો પર્દાફાશ થયો છે. પોલીસની એક મોટી કાર્યવાહીમાં, ૭ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ચાર હજુ પણ ફરાર છે. દ્વારકા પોલીસે હેન્ડ સેનિટાઇઝરની બોટલોના નામે ચાલતા ડ્રગ્સની દાણચોરીના ધંધાનો પર્દાફાશ કર્યો છે. થોડા સમય પહેલા, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસે જાહેરમાં વેચાતા આરોગ્ય માટે હાનિકારક હેન્ડ સેનિટાઇઝરની બોટલો જપ્ત કરી હતી અને આ મામલામાં સામેલ અન્ય રાજ્યોના વેપારીઓ, સપ્લાયર્સ અને ઉત્પાદકો દ્વારા અહીં આ નશીલા પીણાનું વેચાણ કરવાના સમગ્ર રેકેટનો પર્દાફાશ કર્યો હતો. આ પછી, પોલીસે તાજેતરમાં દ્વારકા વિસ્તારમાં એક પ્રોવિઝન સ્ટોરમાંથી જપ્ત કરાયેલી આવી શંકાસ્પદ બોટલો જપ્ત કરી હતી અને તેની તપાસ કર્યા પછી, દ્વારકા પોલીસ અને LCB ટીમે ઘણા દિવસો સુધી આ મામલાની સઘન તપાસ કરી હતી અને આ કેસમાં સંડોવાયેલા કુલ સાત લોકોમાંથી, દ્વારકા અને ખંભાળિયાના વેપારીઓ સહિત કુલ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને રિમાન્ડ પર લેવામાં આવ્યા હતા, જેનાથી વિવિધ મુદ્દાઓ પર પ્રકાશ પડ્યો હતો. આ સમગ્ર કેસ અંગે પોલીસ દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર, સ્થાનિક પોલીસે દ્વારકા તાલુકાના ટુપાણી ગામમાં રહેતા સવદાસ કરસન પોપાણીયા નામના વેપારીની ચામુંડા પ્રોવિઝન સ્ટોર નામની દુકાનમાં રાખેલી હેન્ડ રબ (સેનિટાઇઝર) ની કેટલીક શંકાસ્પદ બોટલો જપ્ત કરી હતી.

### કેરળમાં ચોમાસુ દસ્તક દેવા માટે તૈયાર

# દેશભરના ૨૦ રાજ્યોમાં વાવાઝોડું અને વરસાદની આગાહી કરવામાં આવી

## ઉત્તર ભારતના રાજ્યો ભીષણ ગરમીની ઝપેટમાં છે ત્યારે હવે હવામાન વિભાગે આગામી ૭ દિવસ માટે હવામાન અપડેટ આપ્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

કેરળમાં ચોમાસુ દસ્તક દેવા માટે તૈયાર છે. દેશના ઘણા રાજ્યોમાં ચોમાસા પહેલાનો વરસાદ પડી રહ્યો છે. ઉત્તર ભારતના રાજ્યો ભીષણ ગરમીની ઝપેટમાં છે. ત્યારે હવે હવામાન વિભાગે આગામી ૭ દિવસ માટે હવામાન અપડેટ આપ્યું છે.અહીં ઉલ્લેખનિય છે કે, બંગાળની ખાડીમાંથી ચોમાસું આગળ વધી રહ્યું છે. આગામી ૨ દિવસમાં ચોમાસુ કેરળમાં પ્રવેશ કરી શકે છે. ૧૯મેના રોજ દક્ષિણ પશ્ચિમ ચોમાસુ દક્ષિણ અરબી સમુદ્રના કેટલાક ભાગો, માલદીવ્સ અને કોમોરિન વિસ્તાર, મધ્ય બંગાળની ખાડીના કેટલાક ભાગો અને ઉત્તરપૂર્વ બંગાળની ખાડીના કેટલાક ભાગોમાં આગળ વધ્યું છે. અરબી સમુદ્ર, બંગાળની ખાડી અને હિંદ મહાસાગરના દરિયાકાંઠાના રાજ્યોમાં તોફાની પવનો ફૂંકાઈ રહ્યા છે અને વચ્ચે-વચ્ચે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે આગામી ૭ દિવસમાં દેશભરના ૨૦ થી વધુ રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદની ચેતવણી જાહેર કરી છે. છેલ્લા ૨૪ કલાકમાં, ઝારખંડ, જમ્મુ અને કાશ્મીર, પશ્ચિમ મધ્ય પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, આસામ, મેઘાલય, ગંગા પશ્ચિમ બંગાળ, બિહાર, હિમાચલ પ્રદેશ, પૂર્વ મધ્યપ્રદેશ, મર્દભા પ્રદેશ, વિઘ્નહર્તા, વિહાર, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ મધ્ય પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, તમિલનાડુમાં ૪૦-૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તોફાની પવનો ફૂંકાયા હતા. આ ઉપરાંત ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, બિહાર, તમિલનાડુ, દક્ષિણ આંતરિક કર્ણાટક, ઉત્તરાખંડ, આસામ, કેરળ, ઉત્તર આંતરિક કર્ણાટક, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, તેલંગાણા, રાયલસીમા, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થયો હતો. હિમાચલ પ્રદેશ અને પશ્ચિમ મધ્ય પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ કરા પડ્યા.

### નિકોલમાં દબાણ હટાવવા ગયેલા કર્મચારીઓ પર ૧૦ લોકોનો પથ્થરમારો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

નિકોલ ગામ રોડ પર કોઠિયા હોસ્પિટલ પાસે ફેરિયાઓ ટ્રાફિક અડચણ થાય તે રીતે રસ્તામાં કેરીઓના કેરેટ મૂકીને વેચાણ કરતા હતા. છસ્ઝની ટીમ દબાણ હટાવવા ગઇ હતી ત્યારે ૧૦થી વધુ વ્યક્તિના ટોળાએ એએમસી કર્મીઓ સાથે માથાકૂટ કરીને કર્મીઓ અને સરકારી ગાડી પર પથ્થરમારો કર્યો હતો, જેમાં પાંચ એએમસી કર્મીઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ અંગે એસ્ટેટ વિભાગના સબ ઈન્સ્પેક્ટરે ૧૦થી વધુ લોકો સામે નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પાંચથી વધુ આરોપીની ધરપકડ કરી છે. ચાંદખેડામાં રહેતા પાર્થભાઇ વાળા એએમસીમાં એસ્ટેટ વિભાગમાં સબ ઈન્સ્પેક્ટર તરીકે નોકરી કરે છે. ગત ૧૭મે એ બપોરના સમયે તેઓ સ્ટાફના કર્મીઓ સાથે દબાણ હટાવવાની કામગીરી કરવા નીકળ્યા હતા. ત્યારે સાંજના સમયે તેઓ ઉત્તમનગર પાસે કોઠિયા હોસ્પિટલ પાસે પહોંચ્યા તે સમયે કેટલાક લોકો કેરીઓના કેરેટ મૂકીને વેચાણ કરતા હતા. જેનાથી ટ્રાફિકને અડચણ થતી હતી. જેથી એએમસી કર્મીઓ ત્યાં દબાણ હટાવવા કેરીઓના કેરેટ દબાણની ગાડીમાં મૂકતા હતા. આ દરમિયાન એક શખ્સ આવ્યો હતો અને કર્મીઓને ગાળો બોલીને ઝપાઝપી કરવા લાગ્યો હતો. બાદમાં દબાણની ગાડીમાં મૂકેલ કેરેટ નીચે ઉતારવા લાગ્યો હતો. જેથી કર્મીઓએ તેને નીચે ઉતાર્યો હતો. જેથી શખ્સે બૂમાબૂમ કરતા ૧૦થી વધુ વ્યક્તિઓનું ટોળું એકઠું થઈને એએમસી કર્મચારીઓ અને સરકારી ગાડીઓ પર પથ્થરમારો કર્યો હતો.

# દીવમાં બ્લુ સર્ટિફાઇડ ઘોઘલા બીચ પર પ્રથમ ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સ, ૨૦૨૫નું ભવ્ય ઉદ્ઘાટન થયું

। (એજન્સી) દમણ, તા.૨૦ ।

ભારતના પ્રથમ ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ, ૨૦૨૫નું ઉદ્ઘાટન કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના દીવ જિલ્લામાં બ્લુ સર્ટિફાઇડ ઘોઘલા બીચ પર ખૂબ જ ધામધૂમથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, માનનીય યુવા બાબતો અને રમતગમત અને શ્રમ અને રોજગાર મંત્રી શ્રી મનસુખ એલ. માંડવિયા, માનનીય લેફ્ટનન્ટ ગવર્નર, પુડુચેરી શ્રી કે. કૈલાશનાથન, માનનીય એડમિરલ, આંદામાન અને નિકોબાર, શ્રી ડી.કે. જોશી, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના લક્ષદ્વીપના માનનીય પ્રશાસક શ્રી પ્રફુલ્લ પટેલ અને અન્ય પ્રતિષ્ઠિત મહેમાનો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રખ્યાત ગુજરાતી ગાયિકા ગીતા રબારીએ પોતાના સુમધુર ગીતો દ્વારા શ્રોતાઓનું મનોરંજન કર્યું. ત્યારબાદ,



પ્રખ્યાત ખેલાડીઓ અને રમત નાયકોનું સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ બધા માનનીય મહેમાનોએ FOP ની મુલાકાત લીધી જ્યાં યુવા ખેલાડીઓએ તેમને વિવિધ બીચ રમતો વિશે માહિતી આપી હતી. ત્યારબાદ, પ્રખ્યાત ખેલાડીઓ દ્વારા સ્ટેજ પર બધા મહેમાનોનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના યુવા બાબતો અને રમતગમત સચિવ શ્રી ટી. અરુણએ સ્વાગત પ્રવચન આપતાં ઉપસ્થિત પ્રતિષ્ઠિત મહેમાનોનું સ્વાગત કર્યું અને તેમને કેન્દ્રશાસિત પ્રદેશમાં રમતગમતના માળખાગત વિકાસ અને ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ, ૨૦૨૫ના આયોજન વિશે માહિતી આપી હતી. પુડુચેરીના માનનીય લેફ્ટનન્ટ ગવર્નર શ્રી કે. કૈલાશનાથને પોતાના સંબોધનમાં કહ્યું કે ભલે તેમનું જન્મસ્થળ કેરળ છે, પરંતુ તેમની કર્મભૂમિ લાંબા સમયથી ગુજરાત છે. ગુજરાતી, કેરળ અને અંગ્રેજીમાં પોતાનું ભાષણ આપતાં તેમણે કહ્યું કે ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ, ૨૦૨૫ એ પાયાના સ્તરે રમતગમતને મજબૂત બનાવવાનું એક અસરકારક માધ્યમ છે અને માનનીય પ્રધાનમંત્રીના નેતૃત્વમાં, હવે સ્પષ્ટપણે દેખાય છે કે ભારતના દરિયાકિનારા માત્ર પર્યટનના કેન્દ્રો જ નહીં પરંતુ બીચ સ્પોર્ટ્સના પણ મજબૂત કેન્દ્રો છે. તેમણે ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ, ૨૦૨૫માં આમંત્રણ આપવા બદલ માનનીય પ્રશાસક શ્રી પ્રફુલ્લ પટેલનો આભાર માન્યો હતો.

### અધિકારીઓની કામગીરીમાં મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે

# ડો. વિક્રાંત પાંડેની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સચિવ તરીકે નિમણૂક

। ગાંધીનગર, તા.૨૦ ।

ગુજરાતના રાજ્યપાલ વતી જારી થયેલી રાજ્ય સરકારની એક સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર, શ્રીમતી અવંતિકા સિંહ ઔલખને બઢતી આપીને મુખ્યપ્રધાનના એડિશનલ પ્રિન્સિપલ સેક્રેટરી બનાવવામાં આવ્યા છે. તેઓ અત્યાર સુધી મુખ્યમંત્રીના સચિવ તરીકેનો હોદ્દો સંભાળતા હતા.તે સાથે મુખ્યપ્રધાનના સચિવપદે ડૉ. વિક્રાંત પાંડેની નિમણૂક કરવામાં આવી છે. ડૉ. પાંડે અત્યાર સુધી નવી દિલ્હીમાં ગુજરાત સરકારના રેસિડેન્ટ



કમિશનર તરીકે કામગીરી કરતા હતા. વિક્રાંત પાંડે દિલ્હીમાં ડેપ્યુટેશન પર છે, તેમને મુખ્યમંત્રીના સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે, જ્યારે હાલના સચિવ અવંતિકા સિંહ, જેઓ આ પદના હોદ્દા સાથે છે, તેઓ હવે એડિશનલ પ્રિન્સિપલ સચિવ તરીકે કાર્ય કરશે. મુખ્યમંત્રીની કચેરીમાં ત્રણ IAS અધિકારીઓ હોય છે. જોકે, પંકજ જોશી, જેઓ મુખ્યમંત્રીના એડિશનલ ચીફ સચિવ તરીકે સેવા આપી રહ્યા હતા, તેમને જાન્યુઆરીના અંતમાં ચીફ સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી હતી, ત્યારથી મુખ્યમંત્રીની કચેરીમાં એક IAS પદ ખાલી હતું. હવે, ચાર મહિના બાદ, ૨૦૦૫ બેચના ગુજરાત કેડરના IAS અધિકારી વિક્રાંત પાંડેને સચિવ તરીકે નિમણૂક કરવામાં આવ્યા છે. તેઓ હાલમાં દિલ્હીમાં ગુજરાતના રેસિડેન્ટ કમિશનર તરીકે ડેપ્યુટેશન પર સેવા આપી રહ્યા છે.

### શિક્ષણ બોર્ડે ફોર્મ ભરવાની મુદતમાં વધારો કર્યો

# ધો.૧૨ની પૂરક પરીક્ષા માટે હવે ૨૧મી સુધી ફોર્મ ભરી શકાશે

## પૂરક પરીક્ષા માટેના આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ પરથી ઓનલાઈન ભરવાના રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ની પૂરક પરીક્ષા માટે આવેદનપત્રો ભરવાની મુદતમાં વધારો કર્યો હોવાનું જાણવા મળે છે. ફોર્મ ભરવાના અંતિમ દિવસે હજુ ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાના લીધે હવે ૨૧ મે સુધી ફોર્મ સ્વીકારવાનું નક્કી કરાયું છે.

આમ, હવે ૨૧મી સુધી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા પૂરક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરીક્ષા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫માં લેવામાં આવી હતી. જેના પરિણામ તાજેતરમાં જાહેર કરવામાં આવ્યા હતા.

જેમાં જે વિદ્યાર્થીઓ એક કે તેથી વધુ વિષયમાં ગેરહાજર રહેલા હોય અથવા એક કે તેથી વધુ વિષયોમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ વર્ષ-૨૦૨૫ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. આ ઉપરાંત ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ પાસ થયેલા છે, પરંતુ પોતાના પરિણામને સુધારવા માગે છે તેવા વિદ્યાર્થીઓ પણ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.પૂરક પરીક્ષા માટેના આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન ભરવાના રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા અને ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફક્ત ઓનલાઈન માધ્યમથી જ કરવાની રહેશે.

આવેદનપત્ર રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વીકારવાની પદ્ધતિ અમલમાં નથી. જેથી વિદ્યાર્થીઓની યાદી બોર્ડને મોકલવાની રહેતી નથી. પરીક્ષાનું ઓનલાઈન આવેદન કરવાની તથા ફી ભરવાની કામગીરી કરવા માટેની અંતિમ તારીખ ૧૯ મે સુધી નક્કી કરવામાં આવી હતી, પરંતુ હજુ ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાનું જણાતા બોર્ડ દ્વારા મુદત વધારવામાં આવી છે. જે અનુસાર હવે ૨૧ મે સુધી પૂરક પરીક્ષા માટેના ફોર્મ ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારે પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલી છે. જેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી, પરંતુ પૂરક પરીક્ષા-૨૦૨૫ માટે કન્યા ઉમેદવાર કે દિવ્યાંગ ઉમેદવાર જે વિષયમાં પરીક્ષા આપવા ઈચ્છુક હોય તો તે વિષય માટેનું આવેદન ઓનલાઈન સબમીટ કરી રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. કન્યા કે દિવ્યાંગ ઉમેદવારના સીટ નંબર સામે ટીકમાર્ક કરી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

### વડોદરા ૧૦૮ની ટીમે અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને બચાવી તેના કિંમતી દાગીના પરત કર્યા

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

વડોદરા દુમાડ ચોકડી નજીક હોટેલ તુલીપ પાસે રવિવારની સાંજે અકસ્માતની ઘટના બની હતી. જેમાં ૧૦૮ની ટીમે ઘાયલ બાઈકસવારને જીવ બચાવવાનું કાર્ય જ નહીં પણ, તેમનો કિંમતી માલસામાન પરત કરી પ્રમાણિક્તાનું પ્રેરક ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું. જેમાં એક બાઈકસવાર યુવક લોડિંગ ટ્રક પાછળ ટકરાતા ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ ત્યાં પહોંચી ગઈ હતી. સમા લોકેશન પરથી ફરજ પર હાજર ૧૦૮ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઈએમટી ગંગાબેન બારિયા અને પાઈલોટ ઈસ્માઈલભાઈ દુધવાલા દ્વારા તરતજ ઘાયલને પ્રાથમિક સારવાર અપાઈ અને તેમની ગંભીર અવસ્થાને જોતા તેમને તરત એસએસજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતી. દર્દીની પાસે અંદાજે રૂ.૨.૭૫ લાખની કિંમતના દાગીના હતા. જેમાં હાર, પેન્ડલ, કાનની બુટ્ટીઓ ઉપરાંત એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો.

### મહીસાગર જિલ્લામાં પાણીની વ્યાપક બૂમો ઊઠી રહી છે

# દાહોદ અને મહીસાગર જિલ્લાના ૧૪૫ તળાવ સહિત બે નદીઓ અને પાંચ કોતરો ભરવાની કામગીરી હાથ ધરાઈ

## કડાણા સંતરામપુર અને ખાનપુર તાલુકામાં ઊનાળાની ધગધગતી ગરમીથી પાણીના સ્તર નીચા જતાં બોર-કૂવાઓમાં પાણી સૂકાઈ રહ્યું છે

। (એજન્સી) મહીસાગર, તા.૨૦ ।

મહીસાગર: જિલ્લાના કડાણા ડેમ મારફતે અલગ અલગ યોજના હેઠળ સિંચાઈ વિભાગ દ્વારા ચાલુ વર્ષે ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણીની સમસ્યાને હલ કરવા માટે અને કુવા બોરના નીચે જતા રહેલ પાણીના તટ ઉંચા આવે તે માટે સિંચાઈ વિભાગ દ્વારા દાહોદ જિલ્લામાં તેમજ મહીસાગર જિલ્લાના ૧૪૫ તળાવ સહિત બે નદીઓ અને પાંચ કોતરો ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના કારણે પાણીની વિકટ પરિસ્થિતિ ઉભી ના થાય અને પશુપંખીઓને તેમજ માનવ જાતને પીવાનું પાણી મળી રહે તેવા હેતુથી તળાવો ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉનાળો આકરો બન્યો છે આકરા તાપના કારણે બોર કુવા સહિત હેડપમ્પના પાણીના તટ નીચા જતા રહયા છે. મહીસાગર જિલ્લામાં પાણીની વ્યાપક બૂમો ઊઠી રહી છે. જિલ્લાના કડાણા સંતરામપુર અને ખાનપુર તાલુકામાં ઊનાળાની ધગધગતી ગરમીથી પાણીના સ્તર નીચા જતાં બોર-કૂવાઓમાં પાણી સૂકાઈ રહ્યું છે. ત્યારે સિંચાઈની વ્યવસ્થા માટે ખેડુતોની માંગ ઉગ્ર બની હતી. ત્યારે ખેડુતોને સિંચાઈની સમસ્યા ન સર્જાય તે માટે કડાણા ડેમ મારફતે નીકળતી કડાણા સિંચાઈ વિભાગ દ્વારા અલગ અલગ ચિંચાઈ યોજના દ્વારા જિલ્લાના તળાવોમાં મહી નદીના નીર ઠાલવવામાં આવ્યા છે. કડાણા જળાશય યોજના આધારિત શિયાલ-શામળા ઉદવહન સિંચાઈ યોજના ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર તેમજ ખાનપુર પાદેડી જેવી ૮ અલગ અલગ યોજનાઓ અંતર્ગત મહીસાગર જિલ્લાના ૧૪૫ જેટલા તળાવો પાંચ કોતરો અને બે નદીઓમાં પાણી ભરવામાં આવી રહ્યા છે. સિંચાઈ વિભાગ દ્વારા શિયાલ શામળા ઉદ્વવહન યોજના હેઠળ ૨૫ કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર હેઠળ ૨૦ ખાનપુર પાદેડી ઉદવહન સિંચાઈ યોજનાથી ખાનપુર તાલુકાના ૧૫ તળાવો અને ૪ કોતર, મોરલનાકા બાબરી ઉદવહન સિંચાઈ યોજનાથી સંતરામપુર તાલુકાના ૧૪ તળાવો અને ૨ નદી, જ્યારે કડાણા દાહોદ ઉદવહન સિંચાઈ યોજનાથી સંતરામપુર તાલુકાના પાંચ તળાવોમાં પાણીથી ભરવામાં આવી રહ્યા છે.

### દાણીલીમડામાં બિલ્ડર પાસે રૂપિયા પરત માગતા વેપારીને તલવારના ઘા માર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

દાણીલીમડામાં વેપારીએ રૂપિયા પરત માગતા બિલ્ડર સહિત ચાર શખ્સોએ વેપારીને તલવારનો ઘા મારીને લોહીલુહાણ કર્યો હતો. વેપારીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર બિલ્ડરે કાલુપુરમાં ફ્લેટની સ્કીમ બહાર પાડી હતી. આ સ્કીમમાં વેપારીએ રૂપિયા આપીને ફ્લેટ બુક કરાવ્યો હતો. પરંતુ બાદમાં ગેરકાયદે જગ્યા પર બિલ્ડરે ફ્લેટ બનાવ્યો હોવાથી એએમસીએ તોડી પાડ્યો હતો. જેથી વેપારીએ રૂપિયા પરત માગતા તલવારના ઘા માર્યા હતા. આ અંગે વેપારીએ બિલ્ડર સહિત ચાર શખ્સો સામે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

દરિયાપુરમાં રહેતા અબ્દુલસમદ શેખ સ્ક્રેપનો ધંધો કરે છે. પાંચેક વર્ષ પહેલા અબ્દુલરહેમાન પઠાણે કાલુપુરમાં ફ્લેટની સ્કીમ બહાર પાડી હતી. તેમાં વેપારી અબ્દુલસમદે પોતાનો એક ફ્લેટ બુક કરાવ્યો હતો અને એડવાન્સ પેટે રૂ.૭ લાખ બિલ્ડરને આપ્યા હતા. છ મહિના બાદ ગેરકાયદે જગ્યા પર સ્કીમ બનાવી હોવાથી એએમસીએ ફ્લેટને તોડી પાડ્યો હતો. ત્યારબાદ વેપારી અબ્દુલસમદે બિલ્ડર અબ્દુલ રહેમાન પાસે ફ્લેટના એડવાન્સ પેટે જે રૂપિયા આપ્યા હતા તે પરત માગતા રૂ.૧.૮૦ લાખ આપ્યા હતા. બાકીના રૂ.૫.૨૦ લાખ આપ્યા ન હતા. ગત ૧૮મેએ વેપારીએ બિલ્ડર અબ્દુલ રહેમાનને ફોન કરીને રૂપિયાની માગણી કરતા તેને અબ્દુલસમદને દાણીલીમડામાં આવેલી બીજી નવી સાઈટ બનતી હતી, ત્યાં બોલાવ્યો હતો. જેથી અબ્દુલસમદ ત્યાં ગયો હતો. ત્યાં અબ્દુલ રહેમાન, તેનો ભાઈ અબ્દુલ રજાક, અબ્દુલરૌફ તથા સાજીદ ત્યાં હાજર હતા.

### શેર માર્કેટમાં રોકાણ કરવાનું કહીને મુંબઈના યુવકે ઠગાઈ આચરી

# ૭ દિવસમાં બમણું વળતર મળશે કહીને વૃદ્ધના ૫.૯૧ લાખ લઈ ગઠિયો રફુચક્કર

## વૃદ્ધાએ પોતાની સાથે થયેલી ઠગાઈ અંગેની ફરિયાદ દાણીલીમડા પોલીસમાં નોધાવતા તપાસ શરૂ કરવામાં આવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

દાણીલીમડામાં રહેતા અને બેંક મેનેજરની પોસ્ટ પરથી નિવૃત્ત થયેલા વૃદ્ધને સાત દિવસમાં બમણા વળતરની લાલચ ભારે પડી હતી. લાલચમાં આવીને વૃદ્ધે ૫.૯૧ લાખ રૂપિયા મુંબઈના અજાણ્યા યુવકને રોકાણ કરવા સારું આપી દીધા અને ગઠિયો રૂપિયા લઈને રફફુચક્કર થઈ ગયો હતો. વૃદ્ધે અનેક પ્રયાસો કર્યા છતાં ગઠિયાએ રૂપિયા નહીં આપતા આ મામલે ગઠિયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બહેરામપુરામાં કમલા નહેરુ સોસાયટીમાં રહેતા અને વર્ષ ૨૦૨૧માં બેંકમાંથી બ્રાંચ મેનેજરની પોસ્ટ પરથી નિવૃત્ત થયેલા નવીનચંદ્ર ચૌહાણ (૬૫) તેની પત્ની અને પરિવાર સાથે રહે છે. નિવૃત્તિ બાદ ગ્રેજ્યુઈટી અને પીએફના રૂપિયાનો સારી જગ્યાએ રોકાણ કરવાના વિચાર સાથે નવીનચંદ્ર સ્ટોક માર્કેટમાં રોકાણ કરવા માટે થઈને અલગ-અલગ ડીમેટ એકાઉન્ટ ખોલાવ્યા અને એડવાઈઝરની મદદથી રોકાણ કરતા હતા.

આ દરમિયાન તેમની મુલાકાત મુંબઈના રહેવાસી હર્ષિત અગ્રવાલ સાથે થઈ હતી. ત્યારબાદ યુવકે વૃદ્ધને સાત દિવસમાં કરેલા રોકાણમાં બમણો ફાયદો અપ ાવીશ કહીને વિશ્વાસ અપાવ્યો હતો. વૃદ્ધને વિશ્વાસ આવતા વર્ષ ૨૦૨૪ના ઓક્ટોબર મહિનામાં ટુકડે-ટુકડે કરીને કુલ ૬.૨૩ લાખ રૂપિયાનું રોકાણ જુદી-જુદી સ્કીમોમાં કર્યું હતું. થોડા મહિના સુધી ગઠિયાએ વૃદ્ધને વળતર સ્વરૂપે નાનકડી રકમ ચૂકવતો જેથી વૃદ્ધ ગઠિયાના વિશ્વાસમાં આવી ગયા હતા. બાદમાં ગઠિયાએ પોતાનો રંગ બતાડવાનું ચાલુ કર્યું હતું અને રૂપિયા આપવાની તારીખે ગોળ-ગોળ વાતો કરીને બહાના આપવા લાગ્યો હતો. વૃદ્ધે કડકાઈ પૂર્વક ઉઘરાણી કરતા આરોપીએ માત્ર ૩૨ હજાર રૂપિયા આપ્યા અને બાકીના ૫.૯૧ લાખ આપવામાં બહાના બતાવવા લાગ્યો હતો. છેલ્લા એક વર્ષથી વૃદ્ધ આરોપી યુવક પાસે પોતાના રૂપિયા માંગતા હતા. પરંતુ હર્ષિત અગ્રવાલ રોજ નવા બહાના વૃદ્ધને આપ્યા કરતો હતો. આખરે વૃદ્ધે આ મામલે ૫.૯૧ લાખ રૂપિયાની ઠગાઈ પોતાની સાથે થઈ હોવા અંગેની ફરિયાદ દાણીલીમડા પોલીસમાં નોંધાવી તપાસ શરૂ કરવામાં આવી છે.